حٰمٓ ٢٦ الاحقاف ٤٦

سُورَةُ الْاَحْقَافِ مَكِّيَّةٌ وَهِيَ خَمْسٌ وَّثَلٰثُوْنَ اٰيَةً وَّاَرْبَعُ رُكُوْعَاتٍ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

حٰمٓ ﴿١﴾ تَنْزِيْلُ الْكِتٰبِ مِنَ اللّٰهِ الْعَزِيْزِ الْحَكِيْمِ ﴿٢﴾
مَا خَلَقْنَا السَّمٰوٰتِ وَالْاَرْضَ وَمَا بَيْنَهُمَآ اِلَّا بِالْحَقِّ
وَاَجَلٍ مُّسَمًّى ۗ وَالَّذِيْنَ كَفَرُوْا عَمَّآ اُنْذِرُوْا مُعْرِضُوْنَ ﴿٣﴾
قُلْ اَرَءَيْتُمْ مَّا تَدْعُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ اَرُوْنِيْ مَاذَا
خَلَقُوْا مِنَ الْاَرْضِ اَمْ لَهُمْ شِرْكٌ فِي السَّمٰوٰتِ ۚ
اِيْتُوْنِيْ بِكِتٰبٍ مِّنْ قَبْلِ هٰذَآ اَوْ اَثٰرَةٍ مِّنْ عِلْمٍ اِنْ
كُنْتُمْ صٰدِقِيْنَ ﴿٤﴾ وَمَنْ اَضَلُّ مِمَّنْ يَّدْعُوْا مِنْ دُوْنِ
اللّٰهِ مَنْ لَّا يَسْتَجِيْبُ لَهٗٓ اِلٰى يَوْمِ الْقِيٰمَةِ وَهُمْ عَنْ دُعَآئِهِمْ
غٰفِلُوْنَ ﴿٥﴾ وَاِذَا حُشِرَ النَّاسُ كَانُوْا لَهُمْ اَعْدَآءً

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[1]**

આ કિતાબ[2] ઉતારવું અલ્લાહ ઇજ્જત અને હિકમતવાળા તરફથી છે (૨) અને આકાશ અને પૃથ્વી અને જે કંઇ એમની વચમાં છે તે (બધું) સત્ય સાથે[3] બનાવ્યું છે અને એક ચોક્કસ સમય મર્યાદા મુજબ[4]. અને કાફિરો જે વાતથી ડરાવવામાં આવ્યા[5] તેનાથી મોઢું ફેરવેલા છે[6] (૩) તમે ફરમાવો, 'કહો તો ખરા કે તે જે તમે અલ્લાહ સિવાય પૂજો છો[7] મને દેખાડો કે તેમણે પૃથ્વીનો ક્યો કણ બનાવ્યો ? અથવા (શું) આકાશમાં તેમને કંઇ ભાગ છે ? આનાથી આગલી કોઇ કિતાબ[8] મારી પાસે લાવો અથવા કંઇ વધેલું ઇલ્મ[9] જો તમે સાચા હોવ તો[10] (૪) અને તેનાથી વધીને ભટકેલો કોણ જે અલ્લાહ સિવાય એવાઓને પૂજે[11] જે કયામત સુધી તેનું સાંભળે નહિ અને તેમને તેની પૂજાની ખબર સુધ્ધા નથી[12] (૫) અને જ્યારે લોકોનો હશ્ર થશે ત્યારે તેઓ એમના દુશ્મન હશે[13] અને એમના

૧. સૂરએ અહકાફ મક્કીય્યહ છે પરંતુ અમુક લોકો પાસે એની અમુક આયતો મદની છે જેમકે ''કુલ અરઅયતુમ'' અને ''ફસ્બિર કમા સબર વાળી આયતો'' અને ''વ વસ્સયનલ ઇન્સાન'' થી લઇને ત્રણ આયતો. આ સૂરહમાં ચાર રૂકૂઅ અને ૩૫ આયતો અને ૬૨૪ શબ્દો અને ૨૫૫૫ અક્ષરો છે.

૨. અર્થાત કુરઆન શરીફ.

૩. જે અમારી કુદરત અને વહદાનિયત પ્રતિ નિર્દેશ કરે.

૪. તે સમય મર્યાદા કયામતનો દિવસ છે જેના આગમનથી આકાશ અને પૃથ્વીનો અંત આવી જશે.

૫. તે વસ્તુનો ઇશારો યા તો અઝાબ તરફ છે અથવા કયામતના દિવસની ભયાનકતા અથવા કુર-આને પાક જે હશ્ર અને હિસાબનો ખૌફ અપાવે છે.

૬. કે એના પર ઇમાન લાવતા નથી.

૭. અર્થાત મૂર્તિઓ જેમને મઅબૂદ ઠેરવો છો.

૮. જે અલ્લાહ તઆલાએ કુરઆન પહેલાં ઉતારી હોય. મતલબ એ છે કે આ કિતાબ એટલે કે કુરઆન મજીદ તવહીદ અને શિર્કના રદિયા બાબત એલાન કરનાર છે અને એનાથી પહેલાં જે કિતાબ પણ અલ્લાહ તરફથી આવી તેમાં એ જ વર્ણન છે. તમે અલ્લાહની કિતાબોમાંથી કોઇ એક કિતાબ પણ એવી લાવો જેમાં તમારા ધર્મ (મૂર્તિપૂજા)ની ગવાહી હોય.

૯. આગલાઓનું.

૧૦. પોતાના એ દાવામાં કે અલ્લાહનો કોઇ શરીક છે જેની ઇબાદતનો તેણે તમને હુક્મ આપ્યો છે.

**વિરોધી બની જશે[૧૪] (૬) અને જ્યારે એમની સમક્ષ[૧૫] અમારી સ્પષ્ટ આયતો પઢવામાં આવે ત્યારે કાફિરો પોતાની પાસે આવેલા સત્યને[૧૬] કહે છે કે; આ તો ખુલ્લો જાદુ છે[૧૭] (૭) શું એવું કહે છે કે; એમણે આને પોતાના તરફથી ઉપજાવી કાઢયું છે ?[૧૮] તમે ફરમાવો; જો મેં આને ઉપજાવી કાઢયું હશે તો તમે અલ્લાહ સ્હામે મારો કશો અધિકાર ધરાવતા નથી.[૧૯] તે સારી રીતે જાણે છે જે વાતોમાં તમે મગ્ન છો[૨૦] અને તે મારી તમારી વચ્ચે પુરતો સાક્ષી છે અને તે જ માફ કરનાર મહેરબાન છે[૨૧] (૮) તમે ફરમાવો; 'હું કંઇ નવી જાતનો રસૂલ નથી[૨૨] અને હું નથી જાણતો મારી સાથે શું કરવામાં આવશે અને તમારી સાથે શું (કરવામાં આવશે)[૨૩] હું તો તેના જ તાબે છું જે વહી મને થાય છે[૨૪] અને હું તો નથી પણ સ્પષ્ટ ડર સંભળાવનાર' (૯) તમે ફરમાવો; 'જરા જુઓ તો કે જો કુરઆન અલ્લાહ તરફથી હોય અને (છતાં) તમે એનો ઇન્કાર કર્યો અને બની ઇસરાઇલનો એક સાક્ષી[૨૫] એ બાબત ગવાહી આપી ચૂકયો[૨૬] તો તે ઇમાન લાવ્યો અને તમે અભિમાન કર્યું[૨૭] ? બેશક ! અલ્લાહ માર્ગ આપતો નથી જુલ્મીઓને (૧૦) અને કાફિરોએ મુસલ-માનોને કહ્યું; 'જો આમાં[૨૮] કંઇ ભલાઇ હોત તો એ[૨૯]**

حٰمٓ ٢٦ الاحقاف ٤٦

وَكَانُوْا بِعِبَادَتِهِمْ كٰفِرِيْنَ ﴿٦﴾ وَاِذَا تُتْلٰى عَلَيْهِمْ اٰيٰتُنَا
بَيِّنٰتٍ قَالَ الَّذِيْنَ كَفَرُوْا لِلْحَقِّ لَمَّا جَآءَهُمْ ۙ هٰذَا
سِحْرٌ مُّبِيْنٌ ﴿٧﴾ اَمْ يَقُوْلُوْنَ افْتَرٰىهُ ؕ قُلْ اِنِ افْتَرَيْتُهٗ
فَلَا تَمْلِكُوْنَ لِيْ مِنَ اللّٰهِ شَيْئًا ؕ هُوَ اَعْلَمُ بِمَا تُفِيْضُوْنَ
فِيْهِ ؕ كَفٰى بِهٖ شَهِيْدًۢا بَيْنِيْ وَبَيْنَكُمْ ؕ وَهُوَ الْغَفُوْرُ الرَّحِيْمُ ﴿٨﴾
قُلْ مَا كُنْتُ بِدْعًا مِّنَ الرُّسُلِ وَمَآ اَدْرِيْ مَا يُفْعَلُ
بِيْ وَلَا بِكُمْ ؕ اِنْ اَتَّبِعُ اِلَّا مَا يُوْحٰٓى اِلَيَّ وَمَآ اَنَا اِلَّا نَذِيْرٌ
مُّبِيْنٌ ﴿٩﴾ قُلْ اَرَءَيْتُمْ اِنْ كَانَ مِنْ عِنْدِ اللّٰهِ وَكَفَرْتُمْ
بِهٖ وَشَهِدَ شَاهِدٌ مِّنْۢ بَنِيْٓ اِسْرَآءِيْلَ عَلٰى مِثْلِهٖ فَاٰمَنَ
وَاسْتَكْبَرْتُمْ ؕ اِنَّ اللّٰهَ لَا يَهْدِي الْقَوْمَ الظّٰلِمِيْنَ ﴿١٠﴾
وَقَالَ الَّذِيْنَ كَفَرُوْا لِلَّذِيْنَ اٰمَنُوْا لَوْ كَانَ خَيْرًا مَّا

૧૧. અર્થાત મૂર્તિઓને.

૧૨. કારણ કે તેઓ જડ નિર્જીવ છે.

૧૩. અર્થાત મૂર્તિઓ પોતાના પૂજારીઓની.

૧૪. અને કહેશે કે; અમે એમને અમારી ઇબાદત કરવાનું કહ્યું નથી વાસ્તવમાં તેઓ પોતાની મને-ચ્છાઓના પૂજારી હતા.

૧૫. અર્થાત મક્કાવાસીઓ સ્હામે.

૧૬. અર્થાત કુરઆન શરીફને વિચાર અને મનન કર્યા વગર અને સારી રીતે સાંભળ્યા વિના.

૧૭. કે એના જાદુ હોવામાં શંકા નથી અને એનાથી પણ ખરાબ વાત કહે છે જેનું વર્ણન આગળ થાય છે.

૧૮. અર્થાત સૈયદે આલમ મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે.

૧૯. અર્થાત જો હું મારા મનથી ઘડી કાઢત અને તેને અલ્લાહના કલામ તરીકે ઓળખાવત તો એ તો અલ્લાહ પર આક્ષેપ મૂકેલો કહેવાત અને અલ્લાહ તઆલા આવો આક્ષેપ મૂકનારને જલ્દી સજામાં સપડાવે છે, તમને તો એ તાકાત નથી કે તમે મને સજામાંથી છોડવી શકો અથવા તેના અઝાબને હટાવી શકો, તો હું તમારા કારણે અલ્લાહ પર આક્ષેપ મૂકું એ કેવી રીતે બની શકે ?

૨૦. અને જે કંઇ કુરઆને પાક વિષે કહો છો.

૨૧. અર્થાત જો તમે કુફ્રથી તવબહ કરીને ઇમાન લાવશો તો અલ્લાહ તઆલા તમને માફ કરી દેશે અને તમારા પર મહેરબાની કરશે.

અમારી આગળ તેના સુધી પહોંચી જાત નહિ[૩૦]' અને જ્યારે તેઓને એનું સદ્‌ભાગ્ય સાંપડયું નહિ ત્યારે હવે[૩૧] કહેશે; 'આ તો જુનો આક્ષેપ છે' (૧૧) અને આથી પહેલાં મૂસાની કિતાબ[૩૨] છે આગેવાન અને મહેરબાની, અને આ કિતાબ છે સત્યતાને ટેકો આપતી[૩૩] અરબી ભાષામાં કે (જેથી) જુલ્મીઓને ડર સંભળાવે અને નેક લોકોને ખુશખબર (૧૨) બેશક ! તેઓ જેમણે કહ્યું; 'અમારો પરવરદિગાર અલ્લાહ છે' પછી (તેના પર) અટલ રહ્યા,[૩૪] ન તેમને બ્હીક[૩૫] ન તેમને ચિંતા[૩૬] (૧૩) તેઓ જન્નતવાળાઓ છે હંમેશા તેમાં રહેશે તેમનાં કર્મોનું ઇનામ (૧૪) અને અમે માનવીને આદેશ આપ્યો કે પોતાનાં માં-બાપ સાથે ભલાઇ કરે, તેની માંએ તેને પેટમાં રાખ્યો, કષ્ટ વેઠીને, અને તકલીફ વેઠીને તેને જણ્યો, અને તેને ઊંચકી ઊંચકીને ફરવું અને તેનું દૂધ છોડાવવું ત્રીસ મહીનાઓમાં છે.[૩૭] એટલે સુધી કે જ્યારે પોતાની તાકાતે પહોંચ્યો[૩૮] અને ચાળીસ વરસનો થયો[૩૯] (ત્યારે) કહ્યું; 'અય મારા રબ ! મારા હૃદયમાં નાખ કે હું તારી નેઅમતનો આભાર માનું જે તેં મારા પર અને મારા માં-બાપ પર કરી[૪૦] અને હું તે કામ કરૂં જે તને ગમે[૪૧]

حٰمٓ ٢٦ الاحقاف ٤٦

سَبَقُوْنَآ اِلَيْهِ ۚ وَاِذْ لَمْ يَهْتَدُوْا بِهٖ فَسَيَقُوْلُوْنَ هٰذَآ
اِفْكٌ قَدِيْمٌ ⑪ وَمِنْ قَبْلِهٖ كِتٰبُ مُوْسٰٓى اِمَامًا وَّرَحْمَةً ۚ
وَهٰذَا كِتٰبٌ مُّصَدِّقٌ لِّسَانًا عَرَبِيًّا لِّيُنْذِرَ الَّذِيْنَ
ظَلَمُوْا ۖ وَبُشْرٰى لِلْمُحْسِنِيْنَ ⑫ اِنَّ الَّذِيْنَ قَالُوْا رَبُّنَا
اللّٰهُ ثُمَّ اسْتَقَامُوْا فَلَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ⑬
اُولٰٓئِكَ اَصْحٰبُ الْجَنَّةِ خٰلِدِيْنَ فِيْهَا ۚ جَزَآءًۢ بِمَا كَانُوْا
يَعْمَلُوْنَ ⑭ وَوَصَّيْنَا الْاِنْسَانَ بِوَالِدَيْهِ اِحْسٰنًا ۖ حَمَلَتْهُ
اُمُّهٗ كُرْهًا وَّوَضَعَتْهُ كُرْهًا ۖ وَحَمْلُهٗ وَفِصٰلُهٗ ثَلٰثُوْنَ
شَهْرًا ۖ حَتّٰٓى اِذَا بَلَغَ اَشُدَّهٗ وَبَلَغَ اَرْبَعِيْنَ سَنَةً ۙ قَالَ
رَبِّ اَوْزِعْنِيْٓ اَنْ اَشْكُرَ نِعْمَتَكَ الَّتِيْٓ اَنْعَمْتَ عَلَيَّ
وَعَلٰى وَالِدَيَّ وَاَنْ اَعْمَلَ صَالِحًا تَرْضٰىهُ وَاَصْلِحْ

૨૨. મારી આગળ પણ રસૂલ આવી ચૂક્યા છે તો પછી તમે શા માટે નબુવ્વતને નકારો છો ?

૨૩. આના અર્થમાં તફસીરકારોનાં અમુક કથનો છે. એક તો એ કે કયામતમાં મારી તમારી સાથે જે કંઇ કરવામાં આવશે તેની મને જાણ નથી જો આ અર્થ હોય તો આ આયત મન્સૂખ ગણાશે. રિવાયતમાં છે કે જ્યારે આ આયત ઉતરી ત્યારે મુશરિકો ખુશ થયા અને કહેવા લાગ્યા કે લાત અને ઉઝઝાની કસમ ! અલ્લાહ તઆલા પાસે અમારી અને મોહંમદ (મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)ની હાલત સરખી છે તેમને અમારી ઉપર જરા પણ શ્રેષ્ઠતા પ્રાપ્ત નથી જો આ કુરઆન તેમનું પોતાનું બનાવી કાઢેલું ન હોત તો એમને મોકલનાર તેમને જરૂર ખબર આપત કે તે તેમની સાથે શું કરશે ? ત્યારે અલ્લાહે આ આયત ઉતારી કે ''લિયગફિર લકલ્લાહુ મા તકદ્દમ મિન ઝંબિક વમા તઅખ્ખર.'' સહાબાએ કહ્યું કે; યા રસૂલલ્લાહ ! મુબારક હો. આપને તો જાણ થઇ ગઇ કે આપની સાથે શું કરવામાં આવશે હવે અમને એનો ઇન્તેઝાર છે કે અમારી સાથે શું કરશે. ત્યારે અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી કે ''લિયુદખિલલ મુઅમિનીન વલ મુઅમિનાતે જન્નાતિન તજરી મિન તહતિહલ અન્હાર'' અને આ આયત ઉતરી ''બશ્શિરિલ મુઅમિનીન બિઅન્ન લહુમ મિનલ્લાહે ફદલન કબીરા.'' તો અલ્લાહ તઆલાએ વર્ણવી દીધું કે હુઝૂર સાથે અને મુઅમિનો સાથે શું કરશે.

આયતની તફસીરમાં બીજું કથન એ છે કે, આખેરતની હાલત તો હુઝૂર પોતાની પણ જાણે છે અને મુઅમિનોની પણ તેમજ જૂઠાડનારાઓની પણ. મતલબ એ છે કે દુનિયામાં શું કરવામાં આવશે તેની ખબર નથી. જો એ અર્થ લેવામાં આવે તો પણ આયત મન્સૂખ ગણાશે, અલ્લાહ તઆલાએ હુઝૂરને એની પણ જાણ

કરી આપેલી છે ''લિયુઝહિરહૂ અલદ દીને કુલ્લિહ'' અને ''માકાનલ્લાહુ લિયઅઝઝબહુમ વઅન્ત ફીહિમ''. ગમે તેમ. અલ્લાહે પોતાના હબીબ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને તેમની પોતાની સાથે અને આપની ઉમ્મત સાથે થનાર મામલાઓની જાણકારી આપી દીધી પછી તે દુનિયાના મામલાઓ હોય કે આખેરતના. અને જો 'નથી જાણતો' નો અર્થ અનુમાનથી નથી જાણતો એવો લેવામાં આવે તો વાત વધુ સ્પષ્ટ છે અને આયતનું ત્યાર પછીનું વાક્ય એને ટેકો આપે છે. અલ્લામહ નીશાપૂરીએ આ આયત હેઠળ ફરમાવ્યું છે કે; આમાં પોતાની જાતે જાણી લેવાનો નકાર છે વહી મારફત જાણવાનો નહિ.

૨૪. અર્થાત હું જે કંઇ જાણું છું તે અલ્લાહ તઆલાના જણાવવાથી જાણું છું.

૨૫. તેઓ હઝરત અબ્દુલ્લાહ બિન સલામ છે જેઓ નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પર ઇમાન લાવ્યા અને આપની નબુવ્વત સાચી હોવાની સાક્ષી આપી.

૨૬. કે તે કુરઆન શરીફ અલ્લાહ તઆલા તરફથી છે.

૨૭. અને ઇમાનથી વંચિત રહ્યા તો એનું પરિણામ બીજું શું થવાનું છે ?

૨૮. અર્થાત મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના દીનમાં.

૨૯. ગરીબ લોકો...

૩૦. **શાને નુઝૂલ** :- આ આયત મક્કાના મુશરિકો બાબત ઉતરી જેઓ કહેતા હતા કે; જો દીને મોહંમદી સત્ય હોત તો ફલાણો ફલાણો એને અમારાથી પહેલાં કેવી રીતે સ્વીકારી લેત ?

૩૧. હસદખોરીના કારણે કુરઆન શરીફને.....

૩૨. તવરાત.

૩૩. આગલી કિતાબોની.

૩૪. અલ્લાહ તઆલાની તવહીદ અને સય્યિદે આલમ મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લ-મની શરીઅત પર છેલ્લા શ્વાસ સુધી.

૩૫. કયામતમાં.

૩૬. મૃત્યુ સમયે.

૩૭. **મસઅલો** :- આ આયતથી સાબિત થાય છે કે હમલની ઓછામાં ઓછી મુદ્દત છ મહીના છે કારણ કે જ્યારે દૂધ છોડાવવાની મુદ્દત બે વરસ છે જેવું કે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું 'હવલૈને કામેલૈન' તો પછી હમલ માટે ૬ મહીના વધ્યા. હઝરત ઇમામ યૂસુફ અને હઝરત ઇમામ મોહંમદ રહ્‌મહુમલ્લાહનું કથન એવું જ છે. અને હઝરત ઇમામે આઝમ રદીયલ્લાહુ તઆલા અન્હૂના મંતવ્યાનુસાર આ આયતથી દૂધ પીવાડવાની મુદ્દત અઢી વરસની સાબિત થાય છે. આ મસ્‌અલાની ગિતો તેની દલીલો સહીત ઉસૂલની કિતાબોમાં આલેખાએલી છે.

૩૮. અને બુધ્ધિ તથા તાકાત પાકી બની ગઇ. અને આ વાત ૩૦ થી ૪૦ વરસની વય સુધીમાં પ્રાપ્ત થાય છે.

૩૯. આ આયત હઝરત અબૂબક્ર સિદ્દીક રદીય્લ્લાહુ તઆલા અન્હૂ વિષે ઉતરી. આપની ઉંમર હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ કરતાં બે વરસ ઓછી હતી. જ્યારે હઝરત અબૂબક્રની ઉંમર અઢાર વરસની થઇ ત્યારે આપે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની મિત્રતા કેળવી ત્યારે હુઝૂરની વય વીસ વરસની હતી. હુઝૂરની સાથે વેપાર અર્થે સિરિયાનો પ્રવાસ ખેડયો. એક જગ્યાએ પડાવ નાંખ્યો ત્યાં બોરડીનું ઝાડ

**અને મારા માટે મારી ઔલાદમાં ભલાઇ મૂક[૪૨] હું તારા પ્રતિ કેન્દ્રિત થયો[૪૩] અને હું મુસલમાન છું[૪૪] (૧૫) આ છે તેઓ જેમની નેકીઓ અમે સ્વીકારશું[૪૫] અને તેમની ભૂલોને દરગુજર કરીશું (તેઓ) જન્નતવાળાઓમાં (છે), સાચો વાયદો જે તેમને આપવામાં આવે છે[૪૬] (૧૬) અને તે જેણે પોતાના માં-બાપને કહ્યું;[૪૭] 'ઉંહ ! મારૂં દિલ તમારાથી પાકી ગયું, 'શું મને એવો વાયદો આપો છો કે (હું) ફરી જીવંત કરવામાં આવીશ ? અને પરિસ્થિતિ એવી છે કે મારાથી પહેલાં ટોળે ટોળાં ગુજરી ચૂક્યાં[૪૮] અને તે બન્ને[૪૯] અલ્લાહને ફરિયાદ કરે છે; 'તારી ખરાબી થાય ! ઇમાન લઇ આવ, બેશક ! અલ્લાહનો વાયદો સાચો છે[૫૦]' ત્યારે કહે છે; 'આ તો કશુંય નથી સિવાય વાર્તાઓ આગલાઓની (૧૭) આ તે (લોકો) છે જેમનાં પર વાત પૂરવાર થઇ ચૂકી.[૫૧] (એ) તે જુથોમાં છે જે તેમની પહેલાં જિન્નાત અને માનવીઓનાં પસાર થઇ ગયાં. બેશક ! તેઓ ગુન્હાખોર હતા (૧૮) અને પ્રત્યેક માટે[૫૨] પોત પોતાના અમલના દરજ્જાઓ છે[૫૩] અને જેથી કે અલ્લાહ તેમનાં કર્મો તેમને પુરેપુરાં ભરી આપે.[૫૪] અને તેમની ઉપર જુલમ થશે નહિ (૧૯) અને જે દિવસે કાફિરો આગની ઉપર રજુ કરવામાં આવશે**

حم ٢٦ — الأحقاف ٤٦

لي في ذريتي إني تبت إليك وإني من المسلمين ﴿١٥﴾
أولئك الذين نتقبل عنهم أحسن ما عملوا ونتجاوز
عن سيئاتهم في أصحاب الجنة وعد الصدق الذي
كانوا يوعدون ﴿١٦﴾ والذي قال لوالديه أف لكما
أتعدانني أن أخرج وقد خلت القرون من قبلي
وهما يستغيثان الله ويلك آمن إن وعد الله حق
فيقول ما هذا إلا أساطير الأولين ﴿١٧﴾ أولئك الذين
حق عليهم القول في أمم قد خلت من قبلهم من
الجن والإنس إنهم كانوا خاسرين ﴿١٨﴾ ولكل درجات مما
عملوا وليوفيهم أعمالهم وهم لا يظلمون ﴿١٩﴾ ويوم
يعرض الذين كفروا على النار أذهبتم طيباتكم

હતું. હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ તેના છાંયડે આરામ કરવા લાગ્યા. નજીકમાં જ એક પાદરી રહેતો હતો, હઝરત સિદ્દીક તેની પાસે ગયા. પાદરીએ આપને પૂછયું કે; પેલા કોણ છે જે પેલી બોરડીના છાંયડામાં આરામ કરી રહ્યા છે ? હઝરત અબૂબક્રે કહ્યું કે; તેઓ મોહંમદ (મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) ઇબ્ને અબ્દુલ્લાહ છે, અબ્દુલ મુત્તલિબના પૌત્ર થાય છે. પાદરીએ કહ્યું કે; ખુદાની કસમ ! તેઓ નબી છે, એ બોરડીની નીચે હઝરત ઇસા અલયહિસ્સલામથી આજ સુધી એમના સિવાય કોઇ બેઠું નથી, એ જ નબીએ આખિરૂઝઝમાન છે. પાદરીની એ વાત હઝરત સિદ્દીકે અકબરના દિલમાં વસી ગઇ અને નબુવ્વતની શ્રધ્ધા આપના હૃદયમાં જામી ગઇ અને આપે હમેશાં હુઝૂરની સોહબતમાં રહેવાનું શરૂ કરી દીધું, સફર અને બિન સફર દરેક હાલતમાં આપનાથી વેગળા થતા નહિ. જ્યારે સય્યદિ આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની ઉંમર શરીફ ચાલીસ વરસની થઇ અને અલ્લાહે આપને પોતાની નબુવ્વત અને રિસાલતથી માલામાલ કર્યા (નબુવ્વતનું એલાન કર્યું) ત્યારે હઝરત સિદ્દીકે અકબર (તરત જ) આપની ઉપર ઇમાન લઇ આવ્યા. ત્યારે હઝરત અબૂબક્રની ઉંમર ૩૮ વરસની હતી. જ્યારે આપની ઉંમર ચાલીસ વરસની થઇ ત્યારે તેમણે અલ્લાહ તઆલા પાસે આ દુઆ કરી.....

૪૦. કે અમને બધાંને હિદાયત આપી અને ઇસ્લામ વડે પાવન કર્યા. હઝરત સિદ્દીકે અકબરના વાલિદ (પિતા)નું નામ અબૂકહાફા અને વાલિદહ (માતા)નું નામ ઉમ્મુલ ખૈર હતું.

૪૧. અલ્લાહ તઆલાએ આપની એ દુઆ પણ કબૂલ કરી કે આપને સદકર્મોની તે દોલત આપી કે આખી ઉમ્મતના અમલો આપના એક અમલની તોલે પણ આવી શકતા નથી. આપની નેકીઓમાંની એક

**(ત્યારે તેમને કહેવામાં આવશે); 'તમે તમારા ભાગની સ્વચ્છ વસ્તુઓ દુનિયાના જીવનમાં જ હડપ કરી ચૂક્યા અને તેમને વાપરી ચૂક્યા[૫૫] તો આજે તમને અપમાનિત કરનાર અઝાબ બદલા રૂપે આપવામાં આવશે, તમે પૃથ્વીમાં જે નાહકનું અભિમાન કરતા હતા તેનો બદલો અને આજ્ઞાઓનું ઉલ્લંઘન કરતા હતા તેનો બદલો[૫૬]' (૨૦) અને યાદ કરો આદના જ્ઞાતિ ભાઇ[૫૭]ને જ્યારે તેણે તેમને અહકાફના પ્રદેશમાં ડરાવ્યા[૫૮]. અને બેશક ! એનાથી પહેલાં ડર સંભળાવનારાઓ પસાર થઇ ચૂક્યા અને એના પછી (પણ) આવ્યા કે; 'અલ્લાહ સિવાય કોઇને પૂજો નહિ, બેશક ! મને તમારા માટે એક મોટા દિવસના અઝાબનો ભય છે' (૨૧) બોલ્યા; 'શું તમે એટલા માટે આવ્યા છો કે અમને અમારા મઅબૂદોથી ફેરવી નાંખો ? તો જો તમે સાચા હોવ[૫૯] તો જેનો વાયદો અમને આપો છો તે અમારી ઉપર લઇ આવો'[૬૦] (૨૨) તેણે કહ્યું;[૬૧] 'એની ખબર તો અલ્લાહ પાસે જ છે,[૬૨] હું તો તમને મારા પરવરદિગારના સંદેશાઓ પહોંચાડું છું. હા ! મારી સમજ મુજબ તમે નર્યા જાહિલ લોક છો'[૬૩] (૨૩) પછી જ્યારે તેમણે અઝાબ જોયો વાદળ જેવો આકાશની કોરે ફેલાએલો તેમની તળેટીઓ તરફ આવતો[૬૪] (ત્યારે) બોલ્યા; 'આ તો વાદળ છે જે આપણી ઉપર વરસાદ વરસાવશે'[૬૫] બલ્કે આ તો તે છે જેની તમે ઉતાવળ કરતા**

الاحقاف ٤٦ حٰمٓ ٢٦

فِي حَيَاتِكُمُ الدُّنْيَا وَاسْتَمْتَعْتُمْ بِهَا ۚ فَالْيَوْمَ تُجْزَوْنَ
عَذَابَ الْهُونِ بِمَا كُنْتُمْ تَسْتَكْبِرُونَ فِي الْأَرْضِ بِغَيْرِ
الْحَقِّ وَبِمَا كُنْتُمْ تَفْسُقُونَ ﴿٢٠﴾ وَاذْكُرْ أَخَا عَادٍ إِذْ أَنْذَرَ
قَوْمَهُ بِالْأَحْقَافِ وَقَدْ خَلَتِ النُّذُرُ مِنْ بَيْنِ يَدَيْهِ
وَمِنْ خَلْفِهِ أَلَّا تَعْبُدُوا إِلَّا اللَّهَ إِنِّي أَخَافُ عَلَيْكُمْ
عَذَابَ يَوْمٍ عَظِيمٍ ﴿٢١﴾ قَالُوا أَجِئْتَنَا لِتَأْفِكَنَا عَنْ آلِهَتِنَا
فَأْتِنَا بِمَا تَعِدُنَا إِنْ كُنْتَ مِنَ الصَّادِقِينَ ﴿٢٢﴾ قَالَ
إِنَّمَا الْعِلْمُ عِنْدَ اللَّهِ وَأُبَلِّغُكُمْ مَا أُرْسِلْتُ بِهِ وَلَٰكِنِّي
أَرَاكُمْ قَوْمًا تَجْهَلُونَ ﴿٢٣﴾ فَلَمَّا رَأَوْهُ عَارِضًا مُسْتَقْبِلَ
أَوْدِيَتِهِمْ قَالُوا هَٰذَا عَارِضٌ مُمْطِرُنَا ۚ بَلْ هُوَ مَا اسْتَعْجَلْتُمْ
بِهِ ۖ رِيحٌ فِيهَا عَذَابٌ أَلِيمٌ ﴿٢٤﴾ تُدَمِّرُ كُلَّ شَيْءٍ بِأَمْرِ

નેકી એ છે કે નવા ઇમાન લાવેલાઓ જેઓ ઇમાનના કારણે સખ્ત તકલીફો અને મુસીબતોમાં સપડાએલા હતા તેમને આપે સ્વતંત્ર કરી દીધા (મુસલમાનો જેઓ કાફિરોની ગુલામીમાં હતા અને કાફિરો તેમને મુસલમાન હોવાના કારણે સતામણી કરતા હતા તેમને કાફિરો પાસેથી ખરીદી લઇને આઝાદ કરી દીધા) તેમનામાંથી જ હઝરત બિલાલ રદીયલ્લાહુ અન્હૂ છે. અને આપે એવી દુઆ પણ કરી કે.....

૪૨. એ દુઆ પણ કબૂલ થઇ. અલ્લાહ તઆલાએ આપની ઔલાદમાં ભલાઇ મૂકી. આપની બધી જ ઔલાદ મુઅમિન થઇ અને તેમાં હઝરત ઉમ્મુલ મુઅમિનીન આઇશહ સિદ્દીકહ રદીયલ્લાહુ અન્હાનો મર-તબો કેટલો ઊંચો છે કે તમામ સ્ત્રીઓ પર આપને અલ્લાહ તઆલાએ શ્રેષ્ઠતા આપી. હઝરત અબૂબક્રનાં માં-બાપ પણ મુસલમાન અને આપના પુત્રો હઝરત મોહંમદ અને અબ્દુલ્લાહ અને અબ્દુર્રહમાન અને આપની પુત્રીઓ હઝરત આઇશહ અને હઝરત અસ્મા અને આપના પૌત્ર મોહંમદ બિન અબ્દુર્રહમાન એ બધાં જ મુઅમિન અને સહાબી હોવાના માન સાથે સન્માનિત છે. સહાબામાં આપની સિવાય કોઇ એવો નથી જેને આવી શ્રેષ્ઠતા પ્રાપ્ત હોય કે તેનાં માં-બાપ પણ સહાબી હોય, પોતે પણ સહાબી હોય, ઔલાદ પણ સહાબી હોય, પૌત્રો પણ સહાબી હોય. ચાર પેઢીઓ સહાબિયતનું માન ધરાવતી હોય.

૪૩. દરેક કામમાં જેમાં તારી ખુશી હોય.

૪૪. દિલથી પણ અને જબાનથી પણ.

૪૫. તે બદલ સવાબ આપીશું.

૪૬. દુનિયામાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની જબાન મુબારક વડે.

હતા. એક વાવાઝોડું છે જેમાં દુ:ખદાયક અઝાબ છે (૨૪) દરેક વસ્તુને પોતાના પરવરદિગારના હુકમથી[૬૬] તબાહ કરી નાંખે છે. તો સવારમાં એવા થઇ ગયા કે તેમનાં સુનાં ઘરો સિવાય કશું દેખાતું ન હતું. અમે અપરાધીઓને આવી જ સજા આપીએ છીએ (૨૫) અને બેશક ! અમે તેમને તે મગદૂર આપી હતી જે તમને આપી નહિ[૬૭] અને તેમના માટે કાન અને આંખ અને દિલ બનાવ્યાં[૬૮] તો તેમનાં કાન અને આંખો અને દિલ કશાં ખપ લાગ્યાં નહિ જ્યારે કે તેઓ અલ્લાહની આયતોનો ઇન્કાર કરતા હતા અને તેમને ઘેરી લીધા તે અઝાબે જેની હાંસી ઉડાડતા હતા (૨૬) અને બેશક ! અમે તમારી આજુબાજુની વસ્તીઓ[૬૯] નો વિનાશ કર્યો,[૭૦] અને જાતજાતની નિશાનીઓ લાવ્યા કે (ક્યાંક) તેઓ પાછા ફરે[૭૧] (૨૭) તો જેમને તેઓએ અલ્લાહ સિવાય નિકટતા પ્રાપ્ત કરવા માટે ખુદા બનાવી લીધા હતા[૭૨] તેમણે તેમની મદદ કેમ કરી નહિ ?[૭૩] બલ્કે તેઓ એમની પાસેથી ખોવાઇ ગયા.[૭૪] અને આ તો તેમનું બોહતાન અને આક્ષેપ છે[૭૫] (૨૮) અને જ્યારે કે અમે તમારી તરફ કેટલાએ જિન્નાત મોકલ્યા,[૭૬] કાન લગાડીને કુરઆન સાંભળતા, પછી જ્યારે ત્યાં હાજર થયા ત્યારે પરસ્પર બોલ્યા; ચૂપ રહો[૭૭]. પછી જ્યારે પઢવાનું પુરૂ થયું (ત્યારે) પોતાની

حم ٢٦ — الاحقاف ٤٦

رَبِّهَا فَأَصْبَحُوا لَا يُرَىٰ إِلَّا مَسَاكِنُهُمْ كَذَٰلِكَ نَجْزِي
الْقَوْمَ الْمُجْرِمِينَ ﴿٢٥﴾ وَلَقَدْ مَكَّنَّاهُمْ فِيمَا إِنْ مَكَّنَّاكُمْ
فِيهِ وَجَعَلْنَا لَهُمْ سَمْعًا وَأَبْصَارًا وَأَفْئِدَةً فَمَا
أَغْنَىٰ عَنْهُمْ سَمْعُهُمْ وَلَا أَبْصَارُهُمْ وَلَا أَفْئِدَتُهُمْ
مِنْ شَيْءٍ إِذْ كَانُوا يَجْحَدُونَ بِآيَاتِ اللَّهِ وَحَاقَ
بِهِمْ مَا كَانُوا بِهِ يَسْتَهْزِئُونَ ﴿٢٦﴾ وَلَقَدْ أَهْلَكْنَا مَا حَوْلَكُمْ
مِنَ الْقُرَىٰ وَصَرَّفْنَا الْآيَاتِ لَعَلَّهُمْ يَرْجِعُونَ ﴿٢٧﴾ فَلَوْلَا
نَصَرَهُمُ الَّذِينَ اتَّخَذُوا مِنْ دُونِ اللَّهِ قُرْبَانًا آلِهَةً
بَلْ ضَلُّوا عَنْهُمْ وَذَٰلِكَ إِفْكُهُمْ وَمَا كَانُوا يَفْتَرُونَ ﴿٢٨﴾
وَإِذْ صَرَفْنَا إِلَيْكَ نَفَرًا مِنَ الْجِنِّ يَسْتَمِعُونَ الْقُرْآنَ
فَلَمَّا حَضَرُوهُ قَالُوا أَنْصِتُوا فَلَمَّا قُضِيَ وَلَّوْا إِلَىٰ

૪૭. આનો નિર્દેશ કોઇ ખાસ વ્યક્તિ તરફ નથી બલ્કે દરેક તે કાફિર જે હશ્રને માનતો ન હોય અને માં-બાપનો નાફરમાન હોય અને તેનાં માં-બાપ તેને દીને હક તરફ દોરતાં હોય અને તે ઇન્કાર કરતો હોય.

૪૮. તેમના માંથી કોઇ મર્યા પછી જીવતું થયું નથી.

૪૯. માં-બાપ.

૫૦. મડદાંઓને જીવતાં કરવાનો.

૫૧. અઝાબની.

૫૨. મુઅમિન હોય કે કાફિર.

૫૩. અર્થાત વર્ગો અને દરજ્જાઓ છે. કયામતના દિવસે જન્નતના દરજ્જાઓ ઊંચે જ ચઢતા જશે અને જહન્નમના નીચા જ થતા જશે. તો જેમના અમલ સારા હશે તે જન્નતના ઊંચેના દરજ્જામાં હશે અને જેઓ કુફ્ર અને ગુન્હાઓમાં હદ વટાવી ગયા હશે તેઓ જહન્નમના સર્વથી નીચેના વર્ગમાં હશે.

૫૪. અર્થાત મુઅમિનો અને કાફિરોને આજ્ઞાપાલન અને આજ્ઞા ઉલ્લંઘનનો પુરેપુરો બદલો આપે.

૫૫. અર્થાત જે લિજ્જત અને એશ તમને મળવાનાં હતાં તે બધું તમે દુનિયામાં પુરૂં કરી નાખ્યું, હવે આખેરતમાં તમારા માટે કશું વધ્યું નથી. અને અમુક તફસીરકારોએ કહ્યું છે કે ''તય્યિબાત'' (સ્વચ્છ વસ્તુઓ) નો મતલબ શારીરિક તાકાત અને યુવાની છે અને એનો અર્થ એ થયો કે તમે પોતાની યુવાની અને પોતાની તાકાતને દુનિયામાં કુફ્ર અને ગુન્હાઓ પાછળ ખર્ચી કાઢી.

૫૬. આ આયતમાં અલ્લાહ તઆલાએ દુનિયાની લિજ્જતો ધારણ કરવા બદલ કાફિરોને ઠપકાર્યા.

**કોમ તરફ ડર સંભળાવવા પરત ગયા[૫૮] (૨૯) બોલ્યા; 'અય અમારી કોમ ! અમે એક કિતાબ સાંભળી[૫૯] જે મૂસા પછી ઉતારવામાં આવી[૬૦], આગલી કિતાબોની સચ્ચાઇને ટેકો આપતી, સાચો અને સીધો માર્ગ દેખાડતી (૩૦) અય અમારી કોમ ! અલ્લાહનો ઢંઢેરો પીટનાર[૬૧]ની વાત માનો અને તેના પર ઇમાન લાવો કે તે તમારા અમુક ગુન્હાઓ માફ કરી આપે[૬૨] અને તમને દુ:ખદાયક અઝાબથી ઉગારી લે' (૩૧) અને જે અલ્લાહનો ઢંઢેરો પીટનારની વાત માને નહિ તે પૃથ્વીમાં કબ્જા બહાર જઇ શકવાનો નથી[૬૩] અને અલ્લાહ સ્હામે તેનો કોઇ મદદગાર નથી.[૬૪] તેઓ[૬૫] ખુલ્લી ગુમરાહીમાં છે (૩૨) શું તેમણે[૬૬] જાણ્યું નહીં કે તે અલ્લાહ જેણે આકાશો અને પૃથ્વી બનાવ્યા અને તેમને સર્જવામાં થાક્યો નહિ (તે) શક્તિમાન છે કે મડદાંઓ જીવાડે, કેમ નહિ ? બેશક ! તે સર્વ કંઇ કરી શકે છે (૩૩) અને જે દિવસે કાફિરો આગ પર રજુ કરવામાં આવશે (ત્યારે) તેમને પૂછવામાં આવશે; 'શું આ સત્ય નથી ?' (તેઓ) કહેશે; 'કેમ નહિ ! અમારા પરવરદિગારના સોગંદ' (ત્યારે) કહેવામાં આવશે;**

الاحقاف ٤٦ — حٰمٓ ٢٦

قَوْمِهِمْ مُّنْذِرِيْنَ ﴿٢٩﴾ قَالُوْا يٰقَوْمَنَآ اِنَّا سَمِعْنَا كِتٰبًا اُنْزِلَ
مِنْۢ بَعْدِ مُوْسٰى مُصَدِّقًا لِّمَا بَيْنَ يَدَيْهِ يَهْدِيْٓ
اِلَى الْحَقِّ وَاِلٰى طَرِيْقٍ مُّسْتَقِيْمٍ ﴿٣٠﴾ يٰقَوْمَنَآ اَجِيْبُوْا
دَاعِيَ اللّٰهِ وَاٰمِنُوْا بِهٖ يَغْفِرْ لَكُمْ مِّنْ ذُنُوْبِكُمْ
وَيُجِرْكُمْ مِّنْ عَذَابٍ اَلِيْمٍ ﴿٣١﴾ وَمَنْ لَّا يُجِبْ دَاعِيَ
اللّٰهِ فَلَيْسَ بِمُعْجِزٍ فِي الْاَرْضِ وَلَيْسَ لَهٗ مِنْ دُوْنِهٖٓ
اَوْلِيَآءُ اُولٰٓئِكَ فِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ﴿٣٢﴾ اَوَلَمْ يَرَوْا اَنَّ اللّٰهَ
الَّذِيْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ وَلَمْ يَعْيَ بِخَلْقِهِنَّ
بِقٰدِرٍ عَلٰٓى اَنْ يُّحْيِۦَ الْمَوْتٰى بَلٰٓى اِنَّهٗ عَلٰى كُلِّ شَيْءٍ
قَدِيْرٌ ﴿٣٣﴾ وَيَوْمَ يُعْرَضُ الَّذِيْنَ كَفَرُوْا عَلَى النَّارِ اَلَيْسَ
هٰذَا بِالْحَقِّ قَالُوْا بَلٰى وَرَبِّنَا قَالَ فَذُوْقُوا الْعَذَابَ

જ્યારે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અને સહાબા દુનિયાની લિજ્જતોથી અલગ થઇ ગયા. બુખારી અને મુસ્લિમની હદીષમાં છે; હુઝૂરની વફાત સુધી હુઝૂરના ઘરવાળાંઓએ કદી જવની રોટી પણ લગાતાર બે દિવસ સુધી ખાધી હોય એવું બન્યું નથી. હદીષમાં એ પણ છે કે; આખો આખો મહીનો પસાર થઇ જતો હતો પણ હુઝૂરના ઘરમાં આગ સળગતી નહિ, અમુક ખજૂરો અને પાણી પર ગુજર કરી લેવાતો. હઝરત ઉમરે કહ્યું છે કે હુઝૂર ફરમાવતા હતા; હું ઇચ્છું તો તમારાથી સારૂં જમણ આરોગું અને તમારાથી સારાં કપડાં પહેરૂં પરંતુ મેં મારો એશ અને રાહત આખેરત માટે રહેવા દીધો છે.

૫૭. હઝરત હૂદ અલયહિસ્સલામ.

૫૮. શિર્કથી. અને ''અહકાફ'' એક રેતાળ પ્રદેશ છે જ્યાં આદ કોમના લોકો રહેતા હતા.

૫૯. એ વાતમાં કે અઝાબ આવશે.

૬૦. તે અઝાબ.

૬૧. અર્થાત હૂદ અલયહિસ્સલામે.

૬૨. કે અઝાબ ક્યારે આવશે.

૬૩. તેથી જ અઝાબમાં ઉતાવળ કરો છો અને અઝાબને ઓળખતા નથી કે કેવી વસ્તુ છે.

૬૪. અને લાંબા સમયથી તેમના પ્રદેશમાં વરસાદ થયો હતો નહિ તેથી વાદળ દેખીને ખુશ થઇ ગયા.

૬૫. હઝરત હૂદે ફરમાવ્યું;

૬૬. પછી તે વાવાઝોડાના અઝાબે તેમના પુરૂષો સ્ત્રીઓ નાનાં મોટાં બધાંનો નાશ કરી નાખ્યો,

તેમના સરસામાન ધરતી આકાશની વચમાં ઉડતા હતા, વસ્તુઓ તૂટી ફૂટી ગઇ. હઝરત હૂદ અલયહિસ્સલામે પોતાની અને પોતાના પર ઇમાન લાવનારાઓની ચારે બાજુ એક વર્તુળ ખેંચી દીધુ, જ્યારે પવન તે વર્તુળમાં પ્રવેશતો ત્યારે ખૂબ જ નરમ હળવો અને રાહત આપનાર બની જતો, અને તે જ પવન કોમ માટે સખ્ત વિનાશ વેરનાર બન્યો. એ હઝરત હૂદ અલયહિસ્સલામનો મુઅજિઝો હતો.

૬૭. અય મક્કાવાસીઓ ! તેઓ તાકાત અને માલદારી અને લાંબા આયુષ્યમાં તમને વધીને હતા.

૬૮. જેથી દીનના ઉપયોગમાં લાવે પણ તેમણે તો અલ્લાહની આપેલી એ નેઅમતોથી દુનિયા મેળવવા સિવાય બીજું કશું કામ જ લીધું નહિ.

૬૯. જેમકે ષમૂદ, આદ અને કોમે લૂતની.

૭૦. અય કુરેશીઓ !

૭૧. કુફ્ર અને બંડખોરીથી. પરંતુ તેઓ પાછા ફર્યા નહિ તો અમે તેમને તેમના કુફ્રના કારણે નાબૂદ કરી દીધા.

૭૨. અને જેમના વિષે તેઓ કહેતા હતા કે આ મૂર્તિઓને પૂજવાથી અલ્લાહની નિકટતા પ્રાપ્ત થાય છે.

૭૩. તે કાફિરોની એ મૂર્તિઓએ.

૭૪. અને અઝાબ ઉતરતી વખતે કામ લાગ્યા નહિ.

૭૫. કે તેઓ મૂર્તિઓને મઅબૂદ કહે છે અને મૂર્તિપૂજાને અલ્લાહની નિકટતાનું સાધન ઠેરવે છે.

૭૬. અર્થાત અય સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ! તે સમયને યાદ કરો જ્યારે અમે આપની તરફ જિન્નાતના એક ટોળાને મોકલ્યું. તે ટોળાની સંખ્યામાં મતભેદ છે. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાએ ફરમાવ્યું કે સાત જિન્નાત હતા જેમને હુઝૂરે તેમની કોમ તરફ સંદેશ વાહક બનાવ્યા. અમુક રિવાયતોમાં છે કે નવ હતા. તહકીક કરનાર આલિમો એ વાત પર એકમત છે કે જિન્નાત પર શરીઅતના હુક્મો લાગુ પડે છે.

પછી તે જિન્નાતની હાલતનું વર્ણન થાય છે કે જ્યારે હુઝૂર ''બતને નખ્લા'' માં મક્કા મુકર્રમા અને તાઇફની વચમાં આવતાં જ્યારે ફજરની નમાઝ પોતાના સહાબા સાથે પઢી રહ્યા હતા ત્યારે તે જિન્નાત...

૭૭. જેથી હુઝૂરની તિલાવત સારી રીતે સાંભળી શકાય.

૭૮. અર્થાત રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પર ઇમાન લાવીને હુઝૂરના હુક્મથી પોતાની કોમને ઇમાનનું આમંત્રણ આપવા ગયા અને તેમને ઇમાન નહિ લાવવાના અને હુઝૂરનો વિરોધ કરવાના પરિણામથી ડરાવ્યા.

૭૯. અર્થાત કુરઆન શરીફ.

૮૦. અતાએ કહ્યું છે કે; તે જિન્નાત યહૂદી ધર્મના હતા તેથી તેઓએ હઝરત મૂસા અલયહિસ્સલામનું નામ લીધું અને હઝરત ઇસા અલયહિસ્સલામની કિતાબનું નામ લીધું નહિ. અમુક તફસીરકારોનું કહેવું છે કે; હઝરત ઇસા અલયહિસ્સલામની કિતાબનું નામ નહિ લેવાનું કારણ એ છે કે તેમાં માત્ર નસીહતો જ છે અહકામ (કાયદાઓ) બહું ઓછા છે.

૮૧. સય્યિદે આલમ હઝરત મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ.

૮૨. જે ઇસ્લામ લાવતાં પહેલાં થયા અને જેમનામાં ''બંદાઓના હક્ક''વાળા ગુન્હાઓ નથી.

بما كنتم تكفرون ﴿٣٤﴾ فاصبر كما صبر أولوا العزم من
الرسل ولا تستعجل لهم كأنهم يوم يرون ما
يوعدون لم يلبثوا إلا ساعة من نهار بلغ
فهل يهلك إلا القوم الفسقون ﴿٣٥﴾

سورة محمد مدنية وهي ثمان وثلاثون اية وأربع ركوعات

بسم الله الرحمن الرحيم

﴿١﴾ الذين كفروا وصدوا عن سبيل الله أضل أعمالهم
والذين امنوا وعملوا الصلحت وامنوا بما نزل على محمد
وهو الحق من ربهم كفر عنهم سيئاتهم وأصلح بالهم ﴿٢﴾
ذلك بأن الذين كفروا اتبعوا البطل وأن الذين
امنوا اتبعوا الحق من ربهم كذلك يضرب الله

**'તો અઝાબ ચાખો. તમારા કુફ્રનો બદલો[૮૭]' (૩૪) તો તમે સબર કરો જેવી રીતે કે હિમ્મતવાળા રસૂલોએ સબર કરી[૮૮] અને તેમના માટે ઉતાવળ કરો નહિ[૮૯] તેઓ જે દિવસે જેનો તેમને વાયદો આપવામાં આવે છે[૯૦] તે દેખશે[૯૧] (ત્યારે તેઓને એવું લાગશે) જાણે કે દુનિયામાં દિવસની એક ક્ષણ માત્ર જ રહ્યા. આ તો પહોંચાડી આપવું (જ) છે.[૯૨] તો અનાજ્ઞાંકિત લોકોનો જ નાશ કરવામાં આવશે[૯૩] (૩૫)**

## અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૯૪]

**જેમણે કુફ્ર કર્યું અને અલ્લાહના માર્ગથી રોક્યા[૯૫] અલ્લાહે તેમના અમલ બરબાદ કરી નાખ્યાં[૯૬] (૧) અને જેઓ ઇમાન લાવ્યા અને સારાં કામો કર્યા અને તેના પર ઇમાન લાવ્યા જે મોહંમદ પર ઉતારવામાં આવ્યું[૯૭] અને તે જ તેમના રબ પાસેથી સત્ય છે અલ્લાહે તેઓની બુરાઇઓ ઉતારી નાંખી અને તેમની હાલતો સુધારી દીધી[૯૮] (૨) આ એટલા માટે કે કાફિરો અસત્યને અનુસર્યા અને ઇમાનવાળાઓ સત્યની પાછળ ચાલ્યા જે તેમના રબ તરફથી છે.[૯૯] અલ્લાહ લોકોને આવી રીતે જ વર્ણવે છે તેમની**

૮૩. અલ્લાહ તઆલા પાસેથી ક્યાંએ નાસી જઇ શકતો નથી અને તેના અઝાબથી બચી શકતો નથી.

૮૪. જે તેને અઝાબથી બચાવી શકે.

૮૫. જેઓ અલ્લાહનો ઢંઢેરો પીટનાર હઝરત મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની વાત માને નહિ.

૮૬. અર્થાત હશ્રનો ઇન્કાર કરનારાઓએ.

૮૭. જેમાં તમે દુનિયામાં સંડોવાએલા હતા. ત્યાર પછી અલ્લાહ તઆલા પોતાના હબીબ સલ્લ-લ્લાહુ અલયહિ વસલ્લમને સંબોધે છે...

૮૮. પોતાની કોમ તરફથી અપાતાં કષ્ટો બદલ.

૮૯. અઝાબ માંગવામાં કારણ કે તેમની ઉપર અઝાબ તો અવશ્ય આવવાનો જ છે.

૯૦. આખેરતના અઝાબનો.

૯૧. ત્યારે તેની અસીમતા અને અનંતપણાને દેખીને દુનિયામાં રહેવાની મુદ્દત ઘણી જ ઓછી લાગશે અને વિચારશે કે...

૯૨. અર્થાત આ કુરઆન અને જે હિદાયતો અને સ્પષ્ટ વર્ણનો એમાં છે તે અલ્લાહ તરફથી તબ્લીગ છે.

૯૩. જેઓ ઇમાન અને આજ્ઞાપાલનની બહાર છે.

૯૪. સૂરએ મોહંમદ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) મદની છે. એમાં ૪ રૂકૂઅ અને ૩૮ આયતો ૫૫૮ શબ્દો અને ૨૪૭૮ અક્ષરો છે.

**પરિસ્થિતિઓ[૧૦૦] (૩) તો જ્યારે તમારે કફિરોનો સામનો થાય[૧૦૧] તો ગરદનો ઉડાડી દેવી[૧૦૨] એટલે સુધી કે જ્યારે તેમને સારી રીતે કતલ કરી લો[૧૦૩] તો (પછી તેમને) મુશ્કેટાટ બાંધો ત્યાર પછી ઇચ્છો તો ઉપકાર કરીને છોડી મૂકો અથવા ઇચ્છો તો ફિદયો (દંડ) લઇ લો[૧૦૪] એટલે સુધી કે યુધ્ધ પોતાનો ભાર હળવો કરી નાંખે.[૧૦૫] વાત આવી જ છે. અને અલ્લાહ ઇચ્છત તો તે પોતે જ તેમની પાસેથી બદલો લેત,[૧૦૬] પરંતુ એટલા માટે[૧૦૭] કે તમારામાં એકને બીજાથી પારખે[૧૦૮]. અને જેઓ અલ્લાહના રસ્તે માર્યા ગયા તેમના અમલ અલ્લાહ કદાપી વેડફી નાખવાનો નથી[૧૦૯] (૪) તેમને જલ્દી માર્ગ આપશે[૧૧૦] અને તેમનું કામ બનાવશે (૫) અને તેમને જન્નતમાં લઇ જશે તેમને એની ઓળખ કરાવી દીધી છે[૧૧૧] (૬) અય ઇમાનવાળાઓ ! જો તમે અલ્લાહના દીનની મદદ કરશો (તો) અલ્લાહ તમારી મદદ કરશે[૧૧૨] અને તમારા પગ જમાવી દેશે[૧૧૩] (૭) અને જેમણે કુફ્ર કર્યું તો તેમની ઉપર વિનાશ પડે અને અલ્લાહ તેમના અમલ બરબાદ કરે (૮) આ એટલા માટે કે જે અલ્લાહે ઉતાર્યું[૧૧૪] તે તેમને ગમ્યું નહિ, તો અલ્લાહે તેમનું કરેલું ધરેલું વ્યર્થ કરી નાખ્યું (૯) તો શું તેમણે ધરતીમાં સફર કરી નથી કે તેમનાથી આગલાઓ[૧૧૫] નું જે પરિણામ આવ્યું તે**



لِلنَّاسِ أَمْثَالَهُمْ ﴿٣﴾ فَإِذَا لَقِيتُمُ الَّذِينَ كَفَرُوا فَضَرْبَ
الرِّقَابِ حَتَّىٰ إِذَا أَثْخَنتُمُوهُمْ فَشُدُّوا الْوَثَاقَ فَإِمَّا
مَنًّا بَعْدُ وَإِمَّا فِدَاءً حَتَّىٰ تَضَعَ الْحَرْبُ أَوْزَارَهَا
ذَٰلِكَ وَلَوْ يَشَاءُ اللَّهُ لَانتَصَرَ مِنْهُمْ وَلَٰكِن لِّيَبْلُوَ
بَعْضَكُم بِبَعْضٍ وَالَّذِينَ قُتِلُوا فِي سَبِيلِ اللَّهِ فَلَن
يُضِلَّ أَعْمَالَهُمْ ﴿٤﴾ سَيَهْدِيهِمْ وَيُصْلِحُ بَالَهُمْ ﴿٥﴾
وَيُدْخِلُهُمُ الْجَنَّةَ عَرَّفَهَا لَهُمْ ﴿٦﴾ يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا
إِن تَنصُرُوا اللَّهَ يَنصُرْكُمْ وَيُثَبِّتْ أَقْدَامَكُمْ ﴿٧﴾ وَالَّذِينَ
كَفَرُوا فَتَعْسًا لَّهُمْ وَأَضَلَّ أَعْمَالَهُمْ ﴿٨﴾ ذَٰلِكَ بِأَنَّهُمْ
كَرِهُوا مَا أَنزَلَ اللَّهُ فَأَحْبَطَ أَعْمَالَهُمْ ﴿٩﴾ أَفَلَمْ يَسِيرُوا
فِي الْأَرْضِ فَيَنظُرُوا كَيْفَ كَانَ عَاقِبَةُ الَّذِينَ مِن

૯૫. અર્થાત જે લોકોએ પોતે ઇસ્લામ સ્વીકાર્યો નહિ અને બીજાઓને પણ તેને સ્વીકારતાં રોક્યા.

૯૬. જે કંઇ પણ તેમણે કર્યા હોય દા. ત. ભૂખ્યાઓને ભોજન આપ્યું હોય અથવા કેદીઓને છોડાવ્યા હોય અથવા ગરીબોને સહાય આપી હોય અથવા મસ્જિદે હરામ અને ખાનએ કાઅબાની ઇમારત બાંધવામાં કંઇ સેવા આપી હોય. એ બધું જ બરબાદ થઇ ગયું, આખેરતમાં એનો કશો જ સવાબ નથી.

ઝહાકનું કથન છે કે એનો મતલબ એવો છે કે કાફિરોએ સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ વિરૂધ્ધ ચાલબાજીઓની જે જાળ પાથરી હતી અને જે તરકીબો વિચારી હતી તે બધું જ અલ્લાહ તઆલાએ અર્થહિન કરી નાખ્યું.

૯૭. એટલે કે કુરઆને પાક.

૯૮. દીનના કામોનો શોખ આપીને અને દુનિયામાં તેમના શત્રુઓ સ્હામે તેમની મદદ કરીને. હઝ-રત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું કે, તેમના જીવન દરમ્યાન તેમની રક્ષા કરીને કે તેમનાંથી ગુન્હાઓ થવા પામે નહિ.

૯૯. અર્થાત કુરઆન શરીફ.

૧૦૦. અર્થાત ઉભય પક્ષોની કે કાફિરોના અમલ વ્યર્થ અને ઇમાનવાળાઓની ભૂલો પણ માફ કરા-એલી.

૧૦૧. અર્થાત જ્યારે યુધ્ધ થાય.

૧૦૨. અર્થાત તેમને કતલ કરો.

**દેખત. અલ્લાહે તેમની ઉપર વિનાશ નાંખ્યો.[૧૧૬] અને આ કાફિરો માટે પણ એવા કેટલાએ (વિનાશો) છે[૧૧૭] (૧૦) આ[૧૧૮] એટલા માટે કે મુસલમાનનો વાલી અલ્લાહ છે અને કાફિરોનો કોઇ વાલી નથી (૧૧) બેશક ! અલ્લાહ જેઓ ઇમાન લાવ્યા અને સારાં કામો કર્યાં તેમને બગીચાઓમાં પ્રવેશ આપશે જેમની નીચે નહેરો વહે. અને કાફિરો જે રીતે પશુઓ ખાય છે[૧૧૯] તે રીતે ખાય છે અને વાપરે છે[૧૨૦] અને તેમનું સ્થાન આગમાં છે (૧૨) અને કેટલાંયે શહેરો જે આ શહેર[૧૨૧] કરતાં તાકાતમાં વધારે હતાં જેણે તમને તમારા શહેરમાંથી બહાર કાઢયા અને તેમનો નાશ કર્યો તો તેમનો કોઇ મદદગાર નથી[૧૨૨] (૧૩) તો શું જે પોતાના પરવરદિગાર તરફથી સ્પષ્ટ દલીલ પર હોય[૧૨૩] તે તેની[૧૨૪] જેવો બની જશે જેનાં કુકર્મો તેને રૂપાળાં કરીને દેખાડાયાં અને તે પોતાની વાસનાઓની પાછળ ચાલે (છે)[૧૨૫] (૧૪) તે જન્નતનો હેવાલ જેનો વાયદો પરહેઝગારોને અપાયો છે (એવો છે કે) તેમાં પાણીની એવી નહેરો છે જે કદી બગડે નહિ[૧૨૬] અને એવા દૂધની નહેરો છે જેનો સ્વાદ બદલાયો નહિ[૧૨૭] અને એવા શરાબની નહેરો છે જેના પીવામાં લિજ્જત**

حٰمٓ ٢٦ محمد ٤٧

قَبْلِهِمْ دَمَّرَ اللّٰهُ عَلَيْهِمْ وَلِلْكٰفِرِيْنَ اَمْثَالُهَا ﴿١٠﴾ ذٰلِكَ
بِاَنَّ اللّٰهَ مَوْلَى الَّذِيْنَ اٰمَنُوْا وَاَنَّ الْكٰفِرِيْنَ لَا مَوْلٰى
لَهُمْ ﴿١١﴾ اِنَّ اللّٰهَ يُدْخِلُ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ
جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ ؕ وَالَّذِيْنَ كَفَرُوْا
يَتَمَتَّعُوْنَ وَيَاْكُلُوْنَ كَمَا تَاْكُلُ الْاَنْعَامُ وَالنَّارُ مَثْوًى
لَّهُمْ ﴿١٢﴾ وَكَاَيِّنْ مِّنْ قَرْيَةٍ هِيَ اَشَدُّ قُوَّةً مِّنْ قَرْيَتِكَ
الَّتِيْٓ اَخْرَجَتْكَ ۚ اَهْلَكْنٰهُمْ فَلَا نَاصِرَ لَهُمْ ﴿١٣﴾ اَفَمَنْ
كَانَ عَلٰى بَيِّنَةٍ مِّنْ رَّبِّهٖ كَمَنْ زُيِّنَ لَهٗ سُوْٓءُ عَمَلِهٖ
وَاتَّبَعُوْٓا اَهْوَآءَهُمْ ﴿١٤﴾ مَثَلُ الْجَنَّةِ الَّتِيْ وُعِدَ الْمُتَّقُوْنَ ؕ
فِيْهَآ اَنْهٰرٌ مِّنْ مَّآءٍ غَيْرِ اٰسِنٍ ۚ وَاَنْهٰرٌ مِّنْ لَّبَنٍ لَّمْ
يَتَغَيَّرْ طَعْمُهٗ ۚ وَاَنْهٰرٌ مِّنْ خَمْرٍ لَّذَّةٍ لِّلشّٰرِبِيْنَ ۚ

ع ١١ ٥

منزل ٦

૧૦૩. અર્થાત મોટા પ્રમાણમાં કતલ કરી ચૂકો અને વધેલાઓને કેદ પકડવાનો સમય આવે.....

૧૦૪. બન્ને વાતોનો અધિકાર છે.

**મસઅલો** :- મુશરિકોના કેદીઓનો હુક્મ આપણી (ફિક્હ) મુજબ એ છે કે તેમને કતલ કરવામાં આવે અથવા ગુલામ બનાવવામાં આવે, દંડ લઇને છોડી દેવાનો હુકમ જે આ આયતમાં છે તે સૂરએ બરાઅતની આયત ''ઉકતુલૂલ મુશરિકીન'' વાળી આયતથી મન્સૂખ થએલો છે.

૧૦૫. અર્થાત યુધ્ધ પુરૂં થાય, એવી રીતે કે મુશરિકો તાબેદાર બનીને ઇસ્લામ સ્વીકારે.

૧૦૬. યુધ્ધ વગર તેમને ધરતીમાં ધસાવી દઇને અથવા તેમની ઉપર પથ્થરનો વરસાદ વરસાવીને અથવા કોઇ બીજી રીતે.

૧૦૭. તમને યુધ્ધનો આદેશ આપ્યો...

૧૦૮. યુધ્ધમાં જેથી મરાઇ ગએલા મુસલમાનો સવાબ મેળવે અને કાફિરોને અઝાબ થાય.

૧૦૯. તેમના આમાલનો સવાબ પુરેપુરો આપશે.

**શાને નુઝૂલ** :- આ આયત ઉહદના દિવસે ઉતરી જ્યારે કે મુસલમાનો વધારે સંખ્યામાં મરાયા અને ઘાયલ થયા હતા.

૧૧૦. ઉચ્ચ દરજ્જાઓ તરફ.

૧૧૧. તેઓ જન્નતના વર્ગોમાં અજાણ્યા અને નવાગંતુકની જેમ નહિ જાય કે એવો માણસ જ્યારે કોઇ સ્થાને જાય છે ત્યારે દરેક વસ્તુ માટે પૂછપરછ કરવાની આવશ્યકતા ઉભી થાય છે, બલ્કે તેઓ ભોમિયા હોય

محمد ٤٧ حٰمٓ ٢٦

وَاَنْهٰرٌ مِّنْ عَسَلٍ مُّصَفًّى ؕ وَلَهُمْ فِيْهَا مِنْ كُلِّ الثَّمَرٰتِ
وَمَغْفِرَةٌ مِّنْ رَّبِّهِمْ ؕ كَمَنْ هُوَ خَالِدٌ فِي النَّارِ وَسُقُوْا
مَآءً حَمِيْمًا فَقَطَّعَ اَمْعَآءَهُمْ ﴿١٥﴾ وَمِنْهُمْ مَّنْ يَّسْتَمِعُ اِلَيْكَ ۚ
حَتّٰۤى اِذَا خَرَجُوْا مِنْ عِنْدِكَ قَالُوْا لِلَّذِيْنَ اُوْتُوا الْعِلْمَ
مَاذَا قَالَ اٰنِفًا ۟ اُولٰٓئِكَ الَّذِيْنَ طَبَعَ اللّٰهُ عَلٰى قُلُوْبِهِمْ
وَاتَّبَعُوْۤا اَهْوَآءَهُمْ ﴿١٦﴾ وَالَّذِيْنَ اهْتَدَوْا زَادَهُمْ هُدًى
وَّاٰتٰىهُمْ تَقْوٰىهُمْ ﴿١٧﴾ فَهَلْ يَنْظُرُوْنَ اِلَّا السَّاعَةَ اَنْ
تَاْتِيَهُمْ بَغْتَةً ۚ فَقَدْ جَآءَ اَشْرَاطُهَا ۚ فَاَنّٰى لَهُمْ اِذَا جَآءَتْهُمْ
ذِكْرٰىهُمْ ﴿١٨﴾ فَاعْلَمْ اَنَّهٗ لَاۤ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاسْتَغْفِرْ لِذَنْۢبِكَ
وَلِلْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنٰتِ ؕ وَاللّٰهُ يَعْلَمُ مُتَقَلَّبَكُمْ وَمَثْوٰىكُمْ ﴿١٩﴾
وَيَقُوْلُ الَّذِيْنَ اٰمَنُوْا لَوْلَا نُزِّلَتْ سُوْرَةٌ ۚ فَاِذَآ اُنْزِلَتْ

**છે[૧૨૮] અને એવા મધની નહેરો છે જે ચોખ્ખુ કરાએલું છે[૧૨૯] અને તેમના માટે તેમાં પ્રત્યેક પ્રકારનાં ફળો છે અને પોતાના રબની મગફેરત[૧૩૦] (પણ છે). શું આવા અમન ચેનવાળાઓ તેમની સરખા બની જશે જેમને હંમેશા આગમાંજ રહેવાનું છે અને જેમને ઉકળતું પાણી પાવામાં આવશે કે જે આંતરડાંઓના ટુકડે ટુકડા કરી નાખે ? (૧૫) અને તેમના[૧૩૧]માંથી અમુક આપની વાણી સાંભળે છે[૧૩૨] એટલે સુધી કે જ્યારે તમારી પાસેથી નીકળીને જાય છે[૧૩૩] (ત્યારે) ઇલ્મવાળાઓને કહે છે[૧૩૪], 'હમણાં તેમણે શું કહ્યું ?[૧૩૫]' આ છે તેઓ જેમના હૃદયો પર અલ્લાહે મહોર મારી દીધી[૧૩૬] અને અનુસર્યા પોતાની ખ્વાહેશોને[૧૩૭] (૧૬) અને જેમણે માર્ગ મેળવ્યો[૧૩૮] અલ્લાહે તેમની હિદાયત[૧૩૯] ઓર વધારી અને તેમની પરહેઝગારી તેમને આપી[૧૪૦] (૧૭) તો શેની રાહ જુએ છે ?[૧૪૧] પણ કયામતની, કે તેમની ઉપર ઓચિંતી આવી પડે, તો એની નિશાનીઓ (ચિન્હો) તો આવી લાગ્યાં જ છે.[૧૪૨] પછી જ્યારે તે આવી લાગે ત્યારે ક્યાં તે અને ક્યાં તેમની સમજ (૧૮) તો જાણી લો કે અલ્લાહ સિવાય કોઇની બંદગી નથી. અને અય મહબૂબ ! પોતાના ખાસ અને સામાન્ય મુસલમાન પુરૂષો અને સ્ત્રીઓના ગુન્હાઓની માફી માંગો[૧૪૩]. અને અલ્લાહ જાણે છે તમારૂં દિવસ દરમ્યાન ફરવું[૧૪૪] અને રાતમાં તમારૂં આરામ કરવું[૧૪૫] (૧૯) અને મુસલમાનો કહે છે કે; કોઇ સૂરહ કેમ**

એ રીતે પ્રવેશશે પોતાનાં રહેઠાણોને ઓળખતા હશે, પોતાની પત્ની અને ચાકરોને ઓળખતા હશે, દરેક વસ્તુના સ્થાનની તેમને ખબર હશે જાણે કે તેઓ કાયમથી અહીંના જ રહીશ હોય.

૧૧૨. તમારા દુશ્મન સ્હામે.

૧૧૩. યુધ્ધના મોરચા પર અને ઇસ્લામની દલીલો પર અને પુલસિરાત પર.

૧૧૪. અર્થાત કુરઆને પાક. એટલા માટે કે એમાં વાસનાઓ અને લિજ્જતોને ત્યજવાના અને આજ્ઞા પાલન તેમજ ઇબાદતોનાં કષ્ટો વેઠવાનાં હુકમો છે જે નફસને અઘરા લાગે છે.

૧૧૫. અર્થાત આગલી ઉમ્મતોનું.

૧૧૬. કે તેમને તેમની ઔલાદને તેમની દોલતને બધાને જ તબાહ કરી નાખ્યાં.

૧૧૭. અર્થાત જો આ કાફિરો સય્યિદે આલમ મોહંમદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પર ઇમાન નહિ લાવે તો એમના માટે આગલાઓની તબાહીઓ જેવી કેટલીએ તબાહીઓ છે.

૧૧૮. અર્થાત મુસલમાનોનું વિજેતા અને કાફિરોનું પરાજિત થવું.

૧૧૯. દુનિયામાં અમુક દિવસો સુધી ગફલતમાં ફસાઇને અને પોતાના અંજામ અને પરિણામને વિસરીને.

૧૨૦. જે રીતે જાનવરોને ખબર હોતી નથી કે આ ખાઇ રહ્યા પછી તેઓને ઝુબેહ કરવામાં આવશે તેવી જ હાલત કાફિરોની છે જેઓ ગફલતમાં સપડાઇને દુનિયા ભેગી કરવામાં મગ્ન છે અને આવનારી મુસીબતોનો વિચાર પણ કરતા નથી.

૧૨૧. અર્થાત મક્કા મુકર્રમાવાળાઓ.....

૧૨૨. જે (તેમને) અઝાબ અને વિનાશમાંથી ઉગારી શકે.

**શાને નુઝૂલ** :- જ્યારે સૈયિદે આલમ હઝરત મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે મક્કા મુકર્રમાથી હિજરત કરી અને ગુફા તરફ જવા માંડયા ત્યારે મક્કા મુકર્રમા તરફ ફરીને ફરમાવ્યુ; અલ્લાહ તઆલાના શહેરોમાં (અય મક્કા !) તુ અલ્લાહ તઆલાને બહું જ વ્હાલું છે અને અલ્લાહ તઆલાના શહેરોમાં તુ મને ખૂબ જ પ્યારૂં છે, જો મુશરિકો મને કાઢત નહિ તો હું તારાથી અડગો થાત નહિ. ત્યારે અલ્લાહે આ આયત ઉતારી.

૧૨૩. અને તેઓ મુઅમિનો છે કે તેઓ કુરઆન અને મુઅજિઝાઓની મજબૂત દલીલો દ્વારા પોતાના દીન પર પાકી શ્રધ્ધા અને પાકો ઇરાદો ધરાવે છે.

૧૨૪. તે કાફિર મુશરિક.

૧૨૫. અને તેઓએ કુફ્ર અને મૂર્તિ પૂજા ધારણ કર્યાં. તે મુઅમિન અને આ કાફિર કદાપી એક સરખા હોય શકે નહિ એ બન્નેમાં કશું જ સામ્ય નથી.

૧૨૬. અર્થાત એટલું સ્વચ્છ કે કદી બગડે નહિ ન તેની સુવાસ બગડે ન તેનો સ્વાદ બદલાય.

૧૨૭. દુનિયાના દૂધથી ઉલ્ટું કે આ તો બગડી જાય છે.

૧૨૮. માત્ર લિજ્જત જ લિજ્જત, દુનિયાના શરાબની જેમ તેનો સ્વાદ ખરાબ નથી ન તો તેમાં દુનિયાની શરાબની જેવો મેલ કચરો, ન તો ખરાબ વસ્તુઓની ભેળસેળ, ન તો તે કોહીને બનેલી છે ન તેના પીવાથી બુધ્ધિ મારી જાય ન માથું ફરે ન નશો ચઢે ન માથું દુઃખે. આ બધી આફતો દુનિયાની શરાબમાં જ છે ત્યાંની શરાબ આ બધી એબોથી પર છે, ખૂબ જ સ્વાદિષ્ટ દિલ ખુશ કરનારી અને મજેદાર.

૧૨૯. સર્જનમાં. અર્થાત ચોખ્ખું જ બનાવવામાં આવ્યું છે. દુનિયાના મધ જેવું નહિ કે જે માખીના પેટમાંથી નીકળે છે અને જેમાં મીણ વિગેરેની ભેળસેળ હોય છે.

૧૩૦. કે તે પરવરદિગાર એમના પર ઉપકાર કરે છે તે એમનાથી ખુશ છે અને એમની ઉપરથી અમલ કરવાના બધા જ હુક્મો ઉઠાવી લેવામાં આવ્યા જે ઇચ્છે તેટલું ખાય ન તો હિસાબ ન સજા.

૧૩૧. કાફિરો.

૧૩૨. ખુત્બહ વિગેરેમાં ખૂબ બેધ્યાનપણે.

૧૩૩. આ મુનાફિક લોકો...

૧૩૪. અર્થાત સહાબી આલિમોને. જેવા કે ઇબ્ને મસ્ઊદ અને ઇબ્ને અબ્બાસ રદિયલ્લાહુ તઆલા અન્હુમને મજાક રૂપે.

૧૩૫. અર્થાત સૈયિદે આલમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ. અલ્લાહ તઆલા એ મુનાફિકો વિશે ફર્માવે છે...

૧૩૬. જ્યારે કે તેઓએ સત્યના અનુસરણને ત્યજ્યું ત્યારે અલ્લાહ તઆલાએ તેમનાં દિલોને મુર્દા કરી દીધાં.

૧૩૭. અને તેમણે મુનાફિકપણું અખત્યાર કર્યું.

૧૩૮. અર્થાત તે ઇમાનવાળાઓ જેમણે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની બોધવાણી ધ્યાનપૂર્વક સાંભળી અને તેનાથી લાભ ઉઠાવ્યો.

حم ٢٦ — محمد ٤٧

سُورَةٌ مُّحْكَمَةٌ وَذُكِرَ فِيهَا الْقِتَالُ رَأَيْتَ الَّذِينَ فِي
قُلُوبِهِم مَّرَضٌ يَنظُرُونَ إِلَيْكَ نَظَرَ الْمَغْشِيِّ عَلَيْهِ
مِنَ الْمَوْتِ فَأَوْلَىٰ لَهُمْ ﴿٢٠﴾ طَاعَةٌ وَقَوْلٌ مَّعْرُوفٌ فَإِذَا
عَزَمَ الْأَمْرُ فَلَوْ صَدَقُوا اللَّهَ لَكَانَ خَيْرًا لَّهُمْ ﴿٢١﴾ فَهَلْ
عَسَيْتُمْ إِن تَوَلَّيْتُمْ أَن تُفْسِدُوا فِي الْأَرْضِ وَتُقَطِّعُوا
أَرْحَامَكُمْ ﴿٢٢﴾ أُولَٰئِكَ الَّذِينَ لَعَنَهُمُ اللَّهُ فَأَصَمَّهُمْ وَأَعْمَىٰ
أَبْصَارَهُمْ ﴿٢٣﴾ أَفَلَا يَتَدَبَّرُونَ الْقُرْآنَ أَمْ عَلَىٰ قُلُوبٍ
أَقْفَالُهَا ﴿٢٤﴾ إِنَّ الَّذِينَ ارْتَدُّوا عَلَىٰ أَدْبَارِهِم مِّن بَعْدِ
مَا تَبَيَّنَ لَهُمُ الْهُدَى الشَّيْطَانُ سَوَّلَ لَهُمْ وَأَمْلَىٰ لَهُمْ ﴿٢٥﴾
ذَٰلِكَ بِأَنَّهُمْ قَالُوا لِلَّذِينَ كَرِهُوا مَا نَزَّلَ اللَّهُ سَنُطِيعُكُمْ
فِي بَعْضِ الْأَمْرِ وَاللَّهُ يَعْلَمُ إِسْرَارَهُمْ ﴿٢٦﴾ فَكَيْفَ إِذَا

**ઉતારવામાં આવી નહિ ?[૧૪૬] પછી જ્યારે કોઇ પાકી સૂરહ ઉતારવામાં આવી[૧૪૭] અને તેમાં જેહાદનો હુકમ આપવામાં આવ્યો તો તમે દેખશો તેમને કે જેમના દિલોમાં બીમારી છે[૧૪૮] કે (તેઓ) તમારી તરફ[૧૪૯] એવા માણસ જેવું જુએ છે જેના પર મૃત્યુ છવાયું હોય તો તેમના માટે ઉત્તમ તો એ જ હતું કે (૨૦) હુકમનું પાલન કરત[૧૫૦] અને સારી વાત કહેત. પછી જ્યારે હુકમ લાગુ પડી ચૂક્યો[૧૫૧] તો જો અલ્લાહથી બચીને રહ્યા હોત[૧૫૨] તો એમનું ભલું હતું (૨૧) તો શું તમારા એ લક્ષણ દેખાય છે કે જો તમને રાજ્ય સત્તા મળે તો પૃથ્વીમાં હુલ્લડો મચાવો[૧૫૩] અને પોતાના સંબંધો કાપી નાખો (૨૨) આ છે તે[૧૫૪] લોકો જેમના પર અલ્લાહે લઅનત કરી અને તેમને સત્ય તરફથી બ્હેરા બનાવી દીધા અને તેમની આંખો ફોડી નાખી[૧૫૫] (૨૩) તો શું તેઓ કુરઆનમાં ચિંતન કરતા નથી[૧૫૬] અથવા તેમનાં હૃદયો પર તાળાંઓ વાસેલાં છે ?[૧૫૭] (૨૪) બેશક ! તેઓ જે પોતાની પાછી પીઠે ફરી ગયા[૧૫૮] હિદાયત તેમની ઉપર સ્પષ્ટ થઇ ગયા પછી.[૧૫૯] શયતાને તેમને ધોકો આપ્યો[૧૬૦] અને તેમને દુનિયામાં મુદ્દતો સુધી રહેવાની આશા અપાવી[૧૬૧] (૨૫) આ એટલા માટે કે તેમણે[૧૬૨] કહ્યું તે લોકોને[૧૬૩] જેમને અલ્લાહનું ઉતારેલું[૧૬૪] ગમ્યું નહિ ; 'એક કામમાં અમે તમારૂં કહ્યું માનીશું ?'[૧૬૫] અને અલ્લાહ તેમની છુપી વાત જાણે છે (૨૬)**

૧૩૯. અર્થાત આંતરિક દ્રષ્ટિ અને ઇલ્મ અને શર્હે સદ્ર.

૧૪૦. અર્થાત પરહેઝગારીની તૌફીક આપી અને એના માટે સહાય કરી. અથવા એ અર્થ છે કે તેમને પરહેઝગારીનો બદલો આપ્યો અને તેનો સવાબ આપ્યો.

૧૪૧. કાફિરો અને મુનાફિકો.

૧૪૨. જેમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમનું આગમન અને ચંદ્રના ટુકડા કરવાનો મુઅજિઝો શામેલ છે.

૧૪૩. આ ઉમ્મત પર અલ્લાહ તઆલાનું એ એહસાન છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને ફરમાવ્યું કે; એમના માટે મગફેરત માંગો. અને આપ તો શફાઅત કરનાર છે અને આપની શફાઅત સ્વીકારાએલી છે. ત્યાર પછી મો'મિન અને બિન મો'મિન બધાંને કહેવામાં આવે છે.

૧૪૪. પોતાનાં કામોમાં અને રોજી રોજગાર માટે.

૧૪૫. અર્થાત તે તમારા તમામ હેવાલને જાણે છે તેનાથી કશું જ છાનું નથી.

૧૪૬. **શાને નુઝૂલ** :- ઇમાનવાળાઓને અલ્લાહના માર્ગમાં જેહાદ કરવાનો બહું જ શોખ હતો તેઓ કહેતા હતા કે; એવી સૂરહ કેમ ઉતરતી નથી જેમાં જેહાદનો હુકમ થયો હોય જેથી અમે જેહાદ કરીએ. તે બાબત આ આયત ઉતરી.

૧૪૭. જેમાં સ્પષ્ટ અને ચોખ્ખું બયાન હોય અને તેનો કોઇ હુકમ મન્સૂખ થનાર ન હોય.

૧૪૮. અર્થાત મુનાફિકોને.

حم ٢٦ محمد ٤٧

تَوَفَّتْهُمُ الْمَلٰٓئِكَةُ يَضْرِبُونَ وُجُوهَهُمْ وَأَدْبَارَهُمْ ﴿٢٧﴾
ذٰلِكَ بِأَنَّهُمُ اتَّبَعُوا مَآ أَسْخَطَ اللّٰهَ وَكَرِهُوا رِضْوَانَهُ
فَأَحْبَطَ أَعْمَالَهُمْ ﴿٢٨﴾ أَمْ حَسِبَ الَّذِينَ فِي قُلُوبِهِم مَّرَضٌ
أَن لَّن يُخْرِجَ اللّٰهُ أَضْغَانَهُمْ ﴿٢٩﴾ وَلَوْ نَشَآءُ لَأَرَيْنٰكَهُمْ
فَلَعَرَفْتَهُم بِسِيمٰهُمْ وَلَتَعْرِفَنَّهُمْ فِي لَحْنِ الْقَوْلِ وَاللّٰهُ
يَعْلَمُ أَعْمَالَكُمْ ﴿٣٠﴾ وَلَنَبْلُوَنَّكُمْ حَتّٰى نَعْلَمَ الْمُجٰهِدِينَ
مِنكُمْ وَالصّٰبِرِينَ وَنَبْلُوَا أَخْبَارَكُمْ ﴿٣١﴾ إِنَّ الَّذِينَ كَفَرُوا
وَصَدُّوا عَن سَبِيلِ اللّٰهِ وَشَآقُّوا الرَّسُولَ مِنۢ بَعْدِ
مَا تَبَيَّنَ لَهُمُ الْهُدٰى لَن يَضُرُّوا اللّٰهَ شَيْـًٔا وَسَيُحْبِطُ أَعْمَالَهُمْ ﴿٣٢﴾
يٰٓأَيُّهَا الَّذِينَ ءَامَنُوٓا أَطِيعُوا اللّٰهَ وَأَطِيعُوا الرَّسُولَ وَلَا
تُبْطِلُوٓا أَعْمَالَكُمْ ﴿٣٣﴾ إِنَّ الَّذِينَ كَفَرُوا وَصَدُّوا عَن

**તો કેવું થશે જ્યારે ફરિશ્તાઓ તેમનો જીવ કાઢશે તેમનાં મોઢાંઓ અને તેમના બરડાઓમાં મારી મારીને[૧૬૬] (૨૭) આ એટલા માટે કે તેઓ એવી વાતના તાબે થયા જેમાં અલ્લાહની નારાજી છે,[૧૬૭] અને તેની ખુશી[૧૬૮] તેમને ગમી નહિ તો તેણે તેમનાં કર્મો વ્યર્થ કરી દીધાં (૨૮) જેમના હૃદયોમાં રોગ છે[૧૬૯] શું તેઓ એવા ગુમાનમાં છે કે અલ્લાહ તેમનાં છૂપાં વેર જાહેર નહિ કરે ?[૧૭૦] (૨૯) અને જો અમે ઇચ્છીએ તો તમને તેઓ દેખાડી દઇએ કે તમે (તેમને) તેમની શિકલ પરથી ઓળખી કાઢો,[૧૭૧] અને જરૂર તમે તેમને વાતના લ્હેકા પરથી ઓળખી કાઢશો.[૧૭૨] અને અલ્લાહ તમારા અમલ જાણે છે[૧૭૩] (૩૦) અને અવશ્ય અમે તમારૂં પારખું કરીશું[૧૭૪] એટલે સુધી કે તમારા જેહાદ કરનારાઓ અને સબર કરનારાઓને જોઇ લઇએ[૧૭૫] અને તમારી ખબરો અજમાવી લઇએ[૧૭૬] (૩૧) બેશક ! તેઓ જેમણે કુફ્ર કર્યું અને અલ્લાહના માર્ગથી[૧૭૭] અટકાવ્યા અને રસૂલનો વિરોધ કર્યો હિદાયત તેમની ઉપર જાહેર થઇ ગઇ હતી તે પછી, તેઓ કદાપી અલ્લાહને કશું નુકશાન પહોંચાડી શકવાના નથી. અને તેમનું કરેલું કારવેલું અલ્લાહ ખૂબ જલ્દી વ્યર્થ કરી આપશે[૧૭૮] (૩૨) અય ઇમાનવાળાઓ ! અલ્લાહનો હુકમ માનો અને રસૂલનો હુકમ માનો[૧૭૯] અને પોતાના અમલ વ્યર્થ કરો નહિ[૧૮૦] (૩૩) બેશક ! જેમણે કુફ્ર કર્યું અને અલ્લાહના**

૧૪૯. ગભરાઇ જઇને.

૧૫૦. અલ્લાહ તઆલા અને રસૂલના.

૧૫૧. અને જેહાદ ફર્ઝ કરી દેવામાં આવ્યું.

૧૫૨. ઇમાન અને ફરમાંબરદારી પર અટલ રહીને.

૧૫૩. લાંચ લો, જુલમ ગુજારો, પરસ્પર લડો, એકબીજાને મારી નાંખો.

૧૫૪. ફસાદી.....

૧૫૫. કે સાચો રસ્તો દેખતા નથી.

૧૫૬. કે જેથી સત્યને ઓળખે.

૧૫૭. કુફ્રનાં જેથી સત્ય વાત તેની અંદર પહોંચતી જ નથી.

૧૫૮. નિફાકના કારણે.

૧૫૯. અને હિદાયતનો માર્ગ જાહેર થઇ ચૂક્યો હતો. કતાદાએ કહ્યું કે; આ એહલે કિતાબ કાફિરોની હાલત છે જેમણે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને ઓળખ્યા તેમજ આપના વખાણ અને ગુણોનું વર્ણન પોતાની કિતાબમાં જોયું છતાં જાણ્યા પિછાણ્યા પછી કુફ્ર ધારણ કર્યું. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમા ઝહાક અને સદીનું કહેવું છે કે; આનો ઇશારો મુનાફિકો તરફ છે જેઓ ઇમાન લાવીને કુફ્ર તરફ પલ્ટી ગયા.

૧૬૦. અને બુરાઇઓને તેમની દ્રષ્ટિમાં એવી શણગારી કે તેને સારી સમજ્યા.

سَبِيْلِ اللّٰهِ ثُمَّ مَاتُوْا وَهُمْ كُفَّارٌ فَلَنْ يَّغْفِرَ اللّٰهُ لَهُمْ ﴿٣٤﴾
فَلَا تَهِنُوْا وَتَدْعُوْٓا اِلَى السَّلْمِ وَاَنْتُمُ الْاَعْلَوْنَ وَاللّٰهُ
مَعَكُمْ وَلَنْ يَّتِرَكُمْ اَعْمَالَكُمْ ﴿٣٥﴾ اِنَّمَا الْحَيٰوةُ الدُّنْيَا لَعِبٌ
وَّلَهْوٌ وَاِنْ تُؤْمِنُوْا وَتَتَّقُوْا يُؤْتِكُمْ اُجُوْرَكُمْ وَلَا يَسْـَٔلْكُمْ
اَمْوَالَكُمْ ﴿٣٦﴾ اِنْ يَّسْـَٔلْكُمُوْهَا فَيُحْفِكُمْ تَبْخَلُوْا وَيُخْرِجْ
اَضْغَانَكُمْ ﴿٣٧﴾ هٰٓاَنْتُمْ هٰٓؤُلَاۗءِ تُدْعَوْنَ لِتُنْفِقُوْا فِيْ سَبِيْلِ
اللّٰهِ فَمِنْكُمْ مَّنْ يَّبْخَلُ وَمَنْ يَّبْخَلْ فَاِنَّمَا يَبْخَلُ عَنْ
نَّفْسِهٖ وَاللّٰهُ الْغَنِيُّ وَاَنْتُمُ الْفُقَرَاۗءُ وَاِنْ تَتَوَلَّوْا يَسْتَبْدِلْ
قَوْمًا غَيْرَكُمْ ثُمَّ لَا يَكُوْنُوْٓا اَمْثَالَكُمْ ﴿٣٨﴾
سورة الفتح مدنية بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
اِنَّا فَتَحْنَا لَكَ فَتْحًا مُّبِيْنًا ﴿١﴾ لِّيَغْفِرَ لَكَ اللّٰهُ مَا تَقَدَّمَ

**માર્ગથી અટકાવ્યા પછી કાફિર જ મર્યા તો અલ્લાહ તેમને કદાપી માફ નહિ કરે[૧૬૧]. (૩૪) તો તમે આળસ કરો નહિ[૧૬૨] અને તમે પોતે સુલેહ તરફ બોલાવો નહિ[૧૬૩] અને તમે જ જીતશો, અને અલ્લાહ તમારી સાથે છે અને તે કદાપી તમારા અમલોમાં તમને ખોટ નહિ આપે[૧૬૪] (૩૫) દુનિયાનું જીવન તો આવું જ ખેલકૂદ છે[૧૬૫] અને જો તમે ઇમાન લાવો અને પરહેઝગારી કરો તો તે તમને તમારા સવાબ આપશે અને કંઇ તમારી પાસે નહિ માંગે તમારી માલ દોલત[૧૬૬] (૩૬) અગર તે[૧૬૭] (માલ દોલત) તમારી પાસે માંગે અને વધુ પ્રમાણમાં માંગે તો તમે કંજૂસાઇ કરશો અને તે કંજૂસાઇ તમારા દિલોનો મેલ ખુલ્લો પાડી દેશે (૩૭) હા ! આ તમે જ છો જે બોલાવવામાં આવો છો કે; અલ્લાહના માર્ગમાં વાપરો.[૧૬૮] તો તમારામાં કોઇ કંજુસી કરે છે અને જે કંજૂસી કરે[૧૬૯] તે પોતાના જીવ પર જ કંજૂસી કરે છે અને અલ્લાહ તો નિર્લેપ છે[૧૭૦] અને તમે બધા મોહતાજ છો.[૧૭૧] અને જો તમે મોઢું ફેરવો[૧૭૨] તો તે તમારી સિવાય બીજા લોકો બદલી નાખશે પછી તેઓ તમારી જેવા નહિ હોય[૧૭૩] (૩૮)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૧૭૪]**

**બેશક ! અમે તમારા માટે ઉઘાડો વિજય આપ્યો[૧૭૫] (૧)**

૧૬૧. કે હજુ તો ઘણી ઊંમર પડેલી છે ખૂબ દુનિયાનો એશ ભોગવી લો. અને એ રીતે તેમની ઉપર શયતાનનો ફરેબ ચાલી ગયો.

૧૬૨. અર્થાત એહલે કિતાબ અથવા મુનાફિકોએ છુપી રીતે.

૧૬૩. અર્થાત મુશરિકોને.

૧૬૪. કુરઆને અને દીનના આદેશો.

૧૬૫. અર્થાત સય્યિદે આલમ મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની અદાવત અને હુઝૂર વિરૂધ્ધ આપના દુશ્મનોની મદદ કરવામાં અને લોકોને જિહાદથી અટકાવવા બાબત.

૧૬૬. લોખંડી ગદાઓથી.

૧૬૭. અને તે વાત એ કે લોકોને રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના સંગાથમાં જેહાદ માટે જવાથી રોકવું અને કાફિરોની મદદ કરવી. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું છે કે; તે વાત એટલે કે તવરાતમાં હુઝૂરની જે તારીફ અને ગુણો આલેખાએલાં છે તેને સંતાડવું.

૧૬૮. ઇમાન અને આજ્ઞાપાલન અને મુસલમાનોની મદદ અને રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સાથે જેહાદમાં જવું.

૧૬૯. મુનાફિકપણાનો.

૧૭૦. અર્થાત તેમની તે અદાવતો જે તેઓ મુસલમાનો સાથે ધરાવે છે.

૧૭૧. **હદીષ** :- હઝરત અનસ રદીયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું કે આ આયત ઉતર્યા પછી રસૂલે કરીમ

સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની દ્રષ્ટિમાં કોઇ મુનાફિક છુપો રહ્યો નહિ આપ તે તમામને તેમની શિકલો પરથી ઓળખી લેતા હતા.

૧૭૨. અને તેઓ પોતાના અંતરની હાલત તમારાથી છાની રાખી શકવાના નથી. એ પછી જે પણ મુનાફિક હોઠ હલાવતો કે તરત હુઝૂર તેના મુનાફિકપણાને તેની વાત પરથી અને તેની વાતના અંદાઝ પરથી ઓળખી લેતા હતા.

**ફાયદો** :- અલ્લાહ તઆલાએ હુઝૂરને જાણકારી (ઇલ્મ)ની ઘણી રીતો આપી તેમાંથી એક શિકલ જોઇને ઓળખી કાઢવું (આંતરિક હાલતને) અને વાત પરથી જાણી લેવું પણ છે.

૧૭૩. અર્થાત પોતાના બંદાઓનાં તમામ કર્મો. બધાંને એના પ્રમાણમાં બદલો આપશે.

૧૭૪. કસોટીમાં નાંખીશું.

૧૭૫. અર્થાત ખુલ્લા પાડીએ.

૧૭૬. જેથી જાહેર થઇ જાય કે આજ્ઞાપાલન અને નિખાલસતાના દાવામાં તમારામાં કોણ ઉત્તમ છે.

૧૭૭. તેના બંદાઓને.

૧૭૮. અને તેમને સદકા વિગેરે કોઇ વસ્તુનો સવાબ મળશે નહિ કારણ કે જે કાર્ય અલ્લાહ તઆલા માટે ન હોય તેનો સવાબ જ શું ?

**શાને નુઝૂલ** :- જ્યારે કુરેશીઓ જંગે બદ્ર માટે નીકળ્યા ત્યારે તે વરસ દુકાળનું હતું. સૈન્યનું જમણ કુરેશના માલદારોએ વારા ફરતી પોતાના શિરે લઇ લીધું હતું, મક્કા મુકર્રમામાંથી નીકળ્યા પછી સર્વ પ્રથમ જમાડવાનો વારો અબૂજહલનો હતો જેના માટે તેણે દસ ઊંટો ઝુબેહ કર્યાં હતાં, પછી ઉસફાન સ્થળે પહોંચ્યા ત્યાં સફવાન તરફથી નવ ઊંટો, પછી કદીદ મુકામે સહલે દસ ઊંટો કાપ્યાં. ત્યાંથી એ લોકો સમુદ્ર તરફ વળી ગયા અને રસ્તો ખોવાઇ ગયો. એક દિવસ રોકાયા ત્યાં શયબહ તરફથી જમણ અપાયું અને નવ ઊંટો કપાયાં. ત્યાંથી અબવામાં પહોંચ્યા ત્યાં મકબસ જહમીએ નવ ઊંટો કાપ્યાં. હઝરત અબ્બાસ (જેઓ તે સમયે કાફિરો સાથે હતા) તરફથી પણ દાવત થઇ અને આપના તરફથી દસ ઊંટો ઝુબેહ કરાયાં. પછી હારિસ તરફથી નવ અને અબુલ બખ્તરી તરફથી બદ્રની નહેર પર દસ ઊંટ કપાયાં. તે જમણ આપનારાઓ વિષે આ આયત ઉતરી.

૧૭૯. અર્થાત ઇમાન અને આજ્ઞાપાલન પર અટલ રહો.

૧૮૦. રિયાકારી અને નિફાકથી.

**શાને નુઝૂલ** :- અમુક લોકોનું માનવું હતું કે જે રીતે શિર્કના કારણે કોઇ નેકી લાભ આપતી નથી તે જ રીતે ઇમાનના કારણે કોઇ ગુન્હો નુકસાન કરતો નથી. તેમના માટે આ આયત ઉતારવામાં આવી અને કહેવાયુ કે મુઅમિન માટે અલ્લાહ અને રસૂલના હુકમોનું પાલન અનિવાર્ય છે અને ગુન્હાઓથી બચવું જરૂરી છે.

**મસઅલો** :- આ આયતમાં અમલને વ્યર્થ કરવાની મનાઇ કરવામાં આવી તેથી માણસ જે અમલ શરૂ કરે ભલે તે નિફલ જ હોય નમાઝ અથવા રોઝા અથવા અન્ય કંઇ તો જરૂરી છે તેને વ્યર્થ કરે નહિ (તોડી નાંખે નહિ અથવા દેખાવ ખાતર કરે નહિ).

૧૮૧. **શાને નુઝૂલ** :- આ આયત કલીબવાળાઓ વિષે ઉતરી. કલીબ બદ્રમાં એક કૂવો છે જેમાં મરાએલા કાફિરોને નાંખવામાં આવ્યા હતા અબૂજહલ અને તેના સાથીદારો વિગેરે. અને આયતનો હુક્મ

દરેક કાફિરને લાગુ પડે છે જે કાફિર જ મર્યા હોય તેની અલ્લાહ તઆલા મગફેરત નહિ કરે.

ત્યાર પછી રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના સહાબાને સંબોધવામાં આવે છે અને એનો હુક્મ તમામ મુસલમાનોને લાગુ પડે છે.....

૧૮૨. અર્થાત દુશ્મનના મુકાબલા વખતે પોતાની કમજોરી જાહેર કરો નહિ.

૧૮૩. કાફિરોને. કરતબીમાં છે કે આ આયતના હુકમમાં ઉલમાનો મતભેદ છે અમુકનું કહેવું છે કે આ આયત ''વઇન જનહુ... (કાફિરો જો સુલેહ ઇચ્છે તો સુલેહ કરો) વાળી આયતને મન્સૂખ કરે છે કારણ કે અલ્લાહ તઆલાએ (આ આયતમાં) મુસલમાનોને સુલેહ તરફ નમવાની મનાઇ કરી જ્યારે કે સુલેહની જરૂર ન હોય. જ્યારે અમુકનું કહેવું છે કે આ આયત મન્સૂખ છે અને ''વઇન જનહૂ..... વાળી આયત એની નાસિખ છે. અને એક મંતવ્ય એવું છે કે આ આયત મુહકમ (સ્પષ્ટ હુકમ દર્શાવનાર) છે અને બન્ને આયતો બે અલગ અલગ સમયોમાં અલગ અલગ પરિસ્થિતિ વિષે ઉતરી. અને એક કથન એવું છે કે ''વઇન જનહૂ'' વાળી આયતનો હુકમ એક ખાસ કોમ માટે છે અને આ આયત ખાસ એવું કહેવા માટે છે કે કાફિરો સાથે સુલેહના કરાર જાઇઝ નથી પણ જ્યારે કે મુસલમાન કમજોર હોય અને મુકાબલો કરી શકતા ન હોય તેવા જરૂરતના સમયે જાઇઝ છે.

૧૮૪. તમને આમાલનો પુરેપુરો બદલો આપવામાં આવશે.

૧૮૫. જેનો અંત બહું જ જલ્દી આવનાર છે અને એમાં મગ્ન થઇ જવાથી કશો લાભ નથી.

૧૮૬. હા ! અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવાનું કહેશે જેથી તમને એનો સવાબ મળે.

૧૮૭. અર્થાત માલદોલત.

૧૮૮. જ્યાં વાપરવું તમારી ઉપર ફર્ઝ કરવામાં આવ્યું છે.

૧૮૯. સદકો કરવામાં અને ફર્ઝ પુરો કરવામાં.

૧૯૦. તમારા સદકાઓ અને આજ્ઞાપાલનથી.

૧૯૧. તેની કૃપા અને મહેરબાનીના.

૧૯૨. તેનો અને તેના રસૂલનો હુક્મ માનવાથી.

૧૯૩. બલ્કે અત્યંત તાબેદાર અને ફરમાબરદાર હશે.

૧૯૪. સૂરએ ફત્હ મદનીય્યહ છે. એમાં ચાર રૂકૂઅ ૨૯ આયતો ૫૬૮ શબ્દો અને ૨૫૫૯ અક્ષરો છે.

૧૯૫. **શાને નુઝૂલ** :- ''ઇન્ના ફતહના'' હુદૈબિયહથી પાછા ફરતાં હુઝૂર પર ઉતરી. હુઝૂરને એના ઉતરાણથી બહુ ખુશી ઉપજી અને સહાબાએ હુઝૂરને અભિનદનો આપ્યાં. (બુખારી, મુસ્લિમ, તિરમિઝી).

હુદૈબિયહ મક્કા મુકર્રમા પાસે એક કૂવો છે. બનાવ ટૂંકમાં એવો છે કે; હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે સ્વપ્ન જોયું કે હુઝૂર પોતાના સહાબા સાથે શાંતિપૂર્વક મક્કા મુકર્રમામાં પ્રવેશ્યા, કોઇએ માથાં બોડાવ્યાં છે તો કોઇએ વાળ કપાવેલા છે અને કઅબા મુઅઝઝમામાં દાખલ થયા, કઅબાની કુંચી લીધી, તવાફ કર્યો, ઉમરહ કર્યો. સહાબાને આ સ્વપ્નના સમાચાર સંભળાવ્યા બધા બહું જ ખુશ થયા. પછી હુઝૂરે ઉમરહનો ઇરાદો ફરમાવ્યો અને ૧૪૦૦ સહાબા સાથે ૧, ઝીલકાદ ૬ હિ. સ. ના રોજ રવાના થયા. ઝુલહલીફા (જગ્યાનું નામ) પહોંચીને ત્યાં મસ્જિદમાં બે રકાત નમાઝ પઢીને ઉમરહનો એહરામ બાંધ્યો અને હુઝૂર સાથે ઘણા સહાબાએ પણ. અમુક સહાબીઓએ હુજફા (જગ્યાનું નામ) થી એહરામ બાંધ્યો. રસ્તામાં પાણી ખલાસ થઇ ગયું સહાબાએ વિનંતી કરી કે પાણી તદ્દન ખલાસ થઇ ગયું છે સિવાય કે હુઝૂરના

**જેથી અલ્લાહ તમારા કારણે તમારા આગલાઓના અને તમારા પાછલાઓના ગુન્હાઓ માફ કરી આપે[૧૯૬] અને પોતાની નેઅમતો તમારા પર સંપૂર્ણ કરે[૧૯૭] અને તમને સીધો માર્ગ દેખાડી દે[૧૯૮] (૨) અને અલ્લાહ તમારી જબરદસ્ત મદદ કરે[૧૯૯] (૩) તે જ છે જેણે ઇમાનવાળાઓના દિલોમાં શાંતિ ઉતારી જેથી તેમને યકીન પર યકીન (શ્રધ્ધા) વધે.[૨૦૦] અને આકાશો તેમજ પૃથ્વીનાં સર્વ સૈન્યો અલ્લાહની માલિકીનાં જ છે[૨૦૧] અને અલ્લાહ ઇલ્મ અને હિકમતવાળો છે[૨૦૨] (૪) જેથી ઇમાનવાળા પુરૂષો અને ઇમાનવાળી સ્ત્રીઓને બગીચાઓમાં લઇ જાય જેની નીચે નહરો વહે, હમેશાં તેમાં રહે, અને તેમની બુરાઇઓ તેમના પરથી ઉતારી નાખે. અને અલ્લાહને ત્યાં એ મહાન સફળતા છે (૫) અને મુનાફિક પુરૂષો અને મુનાફિક સ્ત્રીઓને તેમજ મુશરિક પુરૂષો અને મુશરિક સ્ત્રીઓને અઝાબ કરે જેઓ અલ્લાહ વિષે (ખરાબ) ગુમાન ધરાવે છે[૨૦૩] તેમની ઉપર જ છે માઠું કાળચક્ર[૨૦૪] અને અલ્લાહે તેમની ઉપર કોપ ઉતાર્યો અને તેમની ઉપર ફિટકાર વરસાવી અને તેમની માટે જહન્નમ તૈયાર કરી અને તે**

الفتح ٤٨ — حٰمٓ ٢٦

مِنْ ذَنْۢبِكَ وَمَا تَاَخَّرَ وَيُتِمَّ نِعْمَتَهٗ عَلَيْكَ وَيَهْدِيَكَ
صِرَاطًا مُّسْتَقِيْمًا ﴿۲﴾ وَّيَنْصُرَكَ اللّٰهُ نَصْرًا عَزِيْزًا ﴿۳﴾
هُوَ الَّذِيْۤ اَنْزَلَ السَّكِيْنَةَ فِيْ قُلُوْبِ الْمُؤْمِنِيْنَ
لِيَزْدَادُوْۤا اِيْمَانًا مَّعَ اِيْمَانِهِمْ ؕ وَلِلّٰهِ جُنُوْدُ السَّمٰوٰتِ
وَالْاَرْضِ ؕ وَكَانَ اللّٰهُ عَلِيْمًا حَكِيْمًا ﴿۴﴾ لِّيُدْخِلَ
الْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنٰتِ جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا
الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَا وَيُكَفِّرَ عَنْهُمْ سَيِّاٰتِهِمْ ؕ وَكَانَ
ذٰلِكَ عِنْدَ اللّٰهِ فَوْزًا عَظِيْمًا ﴿۵﴾ وَّيُعَذِّبَ الْمُنٰفِقِيْنَ
وَالْمُنٰفِقٰتِ وَالْمُشْرِكِيْنَ وَالْمُشْرِكٰتِ الظَّآنِّيْنَ
بِاللّٰهِ ظَنَّ السَّوْءِ ؕ عَلَيْهِمْ دَآئِرَةُ السَّوْءِ ۚ وَغَضِبَ
اللّٰهُ عَلَيْهِمْ وَلَعَنَهُمْ وَاَعَدَّ لَهُمْ جَهَنَّمَ ؕ وَسَآءَتْ

વાસણમાં કે તેમાં હજુ થોડું વધ્યું છે, હુઝૂરે વાસણમાં હાથ મુબારક મૂક્યો તો મુબારક આંગળીઓમાંથી ઝરણાંઓ ઉભરાવા માંડયાં, બધા જ માણસોએ પાણી પીધું અને વુઝૂ પણ કર્યું. જ્યારે અસ્ફાન જગ્યાએ પહોંચ્યા ત્યારે સમાચાર આવ્યા કે કુરેશી કાફિરો જંગી સરસામાન સાથે લડવા માટે તૈયાર છે. જ્યારે હુદેબિયહમાં પહોંચ્યા ત્યારે ત્યાંનું પાણી ખલાસ થઇ ગયું, એક ટીપુ પણ વધ્યું નહિ, ગરબી બહું જ હતી. હુઝૂર સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કૂવામાં કોગળો કર્યો. તેની બરકતથી કૂવો પાણીથી ભરાઇ ગયો. બધાંએ પીધું ઊંટોને પાયું. અહીં કુરેશના કાફિરો તરફથી પરિસ્થિતિનો તાગ મેળવવા કેટલાક માણસો મોકલવામાં આવ્યા, બધાંએ જઇને એવું જ કહ્યું કે; હુઝૂર ઉમરહ કરવા પધારેલા છે અને લડાઇનો કોઇ ઇરાદો નથી, પરંતુ તેમને ખાત્રી થઇ નહિ. અંતે તેમણે ઉરવહ બિન મસઊદ સકફીને પરિસ્થિતિ પારખવા મોકલ્યા. જે તાઇફના આગેવાન અને અરબના બહુ માલદાર માણસ હતા. તેમણે આવીને જોયું કે જ્યારે હુઝૂર હાથ મુબારક ધુએ છે ત્યારે સહાબા ટપકતુ પાણી તબર્રૂક સમજીને લેવા માટે પડાપડી કરે છે. જો કદી થૂંકે છે તો તેને મેળવવા દોડાદોડી કરે છે. અને જેને તે મળી જાય છે તે તેને બરકત ખાતર પોતાના ચહેરાઓ અને શરીરો પર લગાડે છે. અને શરીર મુબારકમાંથી જો કોઇ વાળ કદી ખરે તો સહાબા તેને બહું જ માનપૂર્વક ઊંચકી લે છે અને જીવ કરતાં વધારે વ્હાલો ગણે છે, જ્યારે હુઝૂર વાત કરે છે ત્યારે બધા ચૂપ થઇ જાય છે હુઝૂરની અદબ અને તાઝીમ ખાતર કોઇ આંખ ઊંચકીને જોતું નથી. ઉરવાએ જઇને કુરેશને આ તમામ હકીકત કહી સંભળાવી અને કહ્યું કે; હું રોમ ફારસ અને મિસરના બાદશાહોના દરબારોમાં જઇ ચૂક્યો છું મેં કોઇ બાદશાહની આટલી ઇજ્જત દેખી નથી જે મોહંમદ (મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ

કેટલું ખરાબ પરિણામ છે (૬) અને આકાશો તેમજ પૃથ્વીનાં સર્વ સૈન્યો અલ્લાહની માલેકીનાં જ છે અને અલ્લાહ ઇજ્જત તેમજ હિકમતવાળો છે (૭) બેશક ! અમે તમને હાઝિર નાઝિર[૨૦૫] તેમજ ખુશી અને ખોફ સંભળાવતા[૨૦૬] મોકલ્યા (૮) જેથી તમે અય લોકો ! અલ્લાહ અને તેના રસૂલ પર ઇમાન લાવો અને રસૂલની ઇજ્જત અને સન્માન કરો અને સવાર સાંજ અલ્લાહની પવિત્રતા જપો[૨૦૭] (૯) તેઓ જે તમારી બૈઅત કરે છે[૨૦૮] તેઓ તો અલ્લાહની જ બૈઅત કરે છે,[૨૦૯] તેમના હાથો પર[૨૧૦] અલ્લાહનો હાથ છે, તો જેણે વચન ભંગ કર્યું તેણે પોતાના અનિષ્ટ માટે વચન તોડયું,[૨૧૧] અને જેણે તે વચનનું પાલન કર્યું જે તેણે અલ્લાહને આપ્યું હતું તો બહું જલ્દી અલ્લાહ તેને મહાન સવાબ આપશે (૧૦) જે ગમારો પાછળ રહી ગયા હતા[૨૧૨] તેઓ હવે[૨૧૩] તમને કહેશે કે ; 'અમને અમારા માલો દૌલતે અને અમારા ઘરવાળાંઓએ જવાથી અટકાવ્યા,[૨૧૪] હવે હુઝૂર ! અમારા માટે મગફેરત માંગો'[૨૧૫] (તેઓ) પોતાની જીભોથી તે વાત કહે છે જે તેમના હૃદયોમાં નથી.[૨૧૬] તમે કહો ; 'જો અલ્લાહ તમારૂં કંઇક માઠુ ઇચ્છે અથવા તમારી

حمٓ ٢٦ الفتح ٤٨

مَصِيرًا ﴿٦﴾ وَلِلّٰهِ جُنُودُ السَّمٰوٰتِ وَالْأَرْضِ ۚ وَكَانَ
اللّٰهُ عَزِيزًا حَكِيمًا ﴿٧﴾ إِنَّا أَرْسَلْنٰكَ شٰهِدًا وَمُبَشِّرًا
وَنَذِيرًا ﴿٨﴾ لِتُؤْمِنُوا بِاللّٰهِ وَرَسُولِهِ وَتُعَزِّرُوهُ وَ
تُوَقِّرُوهُ ۚ وَتُسَبِّحُوهُ بُكْرَةً وَأَصِيلًا ﴿٩﴾ إِنَّ الَّذِينَ
يُبَايِعُونَكَ إِنَّمَا يُبَايِعُونَ اللّٰهَ ۖ يَدُ اللّٰهِ فَوْقَ
أَيْدِيهِمْ ۚ فَمَنْ نَكَثَ فَإِنَّمَا يَنْكُثُ عَلٰى نَفْسِهِ ۖ
وَمَنْ أَوْفٰى بِمَا عٰهَدَ عَلَيْهُ اللّٰهَ فَسَيُؤْتِيهِ أَجْرًا
عَظِيمًا ﴿١٠﴾ سَيَقُولُ لَكَ الْمُخَلَّفُونَ مِنَ الْأَعْرَابِ
شَغَلَتْنَا أَمْوٰلُنَا وَأَهْلُونَا فَاسْتَغْفِرْ لَنَا ۚ يَقُولُونَ
بِأَلْسِنَتِهِمْ مَا لَيْسَ فِي قُلُوبِهِمْ ۚ قُلْ فَمَنْ يَمْلِكُ
لَكُمْ مِنَ اللّٰهِ شَيْئًا إِنْ أَرَادَ بِكُمْ ضَرًّا أَوْ أَرَادَ

વસલ્લમ)ના સહાબા આપની કરે છે, મને ભય છે કે તમે તેમના મુકાબલામાં સફળ થશો નહિ. કુરેશીઓએ કહ્યું કે; એવી વાત કહો નહિ. આ વરસે તો અમે તેમને પાછા કાઢીશું, ભલે તેઓ આવતા વર્ષે આવે. ઉરવાએ કહ્યું કે મને અંદેશો છે કે તમને કંઇક મુસીબત નડશે. એવું કહીને તેઓ પોતાના સાથીદારો સહીત તાઇફ પાછા ચાલ્યા ગયા. અને આ બનાવ પછી અલ્લાહ તઆલાએ તેમને ઇસ્લામથી પાવન કર્યા. અહીં જ હુઝૂરે સહાબા પાસેથી બયઅત લીધી અને જેને બયઅતે રિદવાન કહે છે. બયઅતના સમાચારથી કાફિરોને ભય પેઠો તેમના સમજદારોને એ જ યોગ્ય લાગ્યું કે સુલેહ કરી લેવામાં આવે. પછી ''સુલેહનામુ'' લખવામાં આવ્યું અને આગામી વર્ષે હુઝૂરને આવવાનું નક્કી થયું. અને એ સુલેહ મુસલમાનો માટે બહું લાભકર્તા નિવડી, બલ્કે પરિણામોના હિસાબે વિજયી નિવડી એટલા માટે જ ઘણા ખરા તફસીરકારો 'ફત્હ'નો અર્થ 'સુલ્હે હુદેબિયહ' ઘટાવે છે અને અમુક લોકો એમાં બધા જ વિજ્યોને સામેલ ગણે છે જે ભવિષ્યમાં થનાર હતા. ભૂતકાળના શબ્દથી વર્ણવવાનું કારણ તે ખાત્રીપૂર્વક બનવાના છે એવું દર્શાવવાનું છે. (ખાઝિન, રૂહુલ બયાન.)

૧૯૬. અને તમારા કારણે તેમની મગફેરત કરે.

૧૯૭. દુનિયાની અને આખેરતની.

૧૯૮. રિસાલતનો પૈગામ પહોંચાડવા અને રાજ્ય વહિવટની રીતરસમો બાબતનો.

૧૯૯. દુશ્મનો પર સંપૂર્ણ કબ્જો આપીને.

૨૦૦. અને પાકી માન્યતા ધરાવતા હોવા ઉપરાંત તેમને મનની શાંતિ પ્રાપ્ત થાય.

ભલાઇનો ઇરાદો કરે તો તેની સામે તમારા વિષેનો કોને કંઇ અધિકાર છે ? બલ્કે અલ્લાહને તમારા કામોની ખબર છે (૧૧) બલ્કે તમે તો એવું જ સમજતા હતા કે રસૂલ અને મુસલમાનો કદાપી ઘેર પાછા આવશે નહિ[૨૧૭] અને એ વાતને જ પોતાના દિલોમાં સારી સમજતા હતા અને તમે ખરાબ ધારણા રાખી[૨૧૮] અને તમે નાશ પામનાર લોક હતા[૨૧૯] (૧૨) અને જેઓ અલ્લાહ અને રસૂલ પર ઇમાન લાવ્યા નહિ[૨૨૦] તો બેશક અમે કાફિરો માટે ભભુકતી આગ તૈયાર કરી રાખી છે (૧૩) અને આકાશો તેમજ પૃથ્વીનું રાજ્ય અલ્લાહનું જ છે. જેને ઇચ્છે તેને માફ કરે અને જેને ચાહે તેને અઝાબ કરે.[૨૨૧] અને અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૧૪) હવે પાછળ બેસી રહેનારા ઓ કહેશે ;[૨૨૨] 'જ્યારે તમે ગનીમતો લેવા જાવ[૨૨૩] તો અમને પણ પોતાની પાછળ આવવા દો[૨૨૪]' તેઓ અલ્લાહની વાત બદલી નાખવા માંગે છે.[૨૨૫] તમે ફરમાવો; 'તમે જરા પણ અમારી સાથે આવશો નહિ અલ્લાહે પહેલેથી આવું જ કહી આપ્યું છે'[૨૨૬]. તો હવે કહેશે ; 'બલ્કે તમને અમારી ઇર્ષા થાય છે'[૨૨૭] બલ્કે તેઓ વાત

حٰمٓ ٢٦ الفتح ٤٨

بِكُمْ نَفْعًا ۭ بَلْ كَانَ اللّٰهُ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرًا ﴿١١﴾ بَلْ
ظَنَنْتُمْ اَنْ لَّنْ يَّنْقَلِبَ الرَّسُوْلُ وَالْمُؤْمِنُوْنَ
اِلٰٓى اَهْلِيْهِمْ اَبَدًا وَّزُيِّنَ ذٰلِكَ فِيْ قُلُوْبِكُمْ وَظَنَنْتُمْ
ظَنَّ السَّوْءِ ښ وَكُنْتُمْ قَوْمًۢا بُوْرًا ﴿١٢﴾ وَمَنْ لَّمْ يُؤْمِنْۢ
بِاللّٰهِ وَرَسُوْلِهٖ فَاِنَّآ اَعْتَدْنَا لِلْكٰفِرِيْنَ سَعِيْرًا ﴿١٣﴾
وَلِلّٰهِ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ۭ يَغْفِرُ لِمَنْ يَّشَاۗءُ
وَيُعَذِّبُ مَنْ يَّشَاۗءُ ۭ وَكَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِيْمًا ﴿١٤﴾
سَيَقُوْلُ الْمُخَلَّفُوْنَ اِذَا انْطَلَقْتُمْ اِلٰى مَغَانِمَ
لِتَاْخُذُوْهَا ذَرُوْنَا نَتَّبِعْكُمْ ۚ يُرِيْدُوْنَ اَنْ
يُّبَدِّلُوْا كَلٰمَ اللّٰهِ ۭ قُلْ لَّنْ تَتَّبِعُوْنَا كَذٰلِكُمْ قَالَ
اللّٰهُ مِنْ قَبْلُ ۚ فَسَيَقُوْلُوْنَ بَلْ تَحْسُدُوْنَنَا ۭ بَلْ

منزل ٦

૨૦૧. તે શક્તિમાન છે જેનાથી ઇચ્છે તેનાથી પોતાના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની મદદ કરે. આકાશ અને પૃથ્વીનાં સૈન્યો એટલે યા તો આસ્માન-જમીનના ફરિશ્તાઓ અથવા આસ્માનના ફરિશ્તાઓ અને ધરતીનાં જાનવરો.

૨૦૨. તેણે ઇમાનવાળાઓના મનને શાંતિ અને વિજય તેમજ સફળતાનો વાયદો એટલા માટે આપ્યો કે...

૨૦૩. કે તે પોતાના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની અને આપ પર ઇમાન લાવનારાઓની મદદ નહિ કરે.

૨૦૪. અઝાબ અને વિનાશનું.

૨૦૫. પોતાની ઉમ્મતના હેવાલ અને આમાલના જેથી કયામતના દિવસે તેમની સાક્ષી આપો.

૨૦૬. અર્થાત ઇમાનવાળાઓને જન્નતની ખુશી અને અનાજ્ઞાંકિતોને દોઝખના અઝાબનો ખોફ સંભળારનાર.

૨૦૭. સવારની પવિત્રતા બોલવામાં ફજરની નમાઝ અને સાંજની પવિત્રતા બોલવામાં બાકી ચારે નમાઝો આવી ગઇ.

૨૦૮. તે બૈઅત એટલે બૈઅતે રિઝવાન જે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે (સહાબા પાસેથી) હુદેબિયહમાં લીધી હતી.

૨૦૯. કારણ કે રસૂલની બૈઅત એ અલ્લાહની જ બૈઅત છે જેમકે રસૂલના હુકમનું પાલન એ

**સમજતા ન હતા[૨૨૮] પણ થોડી[૨૨૯] (૧૫) આ પાછળ રહી ગએલા ગમારોને કહો;[૨૩૦] 'નજીકમાં જ તમે સખત લડાયક કોમ તરફ બોલાવવામાં આવશો[૨૩૧] કે તેમની સાથે લડો અથવા તેઓ મુસલામાન થઇ જાય. પછી જો તમે હુકમ માનશો તો અલ્લાહ તમને સારો સવાબ આપશે.[૨૩૨] અને જો ફરી બેસશો જેવા કે પહેલાં ફરી ગયા હતા[૨૩૩] તો તમને દુ:ખદાયક અઝાબ આપશે' (૧૬) આંધળા માટે કશો વાંધો નથી[૨૩૪] અને ન તો લંગડાને કંઇ બાધ અને ન તો બીમાર પર કશી પકડ.[૨૩૫] અને જે અલ્લાહ અને તેના રસૂલનો હુકમ માને (તો) અલ્લાહ તેને બગીચાઓમાં લઇ જશે જેમની નીચે નહેરો વહે અને જે ફરી જશે[૨૩૬] તેને દુ:ખદાયક અઝાબ કરશે (૧૭) બેશક ઇમાનવાળાઓથી અલ્લાહ રાજી થયો જ્યારે તેઓ પેલા ઝાડ નીચે તમારી બૈઅત કરતા હતા[૨૩૭] તો જે તેમના દિલોમાં છે તે અલ્લાહે જાણ્યું[૨૩૮] તો તેમની ઉપર શાંતિ ઉતારી અને તેમને જલ્દી પ્રાપ્ત થનાર વિજયનું ઇનામ આપ્યું[૨૩૯] (૧૮) અને ઘણી બધી ગનીમતો (આપી)[૨૪૦] જેને લે. અને અલ્લાહ ઇજ્જત અને**

الفتح ٤٨ — حم ٢٦

كانوا لا يفقهون إلا قليلا ﴿١٥﴾ قل للمخلفين من
الأعراب ستدعون إلى قوم أولي بأس شديد
تقاتلونهم أو يسلمون فإن تطيعوا يؤتكم الله
أجرا حسنا وإن تتولوا كما توليتم من قبل
يعذبكم عذابا أليما ﴿١٦﴾ ليس على الأعمى حرج
ولا على الأعرج حرج ولا على المريض حرج ومن
يطع الله ورسوله يدخله جنات تجري من تحتها
الأنهار ومن يتول يعذبه عذابا أليما ﴿١٧﴾ لقد
رضي الله عن المؤمنين إذ يبايعونك تحت
الشجرة فعلم ما في قلوبهم فأنزل السكينة عليهم
وأثابهم فتحا قريبا ﴿١٨﴾ ومغانم كثيرة يأخذونها

منزل ٧

અલ્લાહના જ હુક્મનું પાલન છે.

૨૧૦. જેના વડે તેમણે રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની બૈઅતનું માન મેળવ્યું.

૨૧૧. એ વચન ભંગ કરવાનો વબાલ તેના પર જ પડશે.

૨૧૨. ગિફાર મુઝનિય્યહ અશજઅ અને અસલમ વિગેરે કબીલાઓના.

જ્યારે કે રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે હુદૈબિયહવાળા વરસે ઉમરહની નિય્યતે મક્કા મુકર્રમા જવાનો ઇરાદો કર્યો ત્યારે મદીનાની આજુબાજુના ગામડાંઓવાળા તેમજ મેદાનો અને જંગલોમાં રહેનારાઓ કુરેશીઓની બ્હીકે આપની સાથે જવાથી અટકી ગયા. નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ઉમરો કરવા જાય છે (લડાઇ કરવા જતા નથી) અને કુરબાનીઓ વિગેરે પણ સાથે લીધી છે એવું જાણતા હોવા છતાં સાથે ગયા નહિ. હુઝૂરની હાલતથી સ્પષ્ટ જણાઇ આવતું હતું કે જંગ કરવાનો ઇરાદો નથી છતાં ઘણા ગમારોને જવાનું અઘરૂં લાગ્યું અને તેઓ કામકાજનાં બહાનાંઓ કાઢીને રોકાઇ ગયા. અને તેમની ધારણા એવી હતી કે કુરેશીઓ ખૂબ તાકાતવાળા છે મુસલમાનો તેમની પાસેથી બચીને આવવાના નથી, બધા ત્યાં જ માર્યા જશે. હવે જ્યારે કે અલ્લાહની સહાયથી મામલો તેમની ધારણાથી તદ્દન વિરૂધ્ધ બન્યો ત્યારે હવે તેમને પોતાના નહિ જવા બદલ અફસોસ થશે અને.....

૨૧૩. અર્થાત હુદૈબિયહથી તમારા આગમન સમયે.....

૨૧૪. કારણ કે સ્ત્રીઓ અને બાળકો એકલાં હતાં અને તેમની સંભાળ રાખનાર કોઇ હતું નહિ તેથી અમે આવી શક્યા નહિ.

૨૧૫. અલ્લાહ તઆલા તેમનું જૂઠ જાહેર કરે છે....

૨૧૬. અર્થાત તેઓ માફી માંગવામાં અને મગફેરતની વિનંતિ કરવામાં જૂઠા છે.

૨૧૭. શત્રુઓ. એ બધાંનો ત્યાં જ ખાતમો કરી નાખશે.

૨૧૮. કુફ્ર અને ફસાદના વિજ્યની અને અલ્લાહનો વાયદો પુરો નહિ થવાની.

૨૧૯. અલ્લાહના અઝાબને પાત્ર.

૨૨૦. આ આયતમાં જાહેરાત છે કે જે અલ્લાહ પર અને તેના રસૂલ પર ઇમાન લાવે નહિ અને એમાંથી ગમે તે એકનો પણ ઇન્કાર કરે તે કાફિર છે.

૨૨૧. આ બધું તેની મરજી અને હિકમત પર આધારિત છે.

૨૨૨. જેઓ હુદેબિયહમાં હાજર થયા નહિ.

૨૨૩. ખૈબરની ગનીમતો લેવા જાવ.

એનો બનાવ એવો હતો કે જ્યારે મુસલમાનો હુદેબિયહની સંધીથી પરવાર્યા અને ત્યાંથી પાછા ફર્યા ત્યારે અલ્લાહે તેમને ખૈબરના વિજયનો વાયદો આપ્યો અને ત્યાંની ગનીમતો હુદેબિયહ વખતે હાજર રહેનારાઓ માટે નક્કી કરી દેવામાં આવી. જ્યારે મુસલમાનોને ખૈબર તરફ કૂચ કરવાનો સમય આવ્યો ત્યારે પેલાઓને લાલચ લાગી અને તેમણે કહ્યું.....

૨૨૪. અર્થાત અમે પણ તમારી સાથે ખૈબર આવીશું અને જંગમાં ભાગ લઇશું. અલ્લાહ તઆલા ફરમાવે છે....

૨૨૫. અર્થાત અલ્લાહનો તે વાયદો જે તેણે હુદેબિયહમાં હાજર રહેલાઓને આપ્યો હતો કે ખૈબર ની ગનીમતો માત્ર તેમના માટે જ છે.

૨૨૬. અર્થાત અમે (હુદેબિયહમાંથી) મદીના આવ્યા ત્યાર પહેલાં.

૨૨૭. અને અમે તમારી સાથે ગનીમતો મેળવીએ તે તમને ગમતું નથી (તેના જવાબમાં) અલ્લાહ ફરમાવે છે...

૨૨૮. દીનની.

૨૨૯. માત્ર દુનિયાની. એટલે સુધી કે એમનો માત્ર જબાનથી (દેખાવ પુરતો) ઇકરાર (મુસલમાન હોવાનો) પણ દુનિયા ખાતર જ હતો અને આખેરતની વાતો તો તદ્દન સમજતા ન હતા. (જુમલ)

૨૩૦. જેઓ જુદા જુદા કબીલાઓના લોકો છે અને એમનામાં અમુક એવા લોકો પણ છે જેમની તવબહની આશા રખાય છે અમુક એવા પણ છે જેઓ મુનાફિકપણામાં ખૂબ જ સખ્ત અને પાકા છે અને તેમને કસોટીમાં નાખવાનો આશય છે જેથી તવબહ કરનારા અને તવબહ નહિ કરનારાઓમાં ફેર પડી જાય એટલા માટે કહેવામાં આવ્યું કે એમને કહી આપો.

૨૩૧. એ કોમનો નિર્દેશ બની હનીફા પ્રતિ છે જેઓ યમામાના રહીશ અને મુસૈલમા કઝઝાબની કોમના લોકો હતા જેમની સાથે હઝરત અબૂબક્ર સિદ્દીક રદીયલ્લાહુ તઆલા અન્હુએ યુધ્ધ કર્યું. અને એવું પણ કહેવાયું છે કે તે કોમ એટલે રોમ અને ફારસવાળાઓ જેમની સામે જેહાદ કરવા હઝરત ઉમર રદીયલ્લાહુ તઆલા અન્હુએ બોલાવ્યા.

૨૩૨. **મસઅલો** :- આ આયત એ વાતની દલીલ છે કે હઝરત અબૂબક્ર સિદ્દીક અને હઝરત ઉમર ફારૂક રદીયલ્લાહુ અન્હુમા એ બન્ને સહાબાઓની ખિલાફત તદ્દન ખરી છે અને તેમના હુકમોનું પાલન કરવા

બદલ જન્નતનો અને ઉલ્લંઘન કરવા બદલ જહન્નમનો વાયદો આપવામાં આવ્યો છે.

૨૩૩. હુદેબિયહના સમયે.

૨૩૪. જેહાદમાં નહિ જવા બદલ.

**શાને નુઝૂલ** :- જ્યારે ઉપરની આયત ઉતરી ત્યારે જે લોકો લુલા લંગડા અને ખોડ ખાપણવાળા હતા તેમણે કહ્યું કે; યા રસૂલલ્લાહ ! સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અમારૂં શું થશે ? ત્યારે આ આયત ઉરતી.

૨૩૫. કારણ કે એમના નહિ નીકળવાનું કારણ તો જાહેર છે, જેહાદમાં ભાગ નહિ લેવો એ લોકો માટે જાઇઝ છે, કારણ કે એવા લોકો દુશ્મન પર હુમલો કરવાની શક્તી ધરાવતા નથી ન તો દુશ્મનના હુમલાથી રક્ષણ કરવાની તાકાત ધરાવે છે. અને એવા વૃધ્ધ લોકો જેમને બેસવા ઉઠવા જેટલી શક્તિ પણ નથી તેઓ પણ આ હુક્મમાં દાખલ છે અને એવા માણસોનો પણ આ હુક્મમાં સમાવેશ થાય છે જેમને દમ અને ઉધરસ નો રોગ હોય અથવા તલ્લીની બીમારીના કારણે ચલાતું ફરાતું ન હોય. જાહેર છે કે આ વસ્તુઓ જેહાદથી રોકનારી છે. એના સિવાય બીજા પણ વ્યાજબી કારણો છે જેમને અતિશય નિર્ધનતા અને સફર માટે અનિર્વાય વસ્તુઓ ન હોવી. એવાં જરૂરી કામો જેના કારણે સફર કરી શકતો ન હોય જેમકે કોઇ બીમારની ચાકરી તેના શિરે હોય અને તેના સિવાય કોઇ બીજું એ કામ કરી શકે એવું ન હોય વિગેરે.

૨૩૬. હુક્મનું પાલન નહિ કરે અને કુફ્ર તેમજ નિફાક પર અડેલો રહેશે...

૨૩૭. હુદેબિયહમાં. એ બૈઅત (પ્રતિજ્ઞા) કરનારાઓને અલ્લાહની રઝા (ખુશી) ના શુભ સમાચાર સંભળાવવામાં આવ્યા તેથી એ બૈઅતને ''બૈયઅતે રિઝવાન'' કહેવામાં આવે છે. એ બૈઅતનું કારણ જાહેરી કારણોમાંથી એ હતું કે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે હુદેબિયહમાંથી હઝરત ઉસ્માન રદીયલ્લાહુ તઆલા અન્હુને કુરેશના આગેવાનો પાસે મક્કા મુકર્રમા મોકલ્યા હતા કે તેઓ મક્કાવાસીઓને કહે કે હુઝૂર તો માત્ર બયતુલ્લાહની ઝિયારત કરવા માટે પધાર્યા છે આપનો ઇરાદો લડાઇ કરવાનો નથી અને તેમને એવું પણ કહ્યું હતું કે જે અશક્ત મુસલમાનો ત્યાં (મક્કામાં) છે તેમને તસલ્લી આપે કે મક્કા મુકર્રમા જલ્દી ફતેહ થશે અને અલ્લાહ તઆલા પોતાના દીનને વિજય આપશે. કુરેશીઓ એ વાત પર અડેલા રહ્યા કે આ વરસે તો હુઝૂરને પરત જ જવાનું. અને હઝરત ઉસ્માનને કહ્યું કે; તમારે કઅબા શરીફનો તવાફ કરવો હોય તો કરી લો. હઝરત ઉસ્માન ગની રદીયલ્લાહુ તઆલા અન્હુએ કહ્યું કે; હું રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ વગર તવાફ કરી લઉં એવું કદાપી બને નહિ. આ બાજુ મુસલમાનો એવું કહેવા માંડયા કે; હઝરત ઉસ્માન મહાન ભાગ્યશાળી છે કે જેઓ કઅબા મુઅઝઝમાના તવાફથી પાવન થયા. હુઝૂરે ફરમાવ્યું; હું જાણું છું કે તેઓ આપણા વગર તવાફ કરશે નહિ. હઝરત ઉસ્માન ગની રદીયલ્લાહુ તઆલા અન્હુએ હુઝૂરના હુક્મ મુજબ મક્કા મુકર્રમાના અશક્ત મુસલમાનોને મક્કા મુકર્રમા ફતેહ થવાની ખુશ ખબર પણ આપી. પછી કુરેશીઓએ હઝરત ઉસ્માન રદીયલ્લાહુ તઆલા અન્હુને રોકી લીધા. અને આ બાજુ એવી વાત ફેલાઇ ગઇ કે હઝરત ઉસ્માનને શહીદ કરી દેવામાં આવ્યા છે. ત્યારે મુસલમાનો પાસેથી કાફિરો સામે લડાઇમાં અડગ રહેવાની બૈઅત લીધી અને બૈઅત એક મોટા કાંટાવાળા ઝાડ નીચે લેવામાં આવી જેને અરબમાં સમરહ કહેવામાં આવે છે. હુઝૂરે પોતાનો ડાબો હાથ પોતાના જમણા હાથમાં લીધો અને ફરમાવ્યું કે; આ ઉસ્માન (રદીયલ્લાહુ અન્હુ) ની બૈઅત છે. અય રબ ! તે તારા અને તારા રસૂલના કામમાં છે. આ બનાવથી જણાય છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને નૂરે નબુવ્વત દ્વારા ખબર હતી કે હઝરત ઉસ્માન શહીદ થયા નથી તેથી જ તો આપે તેમની બૈઅત લીધી.

حم ٢٦ — الفتح ٤٨

وَكَانَ اللّٰهُ عَزِيزًا حَكِيمًا ﴿١٩﴾ وَعَدَكُمُ اللّٰهُ مَغَانِمَ
كَثِيرَةً تَأْخُذُونَهَا فَعَجَّلَ لَكُمْ هٰذِهٖ وَكَفَّ أَيْدِيَ
النَّاسِ عَنْكُمْ وَلِتَكُونَ آيَةً لِّلْمُؤْمِنِينَ وَيَهْدِيَكُمْ
صِرَاطًا مُّسْتَقِيمًا ﴿٢٠﴾ وَأُخْرٰى لَمْ تَقْدِرُوا عَلَيْهَا قَدْ
أَحَاطَ اللّٰهُ بِهَا ۚ وَكَانَ اللّٰهُ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيرًا ﴿٢١﴾ وَلَوْ
قَاتَلَكُمُ الَّذِينَ كَفَرُوا لَوَلَّوُا الْأَدْبَارَ ثُمَّ لَا يَجِدُونَ
وَلِيًّا وَّلَا نَصِيرًا ﴿٢٢﴾ سُنَّةَ اللّٰهِ الَّتِي قَدْ خَلَتْ مِنْ قَبْلُ
وَلَنْ تَجِدَ لِسُنَّةِ اللّٰهِ تَبْدِيلًا ﴿٢٣﴾ وَهُوَ الَّذِي كَفَّ أَيْدِيَهُمْ
عَنْكُمْ وَأَيْدِيَكُمْ عَنْهُمْ بِبَطْنِ مَكَّةَ مِنْ بَعْدِ أَنْ أَظْفَرَكُمْ
عَلَيْهِمْ ۚ وَكَانَ اللّٰهُ بِمَا تَعْمَلُونَ بَصِيرًا ﴿٢٤﴾ هُمُ الَّذِينَ
كَفَرُوا وَصَدُّوكُمْ عَنِ الْمَسْجِدِ الْحَرَامِ وَالْهَدْيَ

**હિકમતવાળો છે (૧૯) અને અલ્લાહે તમને વાયદો આપ્યો છે ઘણી બધી ગનીમતોનો કે (જે) તમે લેશો[૨૪૧] તો તમને આ જલ્દી આપી દીધી અને લોકોના હાથ તમારાથી અટકાવી દીધા[૨૪૨] અને એટલા માટે કે ઇમાનવાળાઓ માટે નિશાની બને[૨૪૩] અને તમને સીધો માર્ગ દેખાડે[૨૪૪] (૨૦) અને એક વધુ જે તમારી શક્તિ બહાર હતી[૨૪૫] તે અલ્લાહના કબ્જામાં છે અને અલ્લાહ દરેક વસ્તુ પર કુદરત ધરાવનાર છે (૨૧) અને જો કાફિરો તમારી સાથે લડાઇ કરે[૨૪૬] તો અવશ્ય તમારા મુકાબલા માંથી પીઠ ફેરવીને ભાગશે[૨૪૭] પછી કોઇ સહાયક કે મદદગાર પામશે નહિ (૨૨) અલ્લાહનો દસ્તૂર છે જે પહેલાંથી જ ચાલ્યો આવે છે[૨૪૮] અને તમે અલ્લાહના નિયમને કદાપી બદલાતો જોશો નહિ (૨૩) અને તે જ છે જેણે તેમના હાથો[૨૪૯] તમારાથી અટકાવી દીધા અને તમારા હાથ તેમનાથી અટકાવી દીધા મક્કાની તળેટીમાં,[૨૫૦] એ પછી કે તમને તેમની ઉપર કાબૂ આપી દીધો હતો. અને અલ્લાહ તમારાં કાર્યો જુએ છે (૨૪) તેઓ[૨૫૧] તે છે જેમણે કુફ્ર કર્યું અને તમને મસ્જિદે હરામથી[૨૫૨]**

મુશરિકો આ બૈઅતના હેવાલ સાંભળીને ભયભિત થયા અને તેમણે હઝરત ઉસ્માન રદીયલ્લાહુ અન્હુ ને મોકલી આપ્યા. હદીષ શરીફમાં છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે જે લોકોએ ઝાડની નીચે બૈઅત કરી હતી તેમાંથી કોઇ પણ દોઝખમાં જશે નહિ. (મુસ્લિમ શરીફ) અને જે ઝાડની નીચે બૈઅત કરવામાં આવી હતી અલ્લાહ તઆલાએ તેને અલોપ કરી દીધું કે બીજા વરસે સહાબાએ તેને ખૂબ ઢુંઢયું પણ તે જડયું નહિ.

૨૩૮. સચ્ચાઇ નિખાલસતા અને વફાદારી.

૨૩૯. અર્થાત ખૈબરના વિજયનું જે હુદૈબિયહથી આવ્યા પછી ૬ મહીના બાદ મળ્યું.

૨૪૦. ખૈબરની અને ખૈબરવાળાઓના માલદોલતની જે રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે વહેંચી.

૨૪૧. અને તમારા વિજયો ચાલુ રહેશે.

૨૪૨. કે તેઓ ખોફ ખાઇ જઇને તમને અને તમારાં બાલ બચ્ચાંઓને નુકસાન કરતા અટકે. એની હકીકત એવી હતી કે જ્યારે મુસલમાનો ખૈબરની લડાઇ માટે નીકળ્યા ત્યારે ખૈબરવાળા સાથે કરારથી જોડાએલા કબીલાઓ બની અસદ અને અતફાનવાળાઓએ ઇરાદો કર્યો કે મદીના તય્યેબા પર હુમલો કરીને મુસલમાનોનાં બાલ બચ્ચાંઓને લૂંટી લે ત્યારે અલ્લાહ તઆલાએ તેમના હૃદયોમાં ખોફ ઘુસાડી દીધો અને તેમના હાથ રોકી લીધા.

૨૪૩. આ ગનીમતો આપવી અને શત્રુઓના હાથ અટકાવી આપવા.

**અટકાવ્યા અને કુરબાનીનાં જાનવરો કે જેઓ પોતાનાં સ્થાને પહોંચવાથી રહી ગયાં.[૨૫૩] અને જો એવું ન હોત કે અમુક મુસલમાન પુરૂષો અને અમુક મુસલમાન સ્ત્રીઓ[૨૫૪] જેમની તમને ખબર નથી[૨૫૫] કે ક્યાંક તમે તેમને ચગદી કાઢો[૨૫૬] તો તેમના તરફથી અજાણતામાં કંઇક અણગમતું તમને પહોંચત, તો અમે તમને તેમની સાથે લડાઇ કરવાની પરવાનગી આપી દેત. તેમનો આ બચાવ એટલા માટે છે કે અલ્લાહ જેને ચાહે તેને પોતાની રહમતમાં દાખલ કરે. જો તેઓ અલગ થઇ જાત[૨૫૭] તો અમે જરૂર તેમની અંદરના કાફિરોને દુ:ખદાયક અઝાબ આપત[૨૫૮] (૨૫) જ્યારે કે કાફિરોએ પોતાના દિલોમાં વટ રાખ્યો તે જ જહાલતના સમયનો વટ,[૨૫૯] તો અલ્લાહે પોતાની શાંતિ પોતાના રસૂલ અને ઇમાનવાળાઓ પર ઉતારી[૨૬૦] અને પરહેઝગારીનો કલ્મો તેમના માટે અનિવાર્ય કર્યો[૨૬૧] અને તેઓ એના વધુ હકદાર અને પાત્ર હતા.[૨૬૨] અને અલ્લાહ સર્વ કંઇ જાણે છે [૨૬૩] (૨૬) બેશક અલ્લાહે સાચો કરી દેખાડયો પોતાના રસૂલનો સત્ય ખ્વાબ[૨૬૪]. બેશક તમે જરૂર મસ્જિદે હરામમાં પ્રવેશશો જો અલ્લાહ ઇચ્છે તો શાંતિપૂર્વક પોતાના માંથાંઓના[૨૬૫] વાળ મુંડાવતા અથવા[૨૬૬] કતરાવતા નિર્ભયપણે તો તેણે જાણ્યું તે**

حٰمٓ ٢٦ — الفتح ٤٨

مَعْكُوفًا أَنْ يَبْلُغَ مَحِلَّهُ ۚ وَلَوْلَا رِجَالٌ مُؤْمِنُونَ
وَنِسَاءٌ مُؤْمِنَاتٌ لَمْ تَعْلَمُوهُمْ أَنْ تَطَئُوهُمْ فَتُصِيبَكُمْ
مِنْهُمْ مَعَرَّةٌ بِغَيْرِ عِلْمٍ ۖ لِيُدْخِلَ اللَّهُ فِي رَحْمَتِهِ مَنْ
يَشَاءُ ۚ لَوْ تَزَيَّلُوا لَعَذَّبْنَا الَّذِينَ كَفَرُوا مِنْهُمْ عَذَابًا
أَلِيمًا ﴿٢٥﴾ إِذْ جَعَلَ الَّذِينَ كَفَرُوا فِي قُلُوبِهِمُ الْحَمِيَّةَ
حَمِيَّةَ الْجَاهِلِيَّةِ فَأَنْزَلَ اللَّهُ سَكِينَتَهُ عَلَىٰ رَسُولِهِ
وَعَلَى الْمُؤْمِنِينَ وَأَلْزَمَهُمْ كَلِمَةَ التَّقْوَىٰ وَكَانُوا
أَحَقَّ بِهَا وَأَهْلَهَا ۚ وَكَانَ اللَّهُ بِكُلِّ شَيْءٍ عَلِيمًا ﴿٢٦﴾
لَقَدْ صَدَقَ اللَّهُ رَسُولَهُ الرُّؤْيَا بِالْحَقِّ ۖ لَتَدْخُلُنَّ
الْمَسْجِدَ الْحَرَامَ إِنْ شَاءَ اللَّهُ آمِنِينَ مُحَلِّقِينَ
رُءُوسَكُمْ وَمُقَصِّرِينَ لَا تَخَافُونَ ۖ فَعَلِمَ مَا لَمْ

૨૪૪. અલ્લાહ તઆલા પર વિશ્વાસ મૂકવાનો અને કાર્યો તેને સુપ્રત કરી આપવાનો જેનાથી આંતરિક દ્રષ્ટિ અને શ્રધ્ધામાં વધારો થાય.

૨૪૫. ફતેહ.

૨૪૬. અર્થાત મક્કાવાસીઓ અથવા ખૈબરવાળાઓના હલીફ લોકો અસદ અને ગતફાન.

૨૪૭. પરાજિત થશે અને તેમની હાર થશે.

૨૪૮. કે તે ઇમાનવાળાઓની મદદ કરે છે અને કાફિરોને નાથે છે.

૨૪૯. અર્થાત કાફિરોના.

૨૫૦. મક્કાના વિજય સમયે, અને એક કથન એવું છે કે 'મક્કાની તળેટી'નો અર્થ હુદેબિયહ છે. અને એના શાને નુઝૂલ અંગે હઝરત અનસ રદીયલ્લાહુ અન્હુએ કહ્યું છે કે; મક્કાવાસીઓમાંથી એંસી યુવાનો હથિયારો લઇને મુસલમાનો પર હુમલો કરવા તનઇમ પર્વત પરથી ઉતર્યા. મુસલમાનોએ તેમને પકડીને હુઝૂરની સેવામાં હાજર કર્યા, હુઝૂરે તેમને માફ કરી છોડી મૂક્યા.

૨૫૧. મક્કાના કાફિરો.

૨૫૨. ત્યાં જવાથી અને તવાફ કરવાથી.

૨૫૩. અર્થાત હરમમાં ઝુબેહ થવાની જગ્યાએ.

૨૫૪. જેઓ મક્કા મુકર્રમામાં છે અને.....

૨૫૫. તમે તેમને ઓળખતા નથી.

جેની તમને ખબર નથી.[૨૬૭] તો તેનાથી પહેલાં[૨૬૮] એક નજીકમાં મળનારો વિજય રાખ્યો[૨૬૯] (૨૭) તે જ છે જેણે પોતાના રસૂલને માર્ગદર્શન અને સાચા દીન સાથે મોકલ્યો કે તેને બધા જ દીનો પર ચઢિયાતો બનાવે.[૨૭૦] અને અલ્લાહ પુરતો સાક્ષી છે[૨૭૧] (૨૮) મોહંમદ અલ્લાહના રસૂલ છે અને તેમના સાથીદારો[૨૭૨] કાફિરો પર સખત છે[૨૭૩] અને પરસ્પર કોમળ હૃદયના.[૨૭૪] તુ તેમને રૂકૂઅ કરતાં સિજદામાં જતાં[૨૭૫] દેખીશ (તેમ જ) અલ્લાહની કૃપા અને ખુશી ઢુંઢતાં. તેમની નિશાની તેમના ચહેરાઓ માં છે સિજદાઓનાં ચિન્હોની.[૨૭૬] આ તેમનો ગુણ તવરાતમાં છે, અને તેમનો ગુણ ઇન્જીલમાં,[૨૭૭] જેવી કે એક ખેતી, તેણે પોતાનો ફણગો કાઢયો પછી તેને તાકાત આપી પછી તે જાડી થઇ પછી પોતાની પીંડલી પર ઉભી થઇ, ખેડૂતોને ગમે છે.[૨૭૮] જેથી કાફિરોના હૃદયોમાં જલન થાય. જે તેમનામાં ઇમાન અને સારા અમલવાળા છે[૨૭૯] તેમને અલ્લાહે વાયદો આપ્યો માફી અને મહાન સવાબનો (૨૯)

حٰمٓ ۲٦ الفتح ۴۸

تَعْلَمُوْا فَجَعَلَ مِنْ دُوْنِ ذٰلِكَ فَتْحًا قَرِيْبًا ﴿۲۷﴾ هُوَ
الَّذِيْٓ اَرْسَلَ رَسُوْلَهٗ بِالْهُدٰى وَدِيْنِ الْحَقِّ لِيُظْهِرَهٗ
عَلَى الدِّيْنِ كُلِّهٖ ؕ وَكَفٰى بِاللّٰهِ شَهِيْدًا ﴿۲۸﴾ مُحَمَّدٌ
رَّسُوْلُ اللّٰهِ ؕ وَالَّذِيْنَ مَعَهٗٓ اَشِدَّآءُ عَلَى الْكُفَّارِ
رُحَمَآءُ بَيْنَهُمْ تَرٰىهُمْ رُكَّعًا سُجَّدًا يَّبْتَغُوْنَ فَضْلًا
مِّنَ اللّٰهِ وَرِضْوَانًا ؗ سِيْمَاهُمْ فِيْ وُجُوْهِهِمْ مِّنْ
اَثَرِ السُّجُوْدِ ؕ ذٰلِكَ مَثَلُهُمْ فِي التَّوْرٰىةِ ۖۛ وَمَثَلُهُمْ
فِي الْاِنْجِيْلِ ۚۛ كَزَرْعٍ اَخْرَجَ شَطْـَٔهٗ فَاٰزَرَهٗ فَاسْتَغْلَظَ
فَاسْتَوٰى عَلٰى سُوْقِهٖ يُعْجِبُ الزُّرَّاعَ لِيَغِيْظَ بِهِمُ
الْكُفَّارَ ؕ وَعَدَ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ
مِنْهُمْ مَّغْفِرَةً وَّاَجْرًا عَظِيْمًا ﴿۲۹﴾

૨૫૬. કાફિરો સાથેની લડાઇ દરમ્યાન.

૨૫૭. અર્થાત મુસલમાનો કાફિરોથી જુદા પડી જાત.

૨૫૮. તમારા હાથોથી કતલ કરાવીને અને તમારી કેદમાં પકડાવીને.

૨૫૯. કે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અને સહાબાને મક્કા મુકર્રમામાં પ્રવેશતાં અટકાવ્યા.

૨૬૦. કે તેઓએ આગામી વરસે આવવા બાબત સુલેહ કરી જો તેઓ પણ કુરેશના કાફિરોની જેમ હઠ કરત તો જરૂર લડાઇ થઇ જાત.

૨૬૧. પરહેઝગારીનો કલ્મો એટલે ''લાઇલાહ ઇલ્લલ્લાહુ મુહમ્મદુર્રસુલુલ્લાહ''.

૨૬૨. કારણ કે અલ્લાહ તઆલાએ તેઓને પોતાના દીન અને પોતાના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના સંગ વડે પાવન કર્યા.

૨૬૩. કાફિરોની હાલત પણ જાણે છે અને મુસલમાનોની પણ. કોઇ વસ્તુ તેનાથી છાની નથી.

૨૬૪. **શાને નુઝૂલ** :- હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે હુદેબિયહનો ઇરાદો કર્યો ત્યાર પહેલાં મદીના તૈયબામાં એક સ્વપ્ન જોયું હતું કે આપ પોતાના સહાબા સાથે શાંતિપૂર્વક મક્કા મુઅઝઝમામાં પ્રવેશ્યા અને સહાબામાંથી અમુકે માથાના વાળ મુંડાવ્યા અમુકે કતરાવ્યા. આ સ્વપ્ન આપે પોતાના સહાબા ને કહ્યું ત્યારે તેમને ખુશી થઇ અને સમજ્યા કે આ વરસે જ મક્કા મુઅઝઝમામાં દાખલ થશે. પણ જ્યારે હુદેબિયહની સંધી પછી મુસલમાનો મદીના તૈયબામાં પાછા આવ્યા ત્યારે મુનાફિકો મશ્કરી ઠઠ્ઠો કરવા માંડ્યા અને પૂછવા માંડયા કે; પેલા સ્વપ્નનું શું થયું ? ત્યારે અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી અને તે

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૨૮૦]**

**અય ઇમાનવાળાઓ ! અલ્લાહ અને તેના રસૂલની આગળ વધો નહિ[૨૮૧] અને અલ્લાહથી ડરો બેશક અલ્લાહ સાંભળતો જાણતો છે (૧) અય ઇમાનવાળાઓ ! એ ગૈબ કહેનાર (નબી) ના અવાજ કરતાં પોતાના અવાજને ઊંચો કરો નહિ[૨૮૨] અને તેમની સમક્ષ બુમો પાડીને વાત કરો નહિ જેવા કે પરસ્પર એક બીજા સામે બુમો પાડો છો, કે ક્યાંક તમારા અમલ વ્યર્થ થઇ જાય નહિ અને તમને જાણ (પણ) થાય નહિ[૨૮૩] (૨) બેશક તેઓ જે રસૂલુલ્લાહ પાસે પોતાના અવાજ ધીમા કરે છે[૨૮૪] તેઓ તે છે જેમનાં હૃદયો અલ્લાહે પરહેઝગારી માટે પારખી લીધાં છે તેમના માટે માફી અને મહાન સવાબ છે (૩) બેશક તેઓ જે આપને ઓરડાઓની બહારથી બુમો પાડે છે તેમાં ઘણા બુધ્ધિવિહોણા છે[૨૮૫] (૪) અને જો તેઓ ધીરજ રાખત એટલે સુધી કે આપ જાતે જ તેમની પાસે પધારત[૨૮૬] તો એ તેમના માટે સારૂં હતું. અને અલ્લાહ માફ કરનાર મહેરબાન છે[૨૮૭] (૫) અય ઇમાનવાળાઓ ! જો કોઇ ફાસિક તમારી પાસે કોઇ ખબર લાવે તો**

حٰمٓ ٢٦ — الحجرات ٤٩

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تُقَدِّمُوْا بَيْنَ يَدَيِ اللّٰهِ وَرَسُوْلِهٖ
وَاتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ سَمِيْعٌ عَلِيْمٌ ﴿١﴾ يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا
لَا تَرْفَعُوْۤا اَصْوَاتَكُمْ فَوْقَ صَوْتِ النَّبِيِّ وَلَا تَجْهَرُوْا
لَهٗ بِالْقَوْلِ كَجَهْرِ بَعْضِكُمْ لِبَعْضٍ اَنْ تَحْبَطَ اَعْمَالُكُمْ
وَاَنْتُمْ لَا تَشْعُرُوْنَ ﴿٢﴾ اِنَّ الَّذِيْنَ يَغُضُّوْنَ اَصْوَاتَهُمْ
عِنْدَ رَسُوْلِ اللّٰهِ اُولٰٓئِكَ الَّذِيْنَ امْتَحَنَ اللّٰهُ
قُلُوْبَهُمْ لِلتَّقْوٰى ؕ لَهُمْ مَّغْفِرَةٌ وَّاَجْرٌ عَظِيْمٌ ﴿٣﴾ اِنَّ
الَّذِيْنَ يُنَادُوْنَكَ مِنْ وَّرَآءِ الْحُجُرٰتِ اَكْثَرُهُمْ لَا
يَعْقِلُوْنَ ﴿٤﴾ وَلَوْ اَنَّهُمْ صَبَرُوْا حَتّٰى تَخْرُجَ اِلَيْهِمْ لَكَانَ
خَيْرًا لَّهُمْ ؕ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٥﴾ يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اِنْ

સ્વપ્નની સત્યતા જાહેર કરી કે જરૂર તેવું થશે જેમ કે આગલા વરસ એવું જ બન્યું અને મુસલમાનો ખૂબ જ દબદબાપૂર્વક વિજેતા તરીકે મક્કા મુકર્રમામાં દાખલ થયા.

૨૬૫. બધા જ.....

૨૬૬. અમુક ......

૨૬૭. અર્થાત તમારો પ્રવેશ આગલા વરસે હતો અને તમે આ વરસે જ સમજી ગયા અને તમારા માટે એ વાર લાગવી સારી હતી કે એના કારણે ત્યાંના અશક્ત મુસલમાનો પાયમાલ થવાથી બચી ગયા.

૨૬૮. અર્થાત હરમમાં પ્રવેશતાં પહેલાં.

૨૬૯. ખૈબરનો વિજય. કે જેથી વાયદો કરાએલી ફતેહ મળતાં સુધી એનાથી મુસલમાનોનાં દિલોને રાહત મળે. ત્યાર પછી જ્યારે આગામી વરસ આવ્યું ત્યારે અલ્લાહ તઆલાએ હુઝૂરના ખ્વાબનો જલ્વો દેખાડયો અને તે મુજબ જ બનાવો બન્યા. જેમકે ફરમાવવામાં આવે છે.....

૨૭૦. ભલે પછી તે મુશરિકોના ધર્મ હોય કે એહલે કિતાબના. જેમકે અલ્લાહ તઆલાએ એ નેઅમત આપી અને ઇસ્લામને બધા જ ધર્મો પર સર્વોપરિતા આપી.

૨૭૧. પોતાના રસૂલની રિસાલત બાબત.

૨૭૨. અર્થાત આપના સહાબા.

૨૭૩. જેમકે વાઘ શિકાર પર. અને સહાબાની સખ્તી કાફિરો સાથે એટલી હદે હતી કે તેઓ એ વાતનો ખ્યાલ અને સંભાળ રાખતા હતા કે તેમનું શરીર કોઇ કાફિરના શરીર સાથે અડી જાય નહિ અને

તેમનાં કપડાં સાથે કોઇ કાફિરનું કપડું લાગવા પામે નહિ. (મદારિક).

૨૭૪. એકબીજા સાથે હેત અને મહોબ્બત ધરાવનાર એવા જેવી કે બાપ બેટામાં હોય છે અને એ મહોબ્બત એટલી બધી વધી ગએલી હોય છે કે જ્યારે એક મુઅમિન બીજા મુઅમિનને જુએ છે ત્યારે હેતથી ઉભરાઇને મુસાફહો અને મુઆનિકો કરે છે.

૨૭૫. ખૂબ નમાઝો પઢતા અને નમાઝોની સંભાળ રાખતા.

૨૭૬. અને એ નિશાની તે નૂર છે જે કયામતના દિવસે તેમના ચેહરાઓમાં ઝળહળશે તેનાથી ઓળખાઇ જશે કે તેઓએ દુનિયામાં અલ્લાહ તઆલાને ખૂબ સિજદાઓ કરેલા છે. અને એવું પણ કહેવાયું છે કે તેમના ચેહરાઓમાં સિજદાની જગ્યા ચૌદમી રાતના ચંદ્ર જેવી ચળકતી હશે. અતાનું કહેવું છે કે રાત્રીની લાંબી નમાઝોના કારણે તેમના ચેહરાઓ પર નૂર ચળકતું હોય છે. જેવું કે હદીષ શરીફમાં છે કે જે રાત્રે ખૂબ નમાઝ પઢતો હોય છે સવારમાં તેનો ચેહરો સુંદર બની જતો હોય છે. અને એવું પણ કહેવાયું છે કે ધૂળની નિશાની પણ સિજદાનું ચિન્હ છે.

૨૭૭. એ મુજબ છે કે.....

૨૭૮. ઇસ્લામના પ્રારંભ અને તેની પ્રગતિ વિષે આ દ્રષ્ટાંત વર્ણવવામાં આવ્યું કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ એકલા ઉભા થયા પછી અલ્લાહ તઆલાએ આપને આપના નિખાલસ સહાબા દ્વારા કુવ્વત આપી. કતાદાએ કહ્યું છે કે હુઝૂરના સહાબાનું દ્રષ્ટાંત ઇન્જીલમાં એ મુજબ વર્ણવાયું છે કે જાણે એક કોમ ખેતીની જેમ જાહેર થશે તેઓ નેકીઓનો આદેશ આપશે અને બદી કરવાની મનાઇ કરશે. કહેવામાં આવ્યું છે કે ખેતી હુઝૂર જાતે છે અને સહાબા તેની ડાળીઓ.

૨૭૯. સહાબા બધા જ ઇમાન અને નેક અમલવાળા છે તેથી આ વાયદો બધાને જ છે.

૨૮૦. સૂરએ હુજરાત મદનીય્યહ છે. એમાં બે રૂકૂઅ ૧૮ આયતો ૩૪૫ શબ્દો અને ૧૪૭૬ અક્ષરો છે.

૨૮૧. અર્થાત તમારા માટે અનિર્વાય છે કે તમારાથી જરા પણ ઉતાવળ થાય નહિ વાતમાં પણ નહિ અને કાર્યમાં પણ નહિ કારણ કે રસૂલ કરતાં આગળ વધી જવું એ અદબ અને માનની વિરૂધ્ધ છે. રસૂલના દરબારમાં અદબ અને આસ્તિક્તા અનિર્વાય છે.

**શાને નુઝૂલ** ;- અમુક માણસોએ કુરબાનીની ઇદના દિવસે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમથી પહેલાં કુરબાની કરી નાખી ત્યારે તેમને હુક્મ આપવામાં આવ્યો કે ફરી કુરબાની કરો. અને હઝરત આઇ-શહ રદીયલ્લાહુ અન્હાએ બયાન કર્યું છે કે; અમુક લોકો રમઝાનથી એક દિવસ પહેલાં રોઝા રાખવાનું શરૂ કરી દેતા હતા ત્યારે આ આયત ઉતરી કે રોઝામાં પોતાના નબીથી આગળ વધો નહિ.

૨૮૨. અર્થાત જ્યારે કંઇક વિનંતી કરવી હોય ત્યારે નરમ અને નીચા આવાજે બોલો, દરબારે રિસાલતનો આવો જ અદબ અને એહતેરામ છે.

૨૮૩. આ આયતમાં હુઝૂરનો માન મરતબો અદબ અને આપના સન્માનનું શિક્ષણ આપવામાં આવ્યું છે અને હુકમ આપવામાં આવ્યો કે પોકારવામાં અદબનો પુરેપુરો ખ્યાલ રાખો જેવું કે પરસ્પર એક બીજાને નામ લઇને બોલાવો છો તેવું ન બોલાવો બલ્કે અદબ માન અને શાનવાળા શબ્દો વડે બોલાવો કારણ કે અદબ નહિ કરવાથી નેકીઓ બરબાદ થઇ જવાનો ભય છે.

**શાને નુઝૂલ** :- હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાએ બયાન કર્યું છે કે આ આયત સાબિત બિન કૈસ બિન શમાસ વિષે ઉતરી તેઓ ઊંચું સાંભળતા હતા અને તેમનો અવાજ પણ ઊંચો હતો, વાત કરતી

(તેની) તપાસ કરી લો[૨૮૮] કે ક્યાંક કોઇ કોમને અજાણતા માં ઇજા પહોંચાડી બેસો નહિ પછી પોતાની કરણી બદલ પસ્તાતા રહી જાવ (૬) અને જાણીલો કે તમારામાં અલ્લાહના રસૂલ છે[૨૮૯], ઘણી બાબતોમાં જો તેઓ તમને રાજી રાખવા જાય[૨૯૦] તો તમે અવશ્ય કષ્ટમાં સપડાઇ જાવ, પરંતુ અલ્લાહે તમને ઇમાન વ્હાલું કરી આપ્યું છે અને એને તમારા હૃદયોમાં શણગારી દીધું અને કુફ્ર તેમજ આજ્ઞાનું ઉલ્લંઘન અને નાફરમાની તમને અણગમતાં કરી આપ્યાં. એવા લોકો જ માર્ગ પર છે[૨૯૧] (૭) અલ્લાહની કૃપા અને આભાર, અને અલ્લાહ ઇલ્મ અને હિકમતવાળો છે (૮) અને જો મુસલમાનોનાં બે જુથો અંદરોઅંદર લડે તો તેમની વચ્ચે સુલેહ કરાવો,[૨૯૨] છતાં જો અતિશયોક્તિ કરે એક (જુથ) બીજા (જુથ) પર[૨૯૩] તો તે અતિશયોક્તિ કરનાર સાથે લડો ત્યાં સુધી કે તે અલ્લાહના હુકમ તરફ પાછા ફરે, પછી જો પાછા ફરે તો ન્યાય મુજબ તેમનામાં સુલેહ કરાવી આપો અને ઇન્સાફ કરો બેશક! ઇન્સાફવાળાઓ અલ્લાહને પ્યારા છે (૯) મુસલમાન મુસલમાન ભાઇ ભાઇ છે[૨૯૪] તો પોતાના બે ભાઇઓમાં સુલેહ કરો[૨૯૫] અને અલ્લાહથી

حٰمٓ ٢٦ — الحجرات ٤٩

جَآءَكُمْ فَاسِقٌۢ بِنَبَاٍ فَتَبَيَّنُوْٓا اَنْ تُصِيْبُوْا قَوْمًاۢ بِجَهَالَةٍ
فَتُصْبِحُوْا عَلٰى مَا فَعَلْتُمْ نٰدِمِيْنَ ﴿٦﴾ وَاعْلَمُوْٓا اَنَّ فِيْكُمْ
رَسُوْلَ اللّٰهِ ؕ لَوْ يُطِيْعُكُمْ فِيْ كَثِيْرٍ مِّنَ الْاَمْرِ لَعَنِتُّمْ وَلٰكِنَّ
اللّٰهَ حَبَّبَ اِلَيْكُمُ الْاِيْمَانَ وَزَيَّنَهٗ فِيْ قُلُوْبِكُمْ وَكَرَّهَ
اِلَيْكُمُ الْكُفْرَ وَالْفُسُوْقَ وَالْعِصْيَانَ ؕ اُولٰٓئِكَ هُمُ
الرّٰشِدُوْنَ ﴿٧﴾ فَضْلًا مِّنَ اللّٰهِ وَنِعْمَةً ؕ وَاللّٰهُ عَلِيْمٌ
حَكِيْمٌ ﴿٨﴾ وَاِنْ طَآئِفَتٰنِ مِنَ الْمُؤْمِنِيْنَ اقْتَتَلُوْا فَاَصْلِحُوْا
بَيْنَهُمَا ۚ فَاِنْۢ بَغَتْ اِحْدٰىهُمَا عَلَى الْاُخْرٰى فَقَاتِلُوا الَّتِيْ
تَبْغِيْ حَتّٰى تَفِيْٓءَ اِلٰٓى اَمْرِ اللّٰهِ ۚ فَاِنْ فَآءَتْ فَاَصْلِحُوْا بَيْنَهُمَا
بِالْعَدْلِ وَاَقْسِطُوْا ؕ اِنَّ اللّٰهَ يُحِبُّ الْمُقْسِطِيْنَ ﴿٩﴾ اِنَّمَا
الْمُؤْمِنُوْنَ اِخْوَةٌ فَاَصْلِحُوْا بَيْنَ اَخَوَيْكُمْ وَاتَّقُوا اللّٰهَ

વખતે અવાજ ઊંચો થઇ જતો હતો. જ્યારે આ આયત ઉતરી ત્યારે સાબિત પોતાના ઘરમાં પુરાઇ ગયા અને કહેવા માંડયા કે હું તો દોઝખવાળાઓમાં થઇ ગયો. હુઝૂરે હઝરત સઅદને તેમની ખબર પૂછી તેમણે કહ્યું કે તેઓ તો મારા પાડોશી જ છે અને મારી જાણ મુજબ તેઓ બીમાર પણ નથી. પછી ઘેર આવીને હઝરત સાબિત ને પૂછયું ત્યારે તેમણે કહ્યું કે; આ આયત ઉતરી છે અને તમે જાણો છો કે હું તમારા બધાં કરતાં ઊંચા અવાજનો છું એટલે હું તો જહન્નમી થઇ ગયો. હઝરત સઅદે તેમની આ હાલત હુઝૂરના દરબારમાં કહી સંભળાવી ત્યારે હુઝૂરે ફરમાવ્યું કે; તેઓ જન્નતી છે.

૨૮૪. અદબ અને તઅઝીમ ખાતર.

**શાને નુઝૂલ** :- ''યા અય્યુહલ્લઝીન આમનૂ લા તરફઉ.....'' વાળી આયત ઉતર્યા પછી (જેમાં હુઝૂરના દરબારમાં જોરથી બોલવાની મનાઇ કરવામાં આવી છે) હઝરત અબૂબક્ર સિદ્દીક અને હઝરત ઉમર ફારૂક રદીયલ્લાહુ અન્હુમા અને બીજા અમુક સહાબાએ ખૂબ જ સાવચેતી વાપરવા માંડી અને દરબારમાં જ્યારે કઇંક કહેતા ત્યારે ખૂબ જ ધીમા અવાજે બોલતા. તે લોકો વિષે આ આયત ઉતરી.

૨૮૫. **શાને નુઝૂલ** :- આ આયત બની તમીમ કબીલાના અમુક લોકો વિષે ઉતરી. તેઓ બપોરના સમયે હુઝૂરની સેવામાં ઉપસ્થિત થયા. હુઝૂર ઘરમાં આરામમાં હતા તે લોકોએ ઘરની બહારથી જ હુઝૂર ને બુમો પાડવાનું શરૂ કર્યું, હુઝૂર બહાર આવ્યા. તે લોકો વિષે આ આયત ઉતરી અને હુઝૂરની શાન અને બુલંદીનું વર્ણન કરવામાં આવ્યું કે આપના દરબારમાં આ રીતે બુમો પાડવી બેઅદબી છે અને મૂર્ખતા તેમજ નાદાની છે. અને તે લોકોને અદબની તાલીમ આપવામાં આવી.

لَعَلَّكُمْ تُرْحَمُونَ ﴿١٠﴾ يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا لَا يَسْخَرْ قَوْمٌ
مِّن قَوْمٍ عَسَىٰ أَن يَكُونُوا خَيْرًا مِّنْهُمْ وَلَا نِسَاءٌ مِّن
نِّسَاءٍ عَسَىٰ أَن يَكُنَّ خَيْرًا مِّنْهُنَّ ۖ وَلَا تَلْمِزُوا
أَنفُسَكُمْ وَلَا تَنَابَزُوا بِالْأَلْقَابِ ۖ بِئْسَ الِاسْمُ
الْفُسُوقُ بَعْدَ الْإِيمَانِ ۚ وَمَن لَّمْ يَتُبْ فَأُولَٰئِكَ
هُمُ الظَّالِمُونَ ﴿١١﴾ يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا اجْتَنِبُوا كَثِيرًا
مِّنَ الظَّنِّ إِنَّ بَعْضَ الظَّنِّ إِثْمٌ ۖ وَلَا تَجَسَّسُوا وَ
لَا يَغْتَب بَّعْضُكُم بَعْضًا ۚ أَيُحِبُّ أَحَدُكُمْ أَن
يَأْكُلَ لَحْمَ أَخِيهِ مَيْتًا فَكَرِهْتُمُوهُ ۚ وَاتَّقُوا اللَّهَ ۚ
إِنَّ اللَّهَ تَوَّابٌ رَّحِيمٌ ﴿١٢﴾ يَا أَيُّهَا النَّاسُ إِنَّا خَلَقْنَاكُم
مِّن ذَكَرٍ وَأُنثَىٰ وَجَعَلْنَاكُمْ شُعُوبًا وَقَبَائِلَ

**ડરો કે (જેથી તમારી ઉપર મહેરબાની થાય[૨૯૬] (૧૦) અય ઇમાનવાળાઓ ! ન તો પુરૂષો પુરૂષોની હાંસી ઉડાડે[૨૯૭], આશ્ચર્યજનક નથી કે તેઓ એ હાંસી ઉડાડનારાઓથી સારા હોય,[૨૯૮] અને ન તો સ્ત્રીઓ સ્ત્રીઓની (હાંસી ઉડાડે) વેગળું નથી કે તેણીઓ એ હાંસી ઉડાડનારીઓથી ઉત્તમ હોય[૨૯૯] અને પરસ્પર મહેણાં મારો નહિ[૩૦૦] અને એક બીજાની ખીજો પાડો નહિ[૩૦૧]. મુસલમાન થઇને ફાસિક કહેવડાવવું કેટલું ખરાબ નામ છે ?[૩૦૨] અને જો તવબહ ન કરે તો તેઓ જ જાલિમ છે (૧૧) અય ઇમાનવાળાઓ ! ખૂબ અનુમાનો (કરવાથી) છેટા રહો[૩૦૩] બેશક અમુક અનુમાનો ગુન્હો બની જાય છે.[૩૦૪] અને (કોઇની) એબ ઢુંઢો નહિ[૩૦૫] અને એકબીજાની ગીબત કરો નહિ,[૩૦૬] શું તમારામાં કોઇને એ ગમશે કે પોતાના મરેલા ભાઇનું માંસ ખાય ? તો એ તો તમને નહિ ગમે.[૩૦૭] અને અલ્લાહથી ડરો. બેશક અલ્લાહ ખૂબ તવબહ કબૂલ કરનાર મહેરબાન છે (૧૨) અય લોકો ! અમે તમને એક પુરૂષ[૩૦૮] અને એક સ્ત્રી[૩૦૯] થી જન્માવ્યા[૩૧૦] અને તમને શાખાઓ તેમજ કબીલાઓ બનાવ્યા**

૨૮૬. અને તેઓને જે કહેવું હતું તે તે સમયે કહેત. આ અદબ તેમના માટે અનિવાર્ય હતો તેઓએ એવું જ કરવું જોઇતું હતું.

૨૮૭. તેમનામાંથી તેઓ માટે જે તવબહ કરે.

૨૮૮. કે ખરી છે કે ખોટી.

**શાને નુઝૂલ** :- આ આયત વલીદ બિન અકબા બાબત ઉતરી. હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે તેમને બની મુસ્તલક કબીલા પાસેથી સદકાઓ ઉઘરાવવા મોકલ્યા હતા અને જહાલતના યુગમાં તેમની વચમાં અદાવત હતી. જ્યારે વલીદ તેમના રહેઠાણ પાસે પહોંચ્યા અને તેમને સમાચાર મળ્યા ત્યારે એવું સમજીને કે તેઓને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે મોકલ્યા છે ઘણા લોકો તેમને સત્કારવા ખાતર આવ્યા. વલીદે એવું વિચાર્યુ કે આ લોકો જુની અદાવતના કારણે તેમને મારી નાખવા માટે આવે છે. એવા ખ્યાલથી વલીદ પાછા નાસી આવ્યા અને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને જઇને કહ્યું કે; તેમણે સદકાઓ આપવાનો ઇન્કાર કર્યો અને મને મારી નાખવા માટે નીકળ્યા. હુઝૂરે ખાલિદ બિન વલીદને પરિસ્થિતિની તપાસ કરવા મોકલ્યા. હઝરત ખાલિદે જોયું કે તે લોકો અઝાનો પોકારે છે નમાઝો પણ પઢે છે અને તેમણે સદકાઓ પણ રજુ કરી દીધા. હઝરત ખાલિદ તે સદકાઓ લઇને હુઝૂરની ખિદમતમાં પાછા આવ્યા અને બધો બનાવ કહી સંભળાવ્યો. ત્યારે આ આયત ઉતરી. અમુક તફસીરકારોએ કહ્યું છે કે, આ આયત આમ (સામાન્ય અર્થમાં) છે. એટલા માટે ઉતરી છે કે ફાસિકની વાત પર વિશ્વાસ મૂકવામાં આવે નહિ.

**મસઅલો** :- આ આયતથી સાબિત થયું કે એક માણસ જો આદિલ હોય તો તેની ગવાહી વિશ્વાસ પાત્ર છે.

૨૮૯. જો તમે જૂઠું બોલશો તો અલ્લાહ તઆલા તરફથી મળેલી માહિતી અનુસાર તેઓ તમારી હાલત ઉઘાડી દઇ તમને ખુલ્લા પાડશે.

૨૯૦. અને તમારી ઇચ્છા મુજબ આદેશ આપે....

૨૯૧. કે સાચા માર્ગ પર અડગ રહ્યા.

૨૯૨. **શાને નુઝૂલ** :- હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ગધેડા પર સવાર થઇને ક્યાંક જઇ રહ્યા હતા, માર્ગમાં અન્સારની મજલિસ પર થઇને પસાર થયા ત્યાં થોડી વાર રોકાયા તે જગ્યાએ ગધેડાએ પેશાબ કર્યો ત્યારે ઇબ્ને ઉબય (મુનાફિકે) નાક બંધ કરી લીધું. હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા રદીયલ્લાહુ તઆલા અન્હૂએ તેને કહ્યું કે; હુઝૂરના ગધેડાનો પેશાબ તારા મુશ્ક (કસ્તુરી) કરતાં વધારે ઉત્તમ સુગંધ ધરાવે છે. હુઝૂર તો ત્યાંથી આગળ વધી ગયા પણ તે બન્નેમાં વાત વધી ગઇ અને તે બન્નેની કોમો પરસ્પર આથડી ગઇ અને બાથમબાથ સુધી નૌબત પહોંચી ગઇ. ત્યારે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પાછા પધાર્યા અને તેમનામાં સુલેહ કરાવી દીધી. તે બાબત આ આયત ઉતરી.

૨૯૩.જુલ્મ ગુજારે અને સુલેહ કરવા તૈયાર ન થાય.

**મસઅલો** :- બંડખોર જુથનો હુક્મ એ જ છે કે તેની સાથે લડાઇ કરવામાં આવે ત્યાં સુધી કે તે લડાઇ કરવાનું મૂકી દે.

૨૯૪. કે તેઓ પરસ્પર દીની સંબંધ અને ઇસ્લામી પ્રેમથી બંધાએલા છે આ દુનિયાના તમામ સંબંધો કરતાં વધારે મજબૂત છે.

૨૯૫. જ્યારે કદી તેમનામાં ઝગડો ઉપસ્થિત થાય.

૨૯૬. કારણ કે અલ્લાહ તઆલાથી ડરવું અને પરહેઝગારી ધારણ કરવી એ ઇમાનવાળાઓના પારસ્પરિક હેત અને મહોબ્બતનું કારણ છે અને જે અલ્લાહ તઆલાથી ડરે છે અલ્લાહ તઆલાની મહેરબાની તેની ઉપર થાય છે.

૨૯૭. **શાને નુઝૂલ** :- આ આયત કેટલાએ બનાવો બાબત ઉતરી. પહેલો બનાવ એ છે કે સાબિત બિન કૈસ બિન શમાસ બ્હેરા હતા. જ્યારે તેઓ હુઝૂરની મજલિસમાં આવતા ત્યારે સહાબા તેમના માટે જગ્યા ખાલી કરીને તેમને આગળ બેસાડતા હતા જેથી તેઓ હુઝૂરની પાસે બેસી આપની મુબારક વાતો સાંભળી શકે. એક દિવસ તેમને આવતાં વાર લાગી અને મજલિસ ભરાઇ ગઇ ત્યારે સાબિત આવ્યા. અને નિયમ એવો હતો કે આવા સમયે જે આવતું ત્યારે તે જ્યાં હોય ત્યાં જ ઉભું રહેતુ. સાબિત આવ્યા ત્યારે તેઓ હુઝૂરની પાસે બેસવા માટે 'જગ્યા આપો જગ્યા આપો' એવું બોલતાં બોલતાં અને લોકોને હટાવતાં હટાવતાં હુઝૂરની પાસે પહોંચી ગયા અને તેમની તથા હુઝૂરની વચ્ચે માત્ર એક જ માણસ રહ્યો તેમણે પેલા માણસ ને પણ કહ્યું કે; જગ્યા આપો. પેલા માણસે કહ્યું કે; તમને જગ્યા મળી ગઇ છે બેસી જાવ. સાબિત ક્રોધે ભરાઇને તેની પાછળ બેસી ગયા. જ્યારે દિવસ સારી રીતે રોશન થયો (અજવાળું થયું) ત્યારે સાબિતે પેલા માણસનું શરીર દબાવીને કહ્યું કે; કોણ છે ? તેણે કહ્યું કે; હું ફલાણો માણસ છું. સાબિતે તેની માનું નામ લઇને કહ્યું કે; ફલાણીનો છોકરો ? ત્યારે પેલા માણસે શરમથી માથું નમાવી લીધું. અને તે સમયમાં એવું વાક્ય નીચું જોવડાવવા કહેવામાં આવતું હતું. તે બાબત આ આયત ઉતરી.

બીજો બનાવ ઝેહાકે વર્ણવ્યો છે કે આ આયત બની તમીમ કબીલાના લોકો વિષે ઉતરી જેઓ હઝરત

અમ્માર હઝરત બિલાલ હઝરત સુહેબ હઝરત સલ્માન હઝરત સાલિમ વિગેરે સહાબીઓની ગરીબીના કારણે તેમની હાંસી ઉડાડતા હતા. તેમના વિષે આ આયત ઉતરી અને કહેવામાં આવ્યું કે પુરૂષો પુરૂષોની ઠેકડી કરે નહિ. અર્થાત માલદારો ગરીબોની અને ઊંચા ખાનદાની લોકો નીચા ખાનદાનવાળાઓની તેમ જ તંદરૂસ્ત ખોડ ખાપણવાળાની અને આંખોવાળાઓ આંધળાઓની ઠેકડી ઉડાડે નહિ.

૨૯૮. સચ્ચાઇ અને નિખાલસતામાં.

૨૯૯. **શાને નુઝૂલ** :- આ આયત હઝરત ઉમ્મુલ મુઅમિનીન સફિય્યહ બિન્તે હુય્ય રદીયલ્લાહુ તઆલા અન્હા વિષે ઉતરી તેમને સમાચાર મળ્યા કે ઉમ્મુલ મુઅમિન હઝરત હફસાએ તેમને યહૂદીની દીકરી કહ્યાં છે તેથી તેમને મનદુ:ખ થયું અને રડી દેવાયું અને સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ને ફરિયાદ કરી ત્યારે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે તેમને કહ્યું કે; અય હફસા ! અલ્લાહથી ડરો. (તિરમિઝી).

૩૦૦. એકબીજાનાં ઐબ વર્ણવો નહિ અને એક મુસલમાને બીજા મુસલમાનનું ઐબ વર્ણવ્યું તો જાણે કે પોતાનું જ ઐબ વર્ણવ્યું.

૩૦૧. જે તેમને ગમતી હોય નહિ.

**મસાઇલ** :- હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું છે કે; જો કોઇ માણસે અમુક ગુન્હાહિત ટેવથી તવબહ કરી લીધી હોય તો તવબહ પછી તેને તે ટેવનું વર્ણન કરી શરમાવવો એ પણ આ મનાઇમાં સામેલ છે અને મના છે. અમુક ઉલમા એ કહ્યું છે કે; કોઇ મુસલમાનને કૂતરો, ગધેડો, સુવ્વર કહેવું પણ આમાં સામેલ છે. અમુક આલિમોએ કહ્યું છે કે એનો નિર્દેશ એવા લકબો (ઉપનામો) તરફ છે જેનાથી કોઇ મુસલમાનની બુરાઇ જાહેર થતી હોય અને એ તેને ગમતું ન હોય. પરંતુ વખાણ જાહેર કરતાં નામો અને લકબોની મનાઇ નથી જેમકે હઝરત અબૂબક્રનો લકબ સિદ્દીક અને હઝરત ઉમરનું ઉપનામ ફારૂક અને હઝરત ઉસ્માનનું ઝુન્નૂરેન અને હઝરત અલીનું અબૂ તુરાબ અને હઝરત ખાલિદનું સૈફુલ્લાહ હતું રદીયલ્લાહુ તઆલા અન્હુમ. અને જે ઉપનામો અથવા ખીજો નામના સ્થાને આવી ગઇ હોય અને નામવાળાને એનાથી માઠું લાગતું ન હોય તો એની પણ મનાઇ નથી.

૩૦૨. તો અય મુસલમાનો બીજા કોઇ મુસલમાનની ઠેકડી ઉડાડીને અથવા તેનું ભુંડુ બોલીને અથવા તેનું નામ વિકૃત કરીને પોતાને ફાસિક કહેવડાવો નહિ.

૩૦૩. કારણ કે દરેક અનુમાન ખરૂં હોતું નથી.

૩૦૪. **મસઅલો** :- નેક મુઅમિન વિષે, ખરાબ અનુમાન બાંધવું મના છે એવી જ રીતે તેની કોઇ વાત સાંભળીને તેનો ખરાબ અર્થ ઘટાવવો પણ મના અને ખરાબ અનુમાન છે જ્યારે કે તે વાતનો બીજો સારો અર્થ પણ ઘટાવી શકાતો હોય અને તે મુસલમાનની હાલત એ સારા અર્થને બંધબેસતી પણ આવતી હોય.

સુફયાન ષૌરી રહમતુલ્લાહે અલયહે કહ્યું છે કે અનુમાન બે જાતનું છે એક તો એ કે દિલમાં ઉદ્ભવે અને તે જીભથી પણ કહી નાખવામાં આવે એ જો મુસલમાન માટે ખરાબ ઇરાદાથી હોય તો એની મનાઇ છે. બીજું એ કે હૃદયમાં ઉદભવે પણ જબાનથી કહે નહિ એ જો કે ગુન્હો નથી પણ એનાથી દિલને ખાલી કરવું જરૂરી છે.

**મસઅલો** :- અનુમાનના ઘણા પ્રકાર છે. એક વાજિબ છે અને તે એ કે અલ્લાહ સાથે સારૂં અનુમાન ધરાવે, એક મુસ્તહબ અને તે નેક મુસલમાન વિષે સારૂં અનુમાન કરવું, એક મના અને હરામ અને તે

حم ۲۶ الحجرات ۴۹

لتعارفوا ان اكرمكم عند الله اتقكم ان
الله عليم خبير (۱۳) قالت الاعراب امنا قل
لم تؤمنوا ولكن قولوا اسلمنا ولما يدخل
الايمان في قلوبكم وان تطيعوا الله ورسوله
لا يلتكم من اعمالكم شيئا ان الله غفور
رحيم (۱۴) انما المؤمنون الذين امنوا بالله
ورسوله ثم لم يرتابوا وجهدوا باموالهم و
انفسهم في سبيل الله اولئك هم الصدقون (۱۵)
قل اتعلمون الله بدينكم والله يعلم ما في
السموت وما في الارض والله بكل شيء
عليم (۱۶) يمنون عليك ان اسلموا قل لا

**કે જેથી પરસ્પર ઓળખાણ ધરાવો.[૩૧૧] બેશક અલ્લાહને ત્યાં તમારામાં સહુથી વધુ આબરૂદાર તે છે જે તમારામાં સહુથી વધુ પરહેઝગાર છે.[૩૧૨] બેશક અલ્લાહ જાણકાર ખબરદાર છે (૧૩) ગમારો બોલ્યા; 'અમે ઇમાન લાવ્યા'[૩૧૩] તમે ફરમાવો; 'તમે ઇમાન તો નથી લાવ્યા,[૩૧૪] હા ! એવું કહો કે; અમે તાબેદાર બન્યા.[૩૧૫] અને ઇમાન હજુ તમારા હૃદયોમાં ક્યાં દાખલ થયું છે.[૩૧૬] ? અને જો તમે અલ્લાહ અને તેના રસૂલના હુકમોનું પાલન કરશો[૩૧૭] તો તમારા કોઇ કામમાં તમને ખોટ નહિ આપે.[૩૧૮] બેશક અલ્લાહ માફ કરનાર મહેરબાન છે' (૧૪) બેશક ઇમાનવાળાઓ તો તે જ છે જેઓ અલ્લાહ અને તેના રસૂલ પર ઇમાન લાવ્યા પછી શંકા કરી નહિ[૩૧૯] અને પોતાના પ્રાણ તેમજ માલ વડે અલ્લાહના માર્ગમાં જેહાદ કર્યુ તેઓ જ સાચા છે[૩૨૦] (૧૫) તમે ફરમાવો; 'શું તમે અલ્લાહને પોતાનો દીન દેખાડો છો અને અલ્લાહ (તો) જે કંઇ આકાશો અને જે કંઇ પૃથ્વીમાં છે તે બધું જ જાણે છે.[૩૨૧] અને અલ્લાહ સર્વ કંઇ જાણે છે [૩૨૨]' (૧૬) અય મહબૂબ ! તેઓ તમારા પર ઉપકાર વર્ણવે છે કે (તેઓ) મુસલમાન**

અલ્લાહ વિષે ખરાબ અનુમાન કરવું અને મુઅમિન વિષે ખરાબ અનુમાન કરવું તે છે અને એક જાઇઝ છે તે એ કે કોઇ જગજાહેર રીતે ગુન્હો કરનારા વિષે તેની હાલતને બંધબેસતું ગુમાન કરે.

૩૦૫. અર્થાત મુસલમાનની એબ ચીંધો નહિ અને તેમના છુપા હેવાલની તપાસ પાછળ પડો નહિ જેને અલ્લાહ તઆલાએ પોતાની સત્તારીથી સંતાડયો છે. ''હદીષ શરીફ'' માં છે કે અટકળો કરવાથી બચો કારણ કે અટકળ મહાન જૂઠ છે. અને મુસલમાનોની એબો ઢુંઢતા ફરો નહિ તેમની અદેખાઇ ઇર્ષા અને બેમુરવ્વતી કરે નહિ. અય અલ્લાહ તઆલાના બંદાઓ ! ભાઇ ભાઇ બનીને જીવો જેવો કે તમને હુકમ અપાયો છે. મુસલમાન મુસલમાનનો ભાઇ છે તેના પર અત્યાચાર કરો નહિ તેને બદનામ કરો નહિ તેને તુચ્છકારો નહિ તકવો (પરહેઝગારી) અહીં છે તકવો અહીં છે તકવો અહીં છે (અને અહીં ના શબ્દ વખતે હુઝૂરે પોતાની છાતી મુબારક તરફ ઇશારો કર્યો) માણસ માટે (તેની બરબાદી માટે) એટલી વાત પુરતી છે કે તે પોતાના મુસલમાન ભાઇને તુચ્છ (દ્રષ્ટિથી) જુએ. દરેક મુસલમાન માટે બીજા મુસલમાન પર હરામ છે તેનું લોહી પણ તેની આબરૂ પણ અને તેની માલ દોલત પણ. અલ્લાહ તઆલા તમારાં મોઢાંઓ અને શરીરો અને અમલો ને નથી દેખતો પણ તે તમારાં હૃદયોને જુએ છે. (બુખારી, મુસ્લિમ)

**હદીષ** :- જે બંદો દુનિયામાં બીજાની એબો ઢાંકે છે અલ્લાહ તઆલા કયામતમાં તેની એબો ઢાંકશે.

૩૦૬. હદીષ શરીફમાં છે કે; ગીબત તેને કહે છે કે કોઇ મુસલમાન ભાઇની પીઠ પાછળ એવી વાત કહેવામાં આવે જે તેને ગમે નહિ, પછી જો તે વાત 'સાચી' હોય તો પણ 'ગીબત' છે અને જો 'જૂઠી' હોય તો તે 'બોહતાન' (આક્ષેપ) છે.

૩૦૭. તો પછી મુસલમાન ભાઇની ગીબત પણ ગમવી જોઇએ નહિ કારણ કે તેને પીઠ પાછળ વગોવવો એ મર્યા પછી તેનું માંસ ખાવા સમાન જ છે. કારણ કે જે રીતે કોઇનું માંસ કાપવાથી તેને દુઃખ થાય છે તેવી જ રીતે તેની કુથલી કરવાથી તેને હાર્દિક દુઃખ થાય છે અને વાસ્તવમાં આબરૂ માંસ કરતાં વધારે વ્હાલી હોય છે.

**શાને નુઝૂલ** :- સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ જ્યારે જેહાદ માટે રવાના થતા ત્યારે એક બે માલદારો સાથે એક ગરીબ મુસલમાનને સોંપી દેતા હતા કે તે ગરીબ પેલાઓની સેવા ચાકરી કરે અને પેલા તેને ખવડાવે પીવડાવે અને એ રીતે બધાંનું કામ ચાલ્યા કરે. એવી જ રીતે (એક સમયે) હઝરત સલ્માન રદીયલ્લાહુ તઆલા અન્હુ બે માણસોના હવાલે કરવામાં આવ્યા, એક દિવસ તેઓ સૂઇ ગયા અને ખાવાનું તૈયાર કરી શક્યા નહિ ત્યારે પેલા બન્નેએ તેમને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પાસે ખાવાનું લેવા માટે મોકલ્યા. હુઝૂરના રસોડાના વ્યવસ્થાપક હઝરત ઉસામા રદીયલ્લાહુ તઆલા અન્હૂ હતા તેમની પાસે તો કશું વધ્યું હતું નહિ. તેમણે કહ્યું કે; મારી પાસે તો કશુંએ નથી. હઝરત સલ્માને આવીને પેલાઓને તેવું કહી સંભળાવ્યું ત્યારે પેલા બન્ને સાથીદારોએ કહ્યું કે; ઉસામાએ બખીલાઇ કરી. જ્યારે તેઓ હુઝૂરની સેવામાં હાજર થયા ત્યારે આપે તેમને કહ્યું કે; હું તમારા મોઢામાં માંસનો રંગ જોઉં છું. પેલાઓએ કહ્યું કે; અમે તો માંસ ખાધું જ નથી. ત્યારે આપે કહ્યું કે; તમે ગીબત કરેલી છે અને જે કોઇ મુસલમાનની ગીબત કરે તો જાણે કે તેનું માંસ ખાધું.

**મસઅલો** :- બધા જ ઇમામોની એકમતિથી ગીબત કબીરા ગુન્હો છે ગીબત કરનાર માટે તવબહ જરૂરી છે. એક હદીષમાં છે કે ગીબતનો કફ્ફારો એ છે કે જેની ગીબત કરી હોય તેના માટે મગફેરતની દુઆ કરે.

**મસઅલો** :- જાહેરમાં ગુન્હો કરનાર (ના તે ગુન્હા)ની ટેવનું વર્ણન કરવું એ ગીબત નથી. હદીષ શરીફમાં છે કે ફાજિરના એબ જાહેર કરો કે જેથી લોકો તેનાથી સાવચેત રહે.

**મસઅલો** :- હસન રદીયલ્લાહુ તઆલા અન્હુએ કહ્યું છે કે; ત્રણ માણસોનું સન્માન કરવામાં નહિ આવે એક સાહિબે હવા (બદ મઝહબ) બીજો જાહેર રીતે ગુન્હો કરનાર, ત્રીજો જુલ્મી બાદશાહ. અર્થાત તેમના એબનું વર્ણન ગીબત નથી.

૩૦૮. હઝરત આદમ અલયહિસ્સલામ.

૩૦૯. હઝરત હવ્વા.

૩૧૦. વંશની આ અંતિમ કડી પર જઇને તમે તમામ એકત્ર થઇ જાવ છો તેથી વંશમાં ગર્વ લેવા જેવું કશુંય નથી બધા જ સરખા છો એક પૂર્વજની ઔલાદ.

૩૧૧. અને બીજાની પેઢીને ઓળખો અને કોઇ પણ પોતાના બાપા-દાદાઓ સિવાય અન્ય સાથે પોતાનો સંબંધ જોડે નહિ અને ન તો પોતાના વંશ પર ગર્વ કરીને બીજાને તુચ્છ સમજે.

ત્યાર પછી એવી બાબતનું વર્ણન કરવામાં આવે છે જે માનવી માટે શ્રેષ્ઠતા અને ઉચ્ચતાનું કારણ અને જેનાથી તેને અલ્લાહના દરબારમાં આબરૂ મળે છે...

૩૧૨. આનાથી જણાયું કે ઇજ્જત અને શ્રેષ્ઠતાનો દારોમદાર પરહેઝગારી પર છે વંશ પર નથી.

**શાને નુઝૂલ** :- રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે મદીના શરીફના બજારમાં એક હબશી ગુલામ નિહાળ્યો તે કહી રહ્યો હતો કે; જે મને ખરીદે તેની સાથે મારી એક શરત એ છે કે તે મને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની પાછળ પાંચે નમાઝો પઢવાથી અટકાવે નહિ. તે ગુલામને એક માણસે

**બન્યા. તમે ફરમાવો ; 'તમારા ઇસ્લામનો ઉપકાર મને કહી સંભળાવો નહિ. બલ્કે અલ્લાહ તમારા પર ઉપકાર વર્ણવે છે કે તેણે તમને ઇસ્લામનો માર્ગ દેખાડયો, જો તમે સાચા હોવ તો[૩૨૩]' (૧૭) બેશક ! અલ્લાહ આકાશો અને પૃથ્વીનાં બધાં ગૈબ જાણે છે અને અલ્લાહ તમારાં કાર્યો જોઇ રહ્યો છે[૩૨૪] (૧૮)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૩૨૫]**

**ઇજ્જતવાળા કુરઆનની કસમ[૩૨૬] (૧) બલ્કે તેમને તો એ વાતનું આશ્ચર્ય થયું કે તેમની પાસે તેમની અંદરનો જ એક ડર સંભળાવનાર પધાર્યો[૩૨૭] તો કાફિરો બોલ્યા ; 'આ તો અજબ વાત છે (૨) શું જ્યારે આપણે મરી જઇશું અને માટી બની જઇશું ત્યારે ફરી જીવતા થઇશું ? આ પરત જવું તો (બુધ્ધિથી) દૂર છે[૩૨૮] (૩) અમે જાણીએ છીએ જમીન તેમની અંદરથી જે ઓછુ કરે છે[૩૨૯] તે અને અમારી પાસે એક યાદ રાખનારી કિતાબ છે[૩૩૦] (૪) બલ્કે તેમણે સત્યને જૂઠાડયુ[૩૩૧] જ્યારે કે તે તેમની પાસે આવ્યું. તો તેઓ એક વ્યાકૂળ ડગમગતી વાતમાં છે[૩૩૨] (૫)**

٥٠ ق — حم ٢٦

تَمُنُّوا عَلَيَّ إِسْلَامَكُم ۖ بَلِ اللَّهُ يَمُنُّ عَلَيْكُمْ
أَنْ هَدَاكُمْ لِلْإِيمَانِ إِن كُنتُمْ صَادِقِينَ ﴿١٧﴾ إِنَّ
اللَّهَ يَعْلَمُ غَيْبَ السَّمَاوَاتِ وَالْأَرْضِ ۚ وَاللَّهُ
بَصِيرٌ بِمَا تَعْمَلُونَ ﴿١٨﴾
سُورَةُ قٓ مَكِّيَّةٌ وَهِيَ خَمْسٌ وَأَرْبَعُونَ آيَةً وَثَلَاثُ رُكُوعَاتٍ
بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ
قٓ ۚ وَالْقُرْآنِ الْمَجِيدِ ﴿١﴾ بَلْ عَجِبُوا أَن جَاءَهُم
مُّنذِرٌ مِّنْهُمْ فَقَالَ الْكَافِرُونَ هَٰذَا شَيْءٌ عَجِيبٌ ﴿٢﴾
أَإِذَا مِتْنَا وَكُنَّا تُرَابًا ۖ ذَٰلِكَ رَجْعٌ بَعِيدٌ ﴿٣﴾ قَدْ عَلِمْنَا
مَا تَنقُصُ الْأَرْضُ مِنْهُمْ ۖ وَعِندَنَا كِتَابٌ حَفِيظٌ ﴿٤﴾
بَلْ كَذَّبُوا بِالْحَقِّ لَمَّا جَاءَهُمْ فَهُمْ فِي أَمْرٍ مَّرِيجٍ ﴿٥﴾

ખરીદી લીધો. પછી તે ગુલામ માંદો થઇ ગયો ત્યારે હુઝૂર તેની ખબર પૂછવા પધાર્યા. પછી તે ગુજરી ગયો ત્યારે હુઝૂર તેના જનાઝામાં પધાર્યા. તે બાબત લોકોએ કંઇક કાનફુંસીયાં કર્યાં ત્યારે આ આયત ઉતરી.

૩૧૩. **શાને નુઝૂલ** :- આ આયત બની સઅદ બિન ખુઝેમા બાબત ઉતરી જેઓ દુકાળના સમયે હુઝૂર ની સેવામાં હાજર થયા અને તેમણે ઇસ્લામ કબૂલ કર્યો હોવાની જાહેરાત કરી અને વાસ્તવમાં તેઓએ ઇમાન સ્વીકાર્યું હતું નહિ. તે લોકોએ મદીનાના માર્ગોમાં ગંદકી કરી અને ભાવો મોંઘા કરી દીધા અને સવાર સાંજ હુઝૂરની સેવામાં હાજર થઇને પોતાના ઇસ્લામ સ્વીકારવાનું એહસાન કહી સંભળાવતા અને કહેતા કે; અમને કંઇક આપો. તેમના વિષે આ આયત ઉતરી.

૩૧૪. સાચા હ્રદયથી.

૩૧૫. દેખાવમાં.

૩૧૬. **મસઅલો** :- માત્ર જબાનથી એકરાર કરવો જેની સાથે હ્રદયનો ટેકો ન હોય તે વિશ્વાસપાત્ર નથી એનાથી માણસ મુઅમિન થતો નથી. આજ્ઞાપાલન અને તાબેદારી એ ઇસ્લામનો શબ્દકોષિય અર્થ છે શરીઅતની રૂએ ઇસ્લામ અને ઇમાનમાં કશો ફેર નથી.

૩૧૭. અંતરથી અને જાહેરમાં સચ્ચાઇ અને નિખાલસતાથી દ્વિમુખી પધ્ધતિને ત્યજીને.

૩૧૮. તમારી નેકીઓનો સવાબ ઓછો નહિ કરે.

૩૧૯. ઇમાનનો દાવો કરવામાં.

૩૨૦. **શાને નુઝૂલ** :- જ્યારે આ બન્ને આયતો ઉતરી તો ગમારો હુઝૂરની સેવામાં હાજર થયા અને

**તો શું તેમણે જોયું નહિ ઉપર આકાશને[૩૩૩] (કે) અમે તેને કેવું બનાવ્યું[૩૩૪] અને શણગાર્યું ?[૩૩૫] અને તેમાં ક્યાંએ કાણું નથી[૩૩૬] (૬) અને પૃથ્વીને અમે ફેલાવી[૩૩૭] અને તેમાં લંગર નાખ્યા[૩૩૮] અને તેમાં દરેક જાતનું ભપકાદાર જોડું ઉગાડયું (૭) પ્રત્યેક કેન્દ્રિત થનાર બંદા માટે[૩૩૯] સુઝ અને સમજ[૩૪૦] (આપનાર) (૮) અને અમે આકાશમાંથી બરકતવાળુ પાણી ઉતાર્યું[૩૪૧] તો તેમાંથી બગીચાઓ ઉગાડયા અને અનાજ જે કાપવામાં આવે છે[૩૪૨] (૯) અને ખજુરનાં ઊંચા ઝાડો કે જેમનો ગોભો પાકો હોય છે (૧૦) બંદાઓની રોજી માટે. અને અમે તેનાથી[૩૪૩] મૃત શહેરને જીવંત કર્યું[૩૪૪] કબરોમાંથી તમારૂં નીકળવું પણ આ રીતનું જ છે[૩૪૫] (૧૧) એમનાથી પહેલાં નૂહની કોમે અને રસ્સવાળાઓ એ[૩૪૬] અને ષમૂદે જૂઠાડયું[૩૪૭] (૧૨) અને આદે અને ફિરઔન અને લૂતના જ્ઞાતિ ભાઇઓએ (૧૩) અને રણવાસીઓએ અને તુબ્બઅની કોમે,[૩૪૮] એમાંથી દરેકે રસૂલોને જૂઠાડયા તો મારા અઝાબનો વાયદો પુરવાર થઇ ગયો[૩૪૯] (૧૪) તો શું અમે પ્રથમવારના સર્જનથી થાકી ગયા ?[૩૫૦] બલ્કે તેઓ નવ સર્જન અંગે[૩૫૧] શંકામાં છે (૧૫)**

ق ٥٠ حٰمٓ ٢٦

أَفَلَمْ يَنظُرُوا إِلَى السَّمَاءِ فَوْقَهُمْ كَيْفَ بَنَيْنَاهَا وَ
زَيَّنَّاهَا وَمَا لَهَا مِن فُرُوجٍ ﴿٦﴾ وَالْأَرْضَ مَدَدْنَاهَا
وَأَلْقَيْنَا فِيهَا رَوَاسِيَ وَأَنبَتْنَا فِيهَا مِن كُلِّ زَوْجٍ
بَهِيجٍ ﴿٧﴾ تَبْصِرَةً وَذِكْرَىٰ لِكُلِّ عَبْدٍ مُّنِيبٍ ﴿٨﴾
وَنَزَّلْنَا مِنَ السَّمَاءِ مَاءً مُّبَارَكًا فَأَنبَتْنَا بِهِ جَنَّاتٍ وَحَبَّ
الْحَصِيدِ ﴿٩﴾ وَالنَّخْلَ بَاسِقَاتٍ لَّهَا طَلْعٌ نَّضِيدٌ ﴿١٠﴾ رِّزْقًا
لِّلْعِبَادِ ۖ وَأَحْيَيْنَا بِهِ بَلْدَةً مَّيْتًا ۚ كَذَٰلِكَ الْخُرُوجُ ﴿١١﴾
كَذَّبَتْ قَبْلَهُمْ قَوْمُ نُوحٍ وَأَصْحَابُ الرَّسِّ وَثَمُودُ ﴿١٢﴾
وَعَادٌ وَفِرْعَوْنُ وَإِخْوَانُ لُوطٍ ﴿١٣﴾ وَأَصْحَابُ الْأَيْكَةِ
وَقَوْمُ تُبَّعٍ ۚ كُلٌّ كَذَّبَ الرُّسُلَ فَحَقَّ وَعِيدِ ﴿١٤﴾ أَفَعَيِينَا
بِالْخَلْقِ الْأَوَّلِ ۚ بَلْ هُمْ فِي لَبْسٍ مِّنْ خَلْقٍ جَدِيدٍ ﴿١٥﴾

તેમણે કસમો ખાધી કે અમે તો નિખાલસ મુઅમિનો છીએ, ત્યારે આગલી આયત ઉતરી અને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને કહેવાયું.....

૩૨૧. તેનાથી કશું છાનુ નથી.

૩૨૨. મુઅમિનનું ઇમાન પણ અને મુનાફિકનું દ્વિમુખીપણુ પણ. તમારે કહેવાની અને ખબર આપવાની જરૂર નથી.

૩૨૩. પોતાના દાવામાં.

૩૨૪. તેનાથી તમારી કોઇ પરિસ્થિતિ છુપી નથી.

૩૨૫. સૂરએ કાફ મક્કહમાં ઉતરેલી છે. એમાં ત્રણ રૂકૂઅ ૪૫ આયતો ૩૫૭ શબ્દો અને ૧૪૯૪ અક્ષરો છે.

૩૨૬. અમે જાણીએ છીએ કે મક્કાના કાફિરો સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પર ઇમાન લાવ્યા નથી.

૩૨૭. જેના ન્યાય ઇમાનદારી સચ્ચાઇ અને નિખાલસતાને તેઓ સારી રીતે જાણે છે અને એ પણ એમના હૃદયોમાં બેઠેલું છે કે આવો ગુણધારી માણસ નિખાલસતા પૂર્વક શિખામણ આપનાર હોય છે છતાં તેમનુ હુઝૂર મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની નબુવ્વત અને હુઝૂરની શિખામણનો ઇન્કાર કરવો આશ્ચર્યજનક છે.

૩૨૮. તેમની એ વાતને રદિયો આપતાં જવાબમાં અલ્લાહ પાક ફરમાવે છે.....

ولقد خلقنا الإنسان ونعلم ما توسوس به
نفسه ۖ ونحن أقرب إليه من حبل الوريد ﴿١٦﴾
إذ يتلقى المتلقيان عن اليمين وعن الشمال
قعيد ﴿١٧﴾ ما يلفظ من قول إلا لديه رقيب
عتيد ﴿١٨﴾ وجاءت سكرة الموت بالحق ۖ ذلك ما
كنت منه تحيد ﴿١٩﴾ ونفخ في الصور ۚ ذلك يوم
الوعيد ﴿٢٠﴾ وجاءت كل نفس معها سائق و
شهيد ﴿٢١﴾ لقد كنت في غفلة من هذا فكشفنا
عنك غطاءك فبصرك اليوم حديد ﴿٢٢﴾ وقال
قرينه هذا ما لدي عتيد ﴿٢٣﴾ ألقيا في جهنم كل
كفار عنيد ﴿٢٤﴾ مناع للخير معتد مريب ﴿٢٥﴾ الذي جعل

**અને બેશક ! અમે માનવીનું સર્જન કર્યું અને જે વસવસો તેનો નફસ નાંખે છે[૩૫૨] તેને અમે જાણીએ છીએ અને અમે હૃદય રગ કરતાં પણ એનાથી વધુ નજીક છીએ[૩૫૩] (૧૬) જ્યારે બે લેનારા[૩૫૪] એની પાસેથી લે છે, એક જમણે બેઠો છે અને એક ડાબે[૩૫૫] (૧૭) કોઇ વાત તે (માનવી) જબાન વડે (એવી) બોલતો નથી કે તેની પાસે એક ચોકીદાર (તે વાત લખવા) તૈયાર બેઠેલો ન હોય[૩૫૬] (૧૮) અને આવી લાગી મૃત્યુ ની સખ્તાઇ[૩૫૭] સત્યની સાથે.[૩૫૮] આ છે તે જેનાથી તુ ભાગતો ફરતો હતો (૧૯) અને સૂર ફૂંકવામાં આવ્યું,[૩૫૯] આ છે અઝાબના વાયદાનો દિવસ[૩૬૦] (૨૦) અને દરેક જીવ એવી રીતે હાજર થયો કે તેની સાથે એક હાંકનાર[૩૬૧] અને એક સાક્ષી[૩૬૨] (૨૧) બેશક તુ એનાથી ગફલતમાં હતો[૩૬૩] તો અમે તારા પરથી પરદો ઉપાડી લીધો[૩૬૪] તો આજે તારી દ્રષ્ટિ તિક્ષ્ણ છે[૩૬૫] (૨૨) અને તેનો સંગાથી ફરિશ્તો[૩૬૬] બોલ્યો; આ છે[૩૬૭] જે મારી પાસે હાજર છે (૨૩) હુકમ થશે; તમે બન્ને દરેક મહાન નગુણા અને જકકીને જહન્નમમાં નાંખી દો (૨૪) જે ભલાઇથી બહું અટકાવનાર હદનું ઉલ્લંઘન કરનાર શંકા કરનાર (હતા)[૩૬૮] (૨૫) જેણે અલ્લાહ સાથે બીજા અન્ય**

૩૨૯. અર્થાત તેમના શરીરના જે ભાગ માંસ લોહી હાડકાંઓ વિગેરેને જમીન ખાઇ જાય છે તેમાંથી કોઇ વસ્તુ અમારાથી છુપી નથી તેથી અમે તેમને ફરીવાર જીવંત કરવા પર શક્તિમાન છીએ. જેવા કે તેઓ પહેલાં હતા.

૩૩૦. જેમાં તેમનાં નામો સંખ્યા અને તેમનામાંથી જમીને જે કંઇ ખાઇ નાંખ્યું છે તે બધું જ જળવાએલું અને લખાએલું છે.

૩૩૧. વગર વિચાર્યે. અને સત્ય (હક્ક)નો મતલબ યા તો નબુવ્વત છે જેની સાથે સ્પષ્ટ મુઅજિઝાઓ છે અથવા એનો મતલબ કુરઆન મજીદ છે.

૩૩૨. તેથી જ નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને કદી શાયર કદી જ્યોતિષી કહે છે અને એ હિસાબે કુરઆને પાકને શાયરી જાદુ અને જ્યોતિષ શાસ્ત્ર કહે છે, ગમે તે એક વાત પર અટલ રહેતા નથી.

૩૩૩. આંતરિક દ્રષ્ટિ અને વિશ્વાસની નજરથી કે એના સર્જનમાં અમારી કુદરતનાં ચિન્હો દેખાય છે.

૩૩૪. થાંભલા વગર ઊંચકયું.

૩૩૫. તારાઓના ઝગમગાટથી.

૩૩૬. કોઇ એબ કે ખાંપણ નથી.

૩૩૭. પાણી સુધી.

૩૩૮. પર્વતોનાં કે જેથી અચલ રહે.

૩૩૯. જે અલ્લાહ તઆલાના સર્જન અને સૃષ્ટિની અચરજ પમાડનાર વસ્તુઓ વિષે ચિંતન મનન

કરીને તેની તરફ કેન્દ્રિત થાય.

૩૪૦. કે તેનાથી દ્રષ્ટિ અને શીખ પ્રાપ્ત થાય.

૩૪૧. અર્થાત વરસાદ જેનાથી દરેક વસ્તુનું જીવન છે અને જેમાં ખૂબ બરકત અને સારા સાર છે.

૩૪૨. જાત જાતનું ઘઉં જવ ચણા વિગેરે.

૩૪૩. વરસાદના પાણીથી.

૩૪૪. જેની લીલોતરી સુકાઇ ચૂકી હતી પછી ફરીવાર તેને લીલુંછમ કરી દીધું.

૩૪૫. તો અલ્લાહ તઆલાની કુદરતનાં ચિન્હો નિહાળ્યા પછી મૃત્યુ પછી ફરીવાર જીવંત થવાનો ઇન્કાર શા માટે કરો છો ?

૩૪૬. રસ્સ એક કૂવાનું નામ હતું જ્યાં તે લોકો પોતાના પશુધન સહીત રહેતા હતા અને મૂર્તિઓને પૂજતા હતા, તે કૂવો અને તેની આજુબાજુની જમીન તેમ જ પોતાનાં જાનવરો સહીત તે લોકો, એ બધું જ ધરતીમાં ધસી ગયું.

૩૪૭. પૈગમ્બરોને.

૩૪૮. એ તમામનું વર્ણન સૂરએ ફુરકાન હજર અને દુખાનમાં થઇ ગયું છે.

૩૪૯. આમાં કુરેશને ધમકી અને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને તસલ્લી આપવામાં આવી છે કે આપ કુરેશના કુફ્ર કરવાથી ગમગીન થશો નહિ અમે હમેશાં રસૂલોની મદદ કરતા આવ્યા છીએ અને તેમના શત્રુઓને અઝાબ કરતા રહ્યા છીએ. ત્યાર પછી હશ્રના ઇન્કારીઓને જવાબ આપવામાં આવે છે....

૩૫૦. કે તેથી બીજીવારનું સર્જન અમને કપરૂ લાગે. આમાં હશ્રના ઇન્કારીઓની હદ દરજ્જાની અજ્ઞાનતા જાહેર કરવામાં આવી છે કે આ સૃષ્ટિ અલ્લાહે સર્જી છે એવું માનતા હોવા છતાં હશ્રમાં જીવતા થવાને અશક્ય સમજે છે.

૩૫૧. અર્થાત મૃત્યુ પછી જીવતા થવા અંગે.

૩૫૨. અમારાથી તેના ભેદો છુપા નથી.

૩૫૩. આ જાણકારીના ઉચ્ચતમ દરજ્જાનું વર્ણન છે કે અમે બંદાની હાલતને તેના પોતાના કરતાં પણ વધારે જાણીએ છીએ. 'વરીદ' તે નસ છે જેમાં થઇને લોહી શરીરના દરેક ભાગમાં પહોંચે છે એ નસ ગરદનમાં હોય છે. અર્થ એ છે કે માનવીનાં અવયવો એક બીજાથી પરદામાં હોય છે પણ અલ્લાહ તઆલા થી કોઇ વસ્તુ પરદામાં નથી.

૩૫૪. ફરિશ્તાઓ જેઓ માનવીનું દરેક કાર્ય અને દરેક વાત લખી લેવા માટે નિયુક્ત કરાએલા છે.

૩૫૫. જમણી બાજુવાળો નેકીઓ લખે છે અને ડાબી બાજુવાળો ગુન્હાઓ લખે છે. આમાં એવું કહેવાયું છે કે અલ્લાહ તઆલાને ફરિશ્તાઓના લખાણની પણ કશી જરૂર નથી તે તો છુપીમાં છુપી વસ્તુને જાણનાર છે, અંતરમાં આવતા ખ્યાલો પણ તેનાથી છુપા નથી. ફરિશ્તાઓનું લખાણ તો રહસ્યના તકાદા અનુસાર છે કે કયામતના દિવસે દરેક માણસનું આમાલનામું તેના પોતાના જ હાથમાં આપી દેવામાં આવે (કે તે પોતે જ વાંચી લે).

૩૫૬. ભલે પછી તે ગમે ત્યાં હોય સિવાય કે કુદરતી હાજત અને સંભોગના વખતે. તે સમયે એ ફરિશ્તાઓ માણસ પાસેથી હટી જાય છે.

**મસઅલો** :- આ બન્ને હાલતોમાં માણસ માટે વાત કરવી જાઇઝ નથી કે જેના કારણે તેને લખવા માટે

مَعَ اللّٰهِ اِلٰهًا اٰخَرَ فَاَلْقِيٰهُ فِي الْعَذَابِ الشَّدِيْدِ ﴿٢٦﴾ قَالَ
قَرِيْنُهٗ رَبَّنَا مَآ اَطْغَيْتُهٗ وَلٰكِنْ كَانَ فِيْ ضَلٰلٍ بَعِيْدٍ ﴿٢٧﴾
قَالَ لَا تَخْتَصِمُوْا لَدَيَّ وَقَدْ قَدَّمْتُ اِلَيْكُمْ
بِالْوَعِيْدِ ﴿٢٨﴾ مَا يُبَدَّلُ الْقَوْلُ لَدَيَّ وَمَآ اَنَا بِظَلَّامٍ
لِّلْعَبِيْدِ ﴿٢٩﴾ ع يَوْمَ نَقُوْلُ لِجَهَنَّمَ هَلِ امْتَلَئْتِ وَتَقُوْلُ
هَلْ مِنْ مَّزِيْدٍ ﴿٣٠﴾ وَاُزْلِفَتِ الْجَنَّةُ لِلْمُتَّقِيْنَ غَيْرَ بَعِيْدٍ ﴿٣١﴾
هٰذَا مَا تُوْعَدُوْنَ لِكُلِّ اَوَّابٍ حَفِيْظٍ ﴿٣٢﴾ ج مَنْ خَشِيَ
الرَّحْمٰنَ بِالْغَيْبِ وَجَآءَ بِقَلْبٍ مُّنِيْبِ ﴿٣٣﴾ لا ادْخُلُوْهَا
بِسَلٰمٍ ذٰلِكَ يَوْمُ الْخُلُوْدِ ﴿٣٤﴾ لَهُمْ مَّا يَشَآءُوْنَ فِيْهَا وَلَدَيْنَا
مَزِيْدٌ ﴿٣٥﴾ وَكَمْ اَهْلَكْنَا قَبْلَهُمْ مِّنْ قَرْنٍ هُمْ اَشَدُّ مِنْهُمْ
بَطْشًا فَنَقَّبُوْا فِي الْبِلَادِ هَلْ مِنْ مَّحِيْصٍ ﴿٣٦﴾ اِنَّ فِيْ ذٰلِكَ

منزل ٧ ع ٢

**મઅબૂદ બનાવ્યા તો તમે બન્ને એને સખત અઝાબમાં નાંખી દો (૨૬) તેનો સાથીદાર શયતાન બોલ્યો;[૩૬૯] ‘અમારા પરવરદિગાર ! મેં એને બંડખોર નથી બનાવ્યો,[૩૭૦] હા ! એ પોતે જ છેટેની ગુમરાહીમાં હતો[૩૭૧]’ (૨૭) (અલ્લાહ) ફરમાવશે કે; ‘મારી પાસે વિવાદ કરો નહિ[૩૭૨] હું તો તમને પ્રથમ જ અઝાબનો ડર સંભળાવી ચૂક્યો હતો[૩૭૩] (૨૮) મારે ત્યાં વાત બદલાતી નથી અને ન હું બંદાઓ પર જુલમ કરૂં’ (૨૯) જે દિવસે અમે જહન્નમને પૂછીશું; ‘શું તું ભરાઇ ગઇ ?’[૩૭૪] તે કહેશે; ‘શું હજુ વધારે છે ?’[૩૭૫] (૩૦) અને જન્નત પરહેઝગારોની પાસે લાવવામાં આવશે કે (પછી તે) દૂર નહિ થાય[૩૭૬] (૩૧) આ છે તે જેનો તમને વાયદો અપાય છે,[૩૭૭] દરેક કેન્દ્રિત થનાર સંભાળનાર માટે[૩૭૮] (૩૨) જે રહમાનથી (તેને) જોયા વગર ડર્યો અને કેન્દ્રિત થનાર દિલ લાવ્યો[૩૭૯] (૩૩) તેમને કહેવામાં આવશે કે; જન્નતમાં સલામતી સાથે પ્રવેશો[૩૮૦] આ હમેશાં રહેનાર દિવસ છે[૩૮૧] (૩૪) તેમની માટે તેમાં જે ઇચ્છે તે છે અને અમારી પાસે એનાથી પણ વધારે છે[૩૮૨] (૩૫) અને એમનાથી પહેલાં[૩૮૩] અમે કેટલાં જુથો નો વિનાશ કર્યો કે જેઓ પકડ કરવામાં એમના કરતાં વધારે સખત હતાં[૩૮૪] તો (તેમણે) શહેરોમાં પ્રયત્નો કર્યા[૩૮૫] કે છે ક્યાંક નાસી છુટવાનું સ્થાન ?[૩૮૬] (૩૬) બેશક જે**

ફરિશ્તાઓને એવા સમયે તેની પાસે આવવું પડે અને તેમને એનાથી તકલીફ થાય. એ ફરિશ્તાઓ માણસ ની દરેક વાત લખે છે એટલે સુધી કે માંદગી સમયના હુંકારા પણ લખે છે અને એવું પણ કહેવાયું છે કે માત્ર તે વાતો જ લખે છે જેમાં અજર અને સવાબ તથા પકડ અને અઝાબ લાગુ પડતાં હોય. ઇમામ બગવીએ એક હદીષ બયાન કરી છે કે જ્યારે માણસ એક નેકી કરે છે જ્યારે જમણી બાજુવાળો ફરિશ્તો દસ નેકીઓ લખે છે અને જ્યારે ગુન્હો કરે છે ત્યારે જમણી બાજુવાળો ફરિશ્તો ડાબી બાજુવાળા ફરિશ્તાને કહે છે કે; હજુ રાહ જો કદાચ એ માણસ તવબહ ઇસ્તિગફાર કરી લે.

હશ્રનો ઇન્કાર કરનારાઓને રદિયો આપ્યા પછી અને પોતાની કુદરત અને ઇલ્મની દલીલો તેમની ઉપર સ્થાપિત કરી દીધા પછી તેમને કહેવામાં આવે છે કે તેઓ જે વસ્તુનો ઇન્કાર કરે છે તે નજીકમાં જ તેમના મૃત્યુ અને કયામત સમયે તેમને લાગુ થવાની જ છે.

૩૫૭. જે બુધ્ધિ અને ઇન્દ્રીઓને વ્યર્થ અને બેકાર બનાવી નાંખે છે.

૩૫૮. હક્ક (સત્ય) નો મતલબ યા તો મૃત્યુની હકીકત છે યા આખેરતની બાબત જેને માનવી પોતે દેખતો હોય છે અથવા કર્મોનાં પરિણામ સારાં કે નરસાં. અને સકરાત સમયે મરનારને કહેવામાં આવે છે કે...

૩૫૯. હશ્ર માટે.

૩૬૦. જેનો વાયદો કાફિરોને અલ્લાહ તઆલાએ આપ્યો હતો.

૩૬૧. ફરિશ્તો જે તેને મહશર તરફ હાંકશે.

૩૬૨. જે તેના અમલોની ગવાહી આપશે. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ

لَذِكْرٰى لِمَنْ كَانَ لَهٗ قَلْبٌ اَوْ اَلْقَى السَّمْعَ وَهُوَ
شَهِيْدٌ ﴿٣٧﴾ وَلَقَدْ خَلَقْنَا السَّمٰوٰتِ وَالْاَرْضَ وَمَا
بَيْنَهُمَا فِيْ سِتَّةِ اَيَّامٍ وَّمَا مَسَّنَا مِنْ لُّغُوْبٍ ﴿٣٨﴾
فَاصْبِرْ عَلٰى مَا يَقُوْلُوْنَ وَسَبِّحْ بِحَمْدِ رَبِّكَ قَبْلَ
طُلُوْعِ الشَّمْسِ وَقَبْلَ الْغُرُوْبِ ﴿٣٩﴾ وَمِنَ الَّيْلِ
فَسَبِّحْهُ وَاَدْبَارَ السُّجُوْدِ ﴿٤٠﴾ وَاسْتَمِعْ يَوْمَ يُنَادِ الْمُنَادِ
مِنْ مَّكَانٍ قَرِيْبٍ ﴿٤١﴾ يَّوْمَ يَسْمَعُوْنَ الصَّيْحَةَ بِالْحَقِّ
ذٰلِكَ يَوْمُ الْخُرُوْجِ ﴿٤٢﴾ اِنَّا نَحْنُ نُحْيٖ وَنُمِيْتُ وَاِلَيْنَا
الْمَصِيْرُ ﴿٤٣﴾ يَوْمَ تَشَقَّقُ الْاَرْضُ عَنْهُمْ سِرَاعًا ذٰلِكَ
حَشْرٌ عَلَيْنَا يَسِيْرٌ ﴿٤٤﴾ نَحْنُ اَعْلَمُ بِمَا يَقُوْلُوْنَ وَمَاۤ اَنْتَ
عَلَيْهِمْ بِجَبَّارٍ فَذَكِّرْ بِالْقُرْاٰنِ مَنْ يَّخَافُ وَعِيْدِ ﴿٤٥﴾ ع

**હૃદય ધરાવતો હોય[૩૮૭] તેના માટે આમાં નસીહત છે અથવા જે કાન લગાડે[૩૮૮] અથવા જે ધ્યાન આપે (તેના માટે) (૩૭) અને બેશક અમે આકાશો અને ધરતી અને જે કંઇ એમની વચમાં છે તે તમામ છ દિવસમાં બનાવ્યું અને થાક અમારી પાસે આવ્યો નહિ[૩૮૯] (૩૮) તો એમની વાતો બદલ સબર કરો અને પોતાના પરવરદિગારના વખાણ કરીને તેની પવિત્રતા બોલો સૂર્ય ઉદય થાય ત્યાર પહેલાં અને અસ્ત થતાં પહેલાં[૩૯૦] (૩૯) અને થોડીક રાત વિત્યે તેની તસ્બીહ કરો[૩૯૧] અને નમાઝો પછી[૩૯૨] (૪૦) અને કાન લગાડીને સાંભળો. જે દિવસે એક પોકારનાર એક નજીકના સ્થળેથી[૩૯૩] પોકારશે[૩૯૪] (૪૧) જે દિવસે સત્ય સાથે ગર્જના સાંભળશે[૩૯૫] તે દિવસ છે કબરોમાંથી બહાર નીકળવાનો (૪૨) બેશક અમે જ જીવાડીએ છીએ અને અમે જ મૃત્યુ આપીએ છીએ અને અમારી તરફ જ પાછું ફરવાનું છે[૩૯૬] (૪૩) જે દિવસે જમીન તેમની ઉપરથી ફાટી જશે તો જલ્દી કરતા નીકળશે.[૩૯૭] આ હશ્ર છે (જે) અમારા માટે સહેલો (છે) (૪૪) જે તેઓ કહી રહ્યા છે તે અમે ખૂબ જાણીએ છીએ.[૩૯૮] અને તમે કંઇ એમની ઉપર બળજબરી કરનાર નથી,[૩૯૯] તો જે મારી ધમકીથી ડરતો હોય તેને કુરઆન દ્વારા નસીહત કરો (૪૫)**

ફરમાવ્યું કે; હાંકનાર તો ફરિશ્તો હશે અને સાક્ષી તેનો પોતાનો નફસ. ઝહાકનું કહેવું છે કે; હાંકનાર ફરિશ્તો છે અને સાક્ષી પોતાના શરીરના અવયવો હાથે પગ વિગેરે. હઝરત ઉસ્માન ગની રદીયલ્લાહુ તઆલા અન્હુએ મિમ્બર પરથી ફરમાવ્યું; હાંકનાર પણ ફરિશ્તો છે અને ગવાહ પણ ફરિશ્તો (જુમલ). પછી કાફિરને કહેવાશે......

૩૬૩. દુનિયામાં.

૩૬૪. જે તારા હૃદય કાનો અને આંખો પર પડેલો હતો.

૩૬૫. તો આજે તે વસ્તુઓને દેખી રહ્યો છે જેનો દુનિયામાં ઇન્કાર કરતો હતો.

૩૬૬. જે તેના આમાલ લખવા અને તેની સાક્ષી આપવા નિયુક્ત થએલો છે. (મદારિક, ખાઝિન)

૩૬૭. એનું આમાલનામું.

૩૬૮. દીનમાં.

૩૬૯. જે દુનિયામાં તેના પર છવાએલો હતો.

૩૭૦. શયતાન તરફથી આ વાત કાફિરના જવાબરૂપે કહેવાશે. કાફિર જ્યારે તેને જહન્નમમાં નાખવામાં આવશે ત્યારે કહેશે; અય પરવરદિગાર ! મને શયતાને ભટકાવી દીધો હતો. ત્યારે શયતાન કહેશે કે મેં એને ગુમરાહ કર્યો નથી.

૩૭૧. મેં એને ગુમરાહી તરફ બોલાવ્યો અને એણે તે સ્વીકારી લીધી. ત્યારે અલ્લાહ ફરમાવશે...

૩૭૨. કે બદલો પામવાના સ્થળે અને હિસાબના સ્થાને વાદવિવાદ કરવાથી કશો લાભ થવાનો નથી.

૩૭૩. પોતાની કિતાબોમાં અને પોતાના રસૂલના મોઢેથી. તમારા માટે કશું બહાનું બાકી રહેવા દીધું નથી.

૩૭૪. અલ્લાહ તઆલાએ જહન્નમને વાયદો કરેલો છે કે તેને માનવીઓ અને જિન્નાત વડે ભરી દેશે. તે વાયદાની તપાસ માટે જહન્નમને આ પ્રશ્ન પૂછવામાં આવશે.

૩૭૫. આનો અર્થ એવો પણ થઇ શકે છે કે હવે મારામાં ગુંજાઇશ નથી હું ભરાઇ ગઇ છું અને એવો અર્થ પણ થઇ શકે છે કે હજુ સમાવી શકાશે.

૩૭૬. અર્શની જમણી બાજુ જ્યાંથી બધા મહશરવાળાઓ તેને દેખશે અને તેમને કહેવાશે.

૩૭૭. રસૂલો મારફત દુનિયામાં.

૩૭૮. કેન્દ્રિત થનારનો મતલબ તે વ્યક્તિ છે જે ગુન્હાઓ ત્યજીને આજ્ઞાઓનું પાલન કરવા માંડે સઇદ બિન મુસય્યબે કહ્યું છે કે; 'અવ્વાબ' (કેન્દ્રિત થનાર) તે છે જે તવબહ કરે અને પછી જો તેનાથી ગુન્હો થઇ જાય તો પાછો ફરીવાર તવબહ કરે અને 'હફીઝ' (સંભાળનાર) તે છે જે અલ્લાહના હુક્મનો ખ્યાલ રાખે. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું કે; જે પોતાને ગુન્હાઓથી જાળવે અને તવબહ કરે અને એવું પણ કહેવાયું છે કે જે અલ્લાહના હક્કોનુ રક્ષણ કરે અને એવું પણ કહેવાયું છે કે જે આજ્ઞાઓનું પાલન કરે અલ્લાહ રસૂલના આદેશો ને બજાવી લાવે અને પોતાના નફસની સંભાળ રાખે અર્થાત એક શ્વાસ જેટલી વાર પણ અલ્લાહની યાદથી ગાફિલ થાય નહિ (તે અવ્વાબ અને મુનીબ છે).

૩૭૯. અર્થાત નિખાલસ આજ્ઞાનુ પાલન કરનાર સાચી માન્યતાઓ ધરાવનારૂં દિલ.

૩૮૦. નિર્ભયપણે શાંતિની સાથે. ન તો તમને અઝાબ થાય ન તમારી નેઅમતો સમાપ્ત થાય.

૩૮૧. હવે ફના થવાનું કે મરવાનું નથી.

૩૮૨. તેઓ જે માંગે તે. અને તે અલ્લાહનો દીદાર તેમ જ રબ્બાની તજલ્લી છે જેના વડે દારે કરામતમાં પ્રત્યેક જુમ્આના દિવસે પાવન કરવામાં આવશે.

૩૮૩. અર્થાત આપના સમયના કાફિરોથી પહેલાં.

૩૮૪. અર્થાત તે ઉમ્મતો આમનાથી વધારે તાકાતવાન અને જબરદસ્ત હતી.

૩૮૫. અને દરેક સ્થાને ઢુંઢમાં ફરી વળ્યા.

૩૮૬. મૃત્યુ અને અલ્લાહના હુક્મથી. પણ કોઇ એવું સ્થાન મળ્યું નહિ.

૩૮૭. સમજદાર દિલ. શિબ્લીએ કહ્યું છે કે; કુરઆનની નસીહતોથી લાભ મેળવવા માટે હાજર હૃદય જોઇએ જેમાં આંખના પલકારા જેટલી વાર માટે પણ ગફલત આવતી ન હોય.

૩૮૮. કુરઆન અને નસીહત પર.

૩૮૯. **શાને નુઝૂલ** :- તફસીરકારોએ કહ્યું છે કે આ આયત યહૂદીઓને રદિયો આપવા ઉતરી જેઓ કહેતા હતા કે અલ્લાહ તઆલાએ આકાશ ધરતી અને તેમની વચ્ચેની સૃષ્ટિને છ દિવસોમાં સર્જી જેમાંથી પહેલો દિવસ રવીવાર છે અને છેલ્લો દિવસ શુક્રવાર, પછી (મુઆઝલ્લાહ) તે થાકી ગયો એટલે શનિવાર ના રોજ તેણે અર્શ પર સૂઇને આરામ કર્યો. આ આયતમાં તેમને રદિયો અપાયો છે કે અલ્લાહ તઆલા થાકવાથી પર છે, તે તો એક પળવારમાં સમગ્ર જગતનું સર્જન કરવાની શક્તિ ધરાવે છે તે દરેક વસ્તુને બુધ્ધિ અને રહસ્યના તકાદા અનુસાર અસ્તિત્વ આપે છે. અલ્લાહની શાનમાં યહૂદીઓની એ વાતે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને ખૂબ અણગમો ઉપજાવ્યો અને ક્રોધના કારણે મુબારક ચહેરા પર

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૪૦૦]**

**કસમ તેમની જેઓ વંખેરીને ઉડાડનાર[૪૦૧] (૧) પછી વજન ઉંચકનાર[૪૦૨] (૨) પછી ધીમે ચાલનાર[૪૦૩] (૩) પછી હુકમ અનુસાર વહેંચણી કરનાર (છે)[૪૦૪] (૪) બેશક ! જે વાતનો તમને વાયદો અપાય છે[૪૦૫] તે અવશ્ય સત્ય છે (૫) અને બેશક ! ન્યાય જરૂર થવાનો છે[૪૦૬] (૬) શૃંગારિત આકાશના સોગંદ[૪૦૭] (૭) તમે વિરોધાભાસી વાતમાં છો[૪૦૮] (૮) આ કુરઆન વડે તેને જ ઉંધાટવામાં આવે છે જેના ભાગ્યમાં જ ઉંધુ થવાનું હોય[૪૦૯] (૯) મનથી ઉપજાવી કાઢનારાઓ માર્યા જાય (૧૦) જેઓ નશામાં (ભાન) ભૂલેલા છે[૪૧૦] (૧૧) પૂછે છે ;[૪૧૧] ન્યાય નો દિવસ ક્યારે આવશે ?'[૪૧૨] (૧૨) તે દિવસે આવશે જે દિવસે તેઓ આગ પર તપાવવામાં આવશે[૪૧૩] (૧૩) (અને કહેવામાં આવશે) ; 'ચાખો તમારો ફિત્નો આ છે તે જેની તમને ઉતાવળ હતી[૪૧૪]' (૧૪) બેશક ! પરહેઝગારો બગીચાઓ અને ઝરણાઓમાં છે[૪૧૫] (૧૫) પોતાના રબ ની દેણો લઇને, બેશક ! તેઓ એનાથી પહેલાં નેક હતા[૪૧૬] (૧૬) તેઓ રાત્રે ઓછું ઊંઘતા (હતા)[૪૧૭] (૧૭)**

حٰمٓ ٢٦ — الذّٰرِيٰت ٥١

سُورَةُ الذّٰرِيٰتِ مَكِّيَّةٌ — بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
وَالذّٰرِيٰتِ ذَرْوًا ﴿١﴾ فَالْحٰمِلٰتِ وِقْرًا ﴿٢﴾ فَالْجٰرِيٰتِ
يُسْرًا ﴿٣﴾ فَالْمُقَسِّمٰتِ اَمْرًا ﴿٤﴾ اِنَّمَا تُوْعَدُوْنَ لَصَادِقٌ ﴿٥﴾
وَّاِنَّ الدِّيْنَ لَوَاقِعٌ ﴿٦﴾ وَالسَّمَآءِ ذَاتِ الْحُبُكِ ﴿٧﴾ اِنَّكُمْ
لَفِيْ قَوْلٍ مُّخْتَلِفٍ ﴿٨﴾ يُّؤْفَكُ عَنْهُ مَنْ اُفِكَ ﴿٩﴾ قُتِلَ
الْخَرّٰصُوْنَ ﴿١٠﴾ الَّذِيْنَ هُمْ فِيْ غَمْرَةٍ سَاهُوْنَ ﴿١١﴾ يَسْـَٔلُوْنَ
اَيَّانَ يَوْمُ الدِّيْنِ ﴿١٢﴾ يَوْمَ هُمْ عَلَى النَّارِ يُفْتَنُوْنَ ﴿١٣﴾
ذُوْقُوْا فِتْنَتَكُمْ هٰذَا الَّذِيْ كُنْتُمْ بِهٖ تَسْتَعْجِلُوْنَ ﴿١٤﴾ اِنَّ
الْمُتَّقِيْنَ فِيْ جَنّٰتٍ وَّعُيُوْنٍ ﴿١٥﴾ اٰخِذِيْنَ مَآ اٰتٰىهُمْ
رَبُّهُمْ اِنَّهُمْ كَانُوْا قَبْلَ ذٰلِكَ مُحْسِنِيْنَ ﴿١٦﴾ كَانُوْا قَلِيْلًا مِّنَ
الَّيْلِ مَا يَهْجَعُوْنَ ﴿١٧﴾ وَبِالْاَسْحَارِ هُمْ يَسْتَغْفِرُوْنَ ﴿١٨﴾

લાલશ છવાઇ ગઇ ત્યારે અલલાહ તઆલાએ આપને તસલ્લી આપી અને ફરમાવ્યું...

૩૯૦. અર્થાત ફજર, ઝોહર અને અસર વખતે.

૩૯૧. અર્થાત મગરિબ, ઇશા અને તહજ્જુદ સમયે.

૩૯૨. **હદીષ** :- હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાએ કહ્યું છે કે; સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે બધી જ નમાઝો પછી તસ્બીહ પઢવાનો હુક્મ કરેલો છે. (બુખારી)

**હદીષ** :- હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું છે કે જે માણસ દરેક નમાઝ પછી ૩૩ વખત 'સુબ્હાનલ્લાહ' ૩૩ વખત 'અલ્હમ્દુ લિલ્લાહ' અને ૩૩ વખત 'અલ્લાહુ અકબર' અને એક વખત 'લાઇલાહ ઇલ્લલ્લાહુ વહદહૂ લાશરીક લહૂ લહુલ મુલ્કુ વલહુલ હમ્દુ વહુવ અલા કુલ્લે શયઇન કદીર' પઢશે તેના ગુન્હાઓ જો સમુદ્રના ફીણ જેટલા હશે તો પણ માફ કરી દેવામાં આવશે. (મુસ્લિમ શરીફ)

૩૯૩. અર્થાત હઝરત ઇસરાફીલ અલયહિસ્સલામ.

૩૯૪. અર્થાત બયતુલ મુકદ્દસના સખરા (ભેખડ) પરથી જે ધરતીમાંથી આકાશ તરફ બધાંથી નજીક નું સ્થળ છે. હઝરત ઇસરાફીલ અલયહિસ્સલામનો પોકાર એ મુજબનો હશે કે; અય કહોવાઇ ગએલાં હાડકાંઓ ! અય વિખરાઇ ગએલા સાંધાઓ ! અય ફેંદાઇ ગએલાં માંસો ! ગુંચવાય ગએલા વાળો ! અલ્લાહ તઆલા તમને ફેંસલા માટે ભેગાં થવાનો હુક્મ આપે છે.

૩૯૫. બધા જ લોકો. એનો મતલબ બીજી વારનું સૂર છે.

૩૯૬. આખેરતમાં.

અને પાછલી રાત્રે ગુન્હાઓની માફી માંગતા (હતા)[૪૧૮] (૧૮) અને તેમના માલ (દોલત) માં ભિક્ષુક અને બેનસીબનો હક્ક હતો[૪૧૯] (૧૯) અને શ્રધ્ધાળુઓ માટે પૃથ્વીમાં ચિન્હો છે[૪૨૦] (૨૦) અને તમારી પોતાની અંદર.[૪૨૧] તો શું તમને દેખાતું નથી ? (૨૧) અને આકાશ માં તમારી રોજી છે[૪૨૨] અને તે (છે) જેનો તમને વાયદો અપાય છે[૪૨૩] (૨૨) તો કસમ રબની આસ્માન અને પૃથ્વીના ! બેશક ! આ કુરઆન સત્ય છે તેવી જ ભાષામાં જે તમે બોલો છો (૨૩) અય મહબૂબ ! શું તમારી પાસે ઇબ્રાહીમના આબરૂદાર મેહમાનોની ખબર આવી ?[૪૨૪] (૨૪) જ્યારે તેઓ તેની પાસે આવીને બોલ્યા; સલામ. કહ્યું; સલામ. અજાણ્યા માણસો છે[૪૨૫] (૨૫) પછી પોતાના ઘેર ગયો તો એક તાજું વાછરડું લઇ આવ્યો[૪૨૬] (૨૬) પછી તેને તેઓની સ્હામે મૂક્યું[૪૨૭] (અને) કહ્યું; શું તમે ખાતા નથી ? (૨૭) તો પોતાના જીવમાં તેમનાથી બ્હીવા માંડયો.[૪૨૮] તેઓ બોલ્યા; બ્હીશો નહિ.[૪૨૯] અને તેને એક ઇલ્મવાળા દીકરાની ખુશખબર આપી (૨૮) તે બદલ તેની પત્ની[૪૩૦] બુમો પાડતી આવી પછી પોતાનું માથું ઠોકયું અને બોલી; શું વૃધ્ધા વાંઝણી ?[૪૩૧] (૨૯) તેમણે કહ્યું; તમારા પરવરદિગારે એવું જ ફરમાવી દીધું છે અને તે જ હિકમતવાળો જાણકાર છે (૩૦)



وَفِيْٓ اَمْوَالِهِمْ حَقٌّ لِّلسَّآئِلِ وَالْمَحْرُوْمِ (١٩) وَفِي الْاَرْضِ
اٰيٰتٌ لِّلْمُوْقِنِيْنَ (٢٠) وَفِيْٓ اَنْفُسِكُمْ ۚ اَفَلَا تُبْصِرُوْنَ (٢١)
وَفِي السَّمَآءِ رِزْقُكُمْ وَمَا تُوْعَدُوْنَ (٢٢) فَوَرَبِّ السَّمَآءِ
وَالْاَرْضِ اِنَّهٗ لَحَقٌّ مِّثْلَ مَآ اَنَّكُمْ تَنْطِقُوْنَ (٢٣) هَلْ اَتٰىكَ
حَدِيْثُ ضَيْفِ اِبْرٰهِيْمَ الْمُكْرَمِيْنَ (٢٤) اِذْ دَخَلُوْا
عَلَيْهِ فَقَالُوْا سَلٰمًا ۖ قَالَ سَلٰمٌ ۚ قَوْمٌ مُّنْكَرُوْنَ (٢٥)
فَرَاغَ اِلٰٓى اَهْلِهٖ فَجَآءَ بِعِجْلٍ سَمِيْنٍ (٢٦) فَقَرَّبَهٗٓ اِلَيْهِمْ
قَالَ اَلَا تَاْكُلُوْنَ (٢٧) فَاَوْجَسَ مِنْهُمْ خِيْفَةً ۖ قَالُوْا لَا
تَخَفْ ۖ وَبَشَّرُوْهُ بِغُلٰمٍ عَلِيْمٍ (٢٨) فَاَقْبَلَتِ امْرَاَتُهٗ فِيْ صَرَّةٍ
فَصَكَّتْ وَجْهَهَا وَقَالَتْ عَجُوْزٌ عَقِيْمٌ (٢٩) قَالُوْا كَذٰلِكِ ۙ
قَالَ رَبُّكِ ۖ اِنَّهٗ هُوَ الْحَكِيْمُ الْعَلِيْمُ (٣٠)

૩૯૭. મડદાંઓ મહેશર તરફ.

૩૯૮. અર્થાત કુરેશના કાફિરો.

૩૯૯. કે એમને બળજબરીથી ઇસ્લામમાં દાખલ કરો આપનું કામ તો નિમંત્રણ આપી દેવાનું અને સમજાવી દેવાનુ છે. (આ હુક્મ જેહાદનો હુક્મ ઉતરતાં પહેલાં હતો).

૪૦૦. સૂરએ ઝારિયાત મક્કામાં ઉતરેલી છે. એમાં ત્રણ રૂકૂઅ ૬૦ આયતો, ૩૬૦ શબ્દો અને ૧૨૩૯ અક્ષરો છે.

૪૦૧. અર્થાત તે પવન જે ધૂળ વિગેરેને ઉડાડનાર છે.

૪૦૨. અર્થાત તે વાદળાંઓ જે પાણી ઉંચકે છે.

૪૦૩. તે વહાણો જે પાણીમાં સરળતાથી વહે છે.

૪૦૪. અર્થાત ફરિશ્તાઓનાં તે ટોળાંઓ જેઓ અલ્લાહના હુક્મ મુજબ વરસાદ અને રોજી વિગેરે ની વહેંચણી કરે છે અને જેમને અલ્લાહ તઆલાએ 'મુદબ્બિરાતુલ અમ્ર' (કાર્યોની વ્યવસ્થા કરનાર) બનાવ્યા છે અને જગતમાં વ્યવસ્થા તેમ જ હેરફેર કરવાનો અધિકાર તેમને આપ્યો છે. અમુક તફસીરકારો નું કહેવું છે કે આ બધા જ ગુણો પવનના છે કે તે ધૂળ પણ ઉડાડે છે વાદળાંઓ પણ ઉંચકે છે અને તેમને ઉંચકીને સરળતાથી ચાલે પણ છે પછી અલ્લાહ તઆલાના શહેરોમાં તેના હુક્મ મુજબ વરસાદની વહેંચણી કરે છે, સોગંદનો મૂળ આશય તે વસ્તુની શ્રેષ્ઠતા અને મહાનતા વર્ણવવાનો હોય છે કારણ કે તે વસ્તુઓ અલ્લાહની કુદરતની કમાલિયત પ્રતિ નિર્દેશ કરનારી હોય છે બુધ્ધિમાનોને તક આપવામાં આવે છે કે તેઓ એમાં ચિંતન કરીને

હશ્ર અને કર્મોની ફળ પ્રાપ્તિ બાબત દલીલ કરે કે જે સર્વશક્તિમાન આવાં આશ્ચર્યજનક કામો કરવા શક્તિ ધરાવે છે તે પોતાની સર્જાવેલી વસ્તુઓનો નાશ કરીને તેમને ફરીવાર અસ્તિત્વ આપવા માટે પણ જરૂર શક્તિમાન છે.

૪૦૫. અર્થાત હશ્ર અને કર્મોની ફળ પ્રાપ્તિ.

૪૦૬. અને હિસાબ પછી નેકી બદીનું ફળ જરૂર મળવાનું છે.

૪૦૭. જેને તારાઓ વડે શણગાર્યું છે કે અય મક્કાવાસીઓ ! નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અને કુરઆને કરીમ વિષે.....

૪૦૮. કદી રસૂલને જાદુગર કહો છો, કદી શાયર કહો છો, કદી જ્યોતિષી તો કદી ગાંડા કહો છો (મુઆઝલ્લાહ) એ જ રીતે કુરઆને કરીમને પણ કદી જાદુ કદી શાયરી કદી જ્યોતિષ શાસ્ત્ર કદી આગલાઓની વાર્તાઓ કહો છો.

૪૦૯. અને જે મહરૂમે અઝલી છે તે જ આ નેઅમતથી વંચિત રહે છે અને ભટકાવનારાઓની જાળમાં ફસાય જાય છે. હુઝૂરના સમયમાં જ્યારે કોઇ માણસને કાફિરો ઇમાન લાવવાનો ઇરાદો કરતાં દેખતા ત્યારે તેને કહેતા હતા કે; તેમની પાસે શા માટે જાય છે ? તેઓ તો શાયર છે જાદુગર છે જૂઠા છે. (મુઆઝલ્લાહ) અને એ જ રીતે કુરઆનને શાયરી જાદુ અને જૂઠ કહેતા હતા.

૪૧૦. અર્થાત જહાલતના નશામાં આખેરતને ભૂલી બેઠા છે.

૪૧૧. નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને મશ્કરી રૂપે.

૪૧૨. તેમને જવાબ આપતાં કહેવાય છે...

૪૧૩. અને તેમને અઝાબ આપવામાં આવશે.

૪૧૪. અને દુનિયામાં મશ્કરી રૂપે કહ્યા કરતા હતા કે તે અઝાબ જલ્દી લાવો જેનો વાયદો આપો છો.

૪૧૫. અર્થાત પોતાના રબની નેઅમતમાં છે બગીચાઓમાં જેમાં સરસ ઝરણાઓ વહે છે.

૪૧૬. દુનિયામાં.

૪૧૭. અને રાતનો વધુ ભાગ નમાઝમાં પસાર કરતા હતા.

૪૧૮. અર્થાત રાત તહજ્જુદ અને (ઇબાદત માટે) જાગવામાં પસાર કરી નાખે છે અને બહું જ થોડું ઊંઘે છે અને રાત્રીનો પાછલો પહોર ઇસ્તેગફારમાં ગુજારે છે અને એટલું સૂવામાં પણ ગુન્હો સમજે છે.

૪૧૯. ભિક્ષુક તેને કહે છે જે પોતાની જરૂરીયાત માટે લોકો પાસે માંગે છે અને 'મહરૂમ' (બેનસીબ) તે છે જે જરૂરીયાતવાળો તો હોય છે પણ શરમના કારણે કોઇની પાસે માંગતો નથી.

૪૨૦. જે અલ્લાહ તઆલાની વહદાનિયત અને તેની કુદરત અને હિકમત પ્રતિ નિર્દેશ કરે છે.

૪૨૧. તમારી પેદાઇશમાં અને તમારી પોતાની અંદર થતા ફેરફારોમાં અને તમારા અંતર અને બાહયમાં અલ્લાહ તઆલાની કુદરતનાં એવાં એવાં આશ્ચર્યજનક ચિન્હો છે જેનાથી બંદાને અલ્લાહની કુદરત જણાય જાય છે.

૪૨૨. કે ત્યાંથી જ વરસાદ વરસાવીને જમીનમાંથી પેદાવાર કાઢવામાં આવે છે.

૪૨૩. આખેરતના સવાબ અને અઝાબનો કે એ બધું જ આકાશમાં લખાએલું છે.

૪૨૪. જેઓ દસ કે બાર ફરિશ્તાઓ હતા.

૪૨૫. આ વાત તેમણે પોતાના દિલમાં કહી હતી.

૪૨૬. સરસ તળેલું.

૪૨૭. કે તેઓ ખાય. અને એ યજમાનીની ફરજોમાંથી છે કે મહેમાન સામે ખાવાનું રજુ કરે. પણ જ્યારે તે ફરિશ્તાઓએ ખાધું નહિ ત્યારે હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામે.....

૪૨૮. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું કે; આપના દિલમાં વાત આવી કે તેઓ ફરિશ્તાઓ છે અને અઝાબ માટે મોકલવામાં આવ્યા છે.

૪૨૯. અમે અલ્લાહ તઆલા તરફથી મોકલવામાં આવ્યા છે.

૪૩૦. અર્થાત હઝરત સારાહ.

૪૩૧. જેને કદી બાળક જન્મયું નથી અને ૯૦ અથવા ૯૯ ની ઉમર થઇ ગઇ છે. મતલબ એ હતો કે આટલી ઉંમર અને આવી હાલતમાં બાળક જન્મવું ખૂબ આશ્ચર્યજનક બાબત છે.